# મારા ઉપકારકો



સ્વામી સચ્ચિદાનંદ

# મારા ઉપકારકો

## સ્વામી સચ્ચિદાનંદ

ગુર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ 380 001

**MARA UPAKARAKO**
Articles by Swami Sachchidanand

Published by Gurjar Prakashan,
Ahmedabad: 380 006 (India)

© Swami Sachchidanand

First Published: 2004
This ePub edition: 2015

ISBN: 978-93-5175-068-0

Rs. 35.00

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

eBook by

www.e-Shabda.com

# અર્પણ

જેમનાં નામ નથી લખી શકાયાં
પણ જેમણે મારા ઉપર ઘણા ઘણા ઉપકારો કર્યા છે
તેવા અનેક અનામી ઉપકારકોને.

# ભૂમિકા

માણસનું મૃત્યુ નજીક આવે એટલે કરી લેવા જેવાં કાર્યોમાં પોતાના ઉપકારકોનો આભાર માની લેવાનું કાર્ય વધુ મહત્ત્વનું છે. કોઈ માણસ એવો નહિ હોય કે જેના પર કોઈ ને કોઈએ ઉપકાર ન કર્યો હોય. માણસની ખરી મહત્તા એ છે કે તે પોતાના ઉપકારકોને કેટલો યાદ કરે છે અને પોતાના વિરોધીને કેટલો માફ કરે છે. જે લોકો મરતાં પહેલાં પણ ઉપકારકોનો આભાર નથી માની શકતા તે કૃતઘ્ન છે. અને જે લોકો પોતાના વિરોધીઓને માફ નથી કરી શકતા તે ડંખીલા માણસ છે. હું હવે બોંતેરમું વર્ષ પાર કરી રહ્યો છું. કદાચ નફામાં જીવી રહ્યો છું. મને આશા ન હતી કે હું આટલું લાંબું જીવન જીવી શકીશ. મારા આ જીવનમાં મારા ઉપર ઉપકાર કરનારા અનેક માણસો મને મળ્યા છે. તે નામો એટલાં બધાં છે કે બધાં વિશે તો લખવું મુશ્કેલ છે. પણ તેમાંથી જે થોડાક લોકો યાદ આવ્યા તેમનો મેં અહીં આભાર માન્યો છે. આભાર માનવામાં પણ થોડાંક મૂલ્યો નિર્ધારિત કરાયાં છે.

1. જે લોકો લાંબા સમય સુધી કશી અપેક્ષા રાખ્યા વિના મારી કે આશ્રમની સેવા કરતા રહ્યા હોય તેમનો આભાર માનવો. જે લોકો કાંઈ ને કાંઈ અપેક્ષા રાખીને સેવા કરતા હોય તેમને જતા કરવા.

2. જે લોકોએ સંબંધ બગાડ્યા વિના સંબંધ સાચવ્યો હોય તેમને યાદ કરવા.

3. જેમણે ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી નિઃસ્વાર્થ સેવા કરી હોય તેમને યાદ કરવાં.

મારી સ્મૃતિ પ્રમાણે મેં મારા મુખ્ય ઉપકારકોની નોંધ લીધી છે. આ પ્રમાણે જે જે લોકો યાદ આવ્યાં તેમનો આભાર માન્યો છે. તેમાં એવું પણ બની શકે કે કોઈ ખાસ મહત્ત્વની વ્યક્તિ રહી ગઈ હોય તો નમ્રતાપૂર્વક ક્ષમા માગું છું. જો કોઈ વિગત સાથે મને જણાવશે અને યોગ્ય હશે તો નવી આવૃત્તિમાં તેમનો સમાવેશ કરવા પ્રયત્ન કરીશ. પુસ્તકમાં લખેલા બધા ઉપકારકો અને ન લખી શકાયેલા બીજા પણ અનેક ઉપકારકોને હું નમ્રતાપૂર્વક વંદન કરું છું અને તેમણે જીવનમાં મને જે સાથસહકાર આપ્યો તે બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. આભાર. તેમના સંબંધે લખવામાં કોઈ ભૂલ કે ગેરસમજ થઈ હોય તો જરૂર જણાવે કે જેથી નવી આવૃત્તિમાં સુધારો થઈ શકે. આશા છે આ પુસ્તક મારા જેવા બીજા પણ જે મરણની નજીક પહોંચ્યા છે તેમને કાંઈક પ્રેરણા આપશે.

પુસ્તકમાં ઘટના કરતાં ચિંતનનો અંશ વધારે છે. ખરી વાત તો એ છે કે ઘટનાના માધ્યમથી મેં મારા વિચારો—ચિંતન વ્યક્ત કર્યું છે. આ ચિંતન રાષ્ટ્રલક્ષી, ધર્મલક્ષી અને સમાજલક્ષી છે. વાચકોને કદાચ ઉપયોગી થશે તેવી આશા છે.

ગૂર્જર પ્રકાશનના શ્રી મનુભાઈ શાહ વર્ષોથી મારાં પુસ્તકો છાપી રહ્યા છે. આ પુસ્તક પણ તેમણે જ ઝડપથી છાપીને લોકો આગળ મૂક્યું છે તે બદલ આભાર.

પ્રો. ચિમનલાલ ત્રિવેદીની તબિયત હવે ઠીક નથી રહેતી તોપણ તેમણે બધાં પુસ્તકોની માફક આ પુસ્તકની પણ જોડણી વગેરે સુધારી પ્રૂફ જોયું છે, તે બદલ તેમનો પણ આભાર.

અંતમાં પરમકૃપાળુ પરમાત્માએ અવસાન પહેલાં ઉપકારકોને યાદ કરવાની બુદ્ધિ અને પ્રેરણા આપી તે બદલ તેમનો પણ આભાર.

સૌનો દાસાનુદાસ

**સ્વામી સચ્ચિદાનંદ**

14-1-2004, મકરસંક્રાંતિ

શ્રી ભક્તિનિકેતન આશ્રમ

દંતાલી-પેટલાદ, જિ. આણંદ

ગુજરાત 388450

(ફોન: 02697—252480)

# 1. મણિબહેન મોતીભાઈ પટેલ

મને લાગે છે કે મારા જીવન ઉપર વિશેષ ઉપકાર કરનાર કે સાથ-સહકાર આપનાર મહત્ત્વનાં માણસો વિશે કાંઈક લખવું જોઈએ. જોકે આમ તો હું મોટા ભાગે એકાકી જ રહ્યો છું. એટલે ગાઢ સંપર્કો ઓછા થયા છે. પણ જ્યારથી આશ્રમો બન્યા ત્યારથી ઇચ્છા-અનિચ્છાએ પણ સંપર્કો થતા રહ્યા છે. આશ્રમોની સાથે જ તમે જ્યારે કોઈ ને કોઈ પ્રવૃત્તિ કરો એટલે કાર્યકર્તાઓ જોઈએ જ. કાર્યકર્તા વિના પ્રવૃત્તિ ચલાવી શકાય નહિ. સારા કાર્યકર્તા મળ્યા હોય તો જ સારી રીતે પ્રવૃત્તિઓ કરી શકાય. મોટા ભાગે બધી સંસ્થાઓને પૈસા કરતાં પણ કાર્યકર્તાઓની બહુ મોટી ખોટ રહેતી હોય છે. સારા કાર્યકર્તા મળવા એ સૌથી દુર્લભ વસ્તુ છે.

મારા પક્ષે એક ઉધાર પાસું એ રહ્યું છે કે મેં કોઈને શિષ્ય બનાવ્યા નથી. જે લોકો મોટા પ્રમાણમાં શિષ્યો બનાવે છે તેમને સેવકોની કમી રહેતી નથી. ગુરુવાદી ઉપદેશોમાં ગુરુસેવા અને ગુરુની આજ્ઞાનું પાલન એ બે વાતો ઉપર જ વધુ ભાર મુકાય છે. ધીરેધીરે એવી રીતે બ્રેઇનવોશ કરવામાં આવે છે કે શિષ્યોને માત્ર ગુરુ જ દેખાય, તન-મન-ધન સર્વસ્વ સમર્પિત કરવાની વાતો વારંવાર મગજમાં ઠસાવવામાં આવે. એક વાર એક વૃદ્ધ સ્ત્રીએ નવી થયેલી શિષ્યાને ગુરુ સાથેના શારીરિક સંબંધને ગુરુપ્રસાદી સમજાવી પોતાને ધન્ય થવા કહ્યું હતું. મેં આ બધું બહુ જ નજીકથી જોયું હોવાથી મેં ગુરુપ્રથાનો જ વિરોધ કર્યો છે. આ ગુરુપ્રથાથી નુકસાન તો પારાવાર થયું છે, થાય છે, પણ ફાયદો ખાસ કાંઈ થયો દેખાતો નથી. સૌથી મોટું નુકસાન તો પ્રજામાં વિભાજન દ્વારા થાય છે. એટલે જે વસ્તુનો હું સૈદ્ધાંતિક વિરોધ કરું, તે જ વસ્તુને જીવનમાં કેવી રીતે સ્વીકારી શકાય? માત્ર ગૃહસ્થી શિષ્યોનો જ વિરોધ નથી કર્યો પણ સંન્યાસી શિષ્યો બનાવવાનો પણ વિરોધ કર્યો છે. કારણ કે મેં અનુભવ્યું અને જોયું છે કે સંન્યાસજીવન કૃત્રિમ છે, અકુદરતી છે. વાસનાના પ્રચંડ આવેગો અને લાગણીઓની તીવ્રતાને ઝીલવી-સમાવવી સરળ નથી. પણ માનો કે આ બધું તમે કરી શક્યા તોપણ તેનાથી શું પ્રાપ્ત થયું? ખરેખર તો જીવનભર આ બધા વંટોળિયા સામે ઝઝૂમવામાં જ તમારી શક્તિ ખર્ચાઈ જાય છે. અને છતાં પરાજય તો નિશ્ચિત જ છે. એટલા માટે મેં આ ગુરુપ્રથા સામે વિરોધ કર્યો છે.

આ વિરોધના કારણે મને સેવા કરનારા ગૃહસ્થ શિષ્યો નથી મળ્યા, તેમજ ઉત્તરાધિકારી થનારા અને મારું નામ રાખનારા સંન્યાસી શિષ્યો પણ નથી મળ્યા. બાકી ધાર્યું હોત તો આ બન્નેનો ઢગલો કરી શકાયો હોત. જ્યાં સુધી હું એકાકી, નિઃસ્પૃહ રહી વિચરણ કરતો હતો ત્યાં સુધી તો મારે કોઈની કશી જરૂર પણ ન હતી. પણ આશ્રમ બન્યા પછી સ્વાધીનતા અને પરાધીનતા બન્ને વધવા લાગી. સ્વાધીનતા એ અર્થમાં કે હવે મારે રહેવાનું પોતાનું સ્થાન હતું. કોઈ પારકા સ્થાનમાં ઓશિયાળા થઈને રહેવાની જરૂર ન હતી. મારો અનુભવ છે કે જેણે પોતાના વિચારો તથા આચારો સ્વતંત્ર રાખવા હોય અને તેને પ્રગટાવવા હોય તેણે પરાધીન રહેવું જોઈએ નહિ. પરાધીનતા અને વૈચારિક સ્વતંત્રતા બન્ને સાથે ન રહી શકે. આ અર્થમાં હું સ્વાધીનતા પ્રાપ્ત કરી શક્યો હતો, પણ સ્વાધીનતાની કિંમત ચૂકવવી પડતી હોય છે. તેની ઘણી ઘણી જવાબદારીઓ અદા કરવી પડતી હોય છે. ખાસ કરીને આર્થિક સ્થિતિ સારી હોવી જોઈએ. જો આર્થિક સ્થિતિ સારી ન હોય તો પછી લાચારી જ લાચારી ભોગવવાની રહે. પરમેશ્વરની મારા ઉપર અઢળક કૃપા રહી છે કે હજી સુધી તેણે કદી પણ આર્થિક લાચારી આપી નથી. હું વાપરી ન શકું તેટલી સધ્ધરતા તેણે મને જરૂર પ્રમાણે આપી છે. અને તે પણ વગર ભીખ માંગે. કોઈની પાસે હાથ લંબાવ્યા વિના જ તેણે મને ન્યાલ કર્યો છે. એક બીજી વસ્તુ પણ છે કે મેં મારી આવશ્યકતાઓ એટલી બધી સીમિત રાખી છે કે જે હોય તે જ વધુ થઈ પડે. પણ આશ્રમો કે જીવન માત્ર પૈસાથી જ નથી ચાલી શકતાં. જીવન માટે માણસોનો સાથ પણ જરૂરી છે. આ માણસોમાંથી જે જે મહત્ત્વનો ભાગ ભજવનારાં માણસો મને મળ્યાં તેમનો આભાર માનવા આ પુસ્તક લખું છું.

કશા જ ફંડફાળા વિના જ બે રૂમ, રસોડાનો આશ્રમ તૈયાર થઈ ગયો. પાયાથી માંડીને છેક સુધી મેં જાતે જ બધું કામ કર્યું હતું. કડિયા-સુથાર વગેરે આવી જાય પછી તેમની જરૂરની વસ્તુઓ ખરીદવા હું જાતે જ પેટલાદ જતો. ત્યારે ધૂળવાળો ગાડારસ્તો હતો, રિક્ષાનું નામ નહિ. બીજું કોઈ વાહન પણ ન હોય, કદાચ અઠવાડિયામાં એકાદ વાર કોઈ સુખી માણસ પેટલાદના રેલવે સ્ટેશને ઊતરે તો ઘોડાગાડી કરીને દંતાલી આવે. તે સિવાય કોઈ વાહન-વ્યવહાર નહિ, એટલે પગે ચાલીને હું પેટલાદ જાઉં. બજારમાં ફરીને જોઈતી

ચીજવસ્તુઓ લઈ આવું. બપોરનો એક વાગી જાય. મારી જાતે જ મગની છોતરાંવાળી દાળ અને ટિક્કડ (ઘઉંના જાડા રોટલા) બનાવીને જમું. કાશીમાં અને અહીં આવ્યા પછી પણ મેં વર્ષો સુધી માત્ર દાળ-રોટી જ ખાધી છે. શાક કે ભાતની વાત જ નહિ. એક જ વાર જમીને જાતે જ તપેલી વગેરે સાફ કરી નાખું. પછી થોડી વાર આરામ કરું. પછી જે હોય તે કામ કરું. બનતાં સુધી સાંજે જમું નહિ. દૂધ તો પ્રથમથી જ હું ખાસ લેતો નહિ. ચા-કોફીની તો વાત જ નહિ.

આશ્રમમાં હું એકલો જ રહું અને એકલો જ સૂઈ જાઉં. મને ખબર નહિ પણ ગામલોકો મારી વધુ ચિંતા કરે. ગામનો મારા પ્રત્યે બહુ જ પ્રેમ. ચિંતાનું કારણ પછીથી જાણવા મળ્યું. આશ્રમની બહાર એક કોઠાનું વૃક્ષ છે. લોકોની માન્યતા હતી કે તેમાં ચુડેલ રહે છે. મને તો કશી ખબર નહિ, પણ પછી ખબર પડી. જોકે આજે છત્રીસ વર્ષ થયાં, અહીં રહેતાં મેં કદી ચુડેલ જોઈ નથી. તોપણ કોઈ કોઈ વાર એવા કિસ્સા બની જાય કે આપણે વિચારતા થઈ જઈએ. એ કિસ્સા લખીને મારે લોકોને ડરતા કરવા નથી. એકાકી રહેવામાં બહુ મજા આવતી. નવરાશમાં ભજનો રચતો અને ગાતો. પણ પછી બે આવશ્યકતાઓ થઈઃ એક તો અવારનવાર મહેમાનો આવવા માંડ્યા. અને હું જ્યારે બેચાર દિવસ બહાર જાઉં ત્યારે આશ્રમ રેઢો ન રહે એટલા માટે કોઈ માણસની જરૂર પડી. ગામલોકોએ કહ્યું કે મહેમાનોને અમે વારાફરતી અમારે ઘેર જમવા લઈ જઈશું, પણ મને એ વ્યાવહારિક ન લાગ્યું. થોડા દિવસ તો આવું ચાલી શકે, પણ કાયમ ન ચાલે. અજાણ્યા ઘરે જમવા જનારને પણ સંકોચ થાય. એટલે હું મહેમાનો માટે પણ રસોઈ બનાવીને સૌને જમાડતો. ગામમાંથી એક જીવરામ ભગત રોજ રાત્રે સૂવા આવે, કાને બહેરા પણ માણસ બહુ સારા. તેમનું દામ્પત્ય બરાબર જામેલું નહિ, કારણ કે ભગત સપ્તાહોમાં ફર્યા કરતા, ઘરની કશી કાળજી રાખે નહિ. મોટા ભાગના આવા ભગતોનાં ઘર આર્થિક રીતે નબળાં રહેતાં હોય છે. કમાવા કરતાં ભજનમાં સમય વધુ વીતે. દિવસોના દિવસો, રાત-રાત ભજનમંડળીઓમાં કાઢે. ખેતી બરાબર ક્યાંથી થાય? બાળ-બચ્ચાંવાળી પત્ની કકળાટ કરે તે સ્વાભાવિક કહેવાય.

## મણિબહેન

હું સુણાવથી દંતાલી આવેલો. સુણાવ પૂરો ચાતુર્માસ કરેલો એટલે ગામલોકો સાથે સારો પરિચય થયેલો. તેમાં મણિબહેન મોતીભાઈ પટેલ, દિવાળીબહેન, ચંચળબહેન વગેરે અનેક બહેનોએ ખૂબ સેવા કરેલી. આ બધાં અવારનવાર દંતાલી આશ્રમે આવે. આખો દિવસ રહે અને સાફસૂફી કરે, બધું વ્યવસ્થિત ગોઠવે તથા સાંજે ચાલ્યાં જાય. હું પ્રથમથી જ આળસુ માણસ. એમ કહો કે એદી માણસ. મને ઘરકામ જરાય ન ગમે. આ બધી બહેનો જ આવીને બધું ઠીકઠાક કરી આપે. મારો અનુભવ છે કે પુરુષો પેઢી કે ફેક્ટરી ચલાવી શકે, ઘર ન ચલાવી શકે. ઘર તો બહેનો જ ચલાવે. પ્રત્યેક આશ્રમ કે સંસ્થાને બહેનોની ગરજ રહેતી જ હોય છે.

શરૂઆતમાં જરૂરી બધાં વાસણો મણિબહેન લઈ આવેલાં. તે વખતે પિત્તળનું પ્રચલન હતું, એટલે પિત્તળનાં વાસણો રહેતાં અને ત્યારે મારે એકને કેટલાં વાસણો જોઈએ?

મણિબહેન બહુ જ ઉદાર તથા તેટલાં જ સેવાભાવી. વળી ગામની બહેનો ઉપર પણ તેમનો તેટલો જ પ્રભાવ. બહેનોનું ટોળું લઈને આવે અને બધું કામકાજ કરીને બધાં વિદાય થાય. એમાં બન્યું એવું કે તેમના પતિ મોતીભાઈ દેવ થયા. મણિબહેન વિધવા થયાં. કદાચ ત્યારે તેમની ઉંમર પાંસઠ-સિત્તેરની હશે. મોતીભાઈને લકવાની અસર વર્ષો સુધી રહી. વર્ષો સુધી મણિબહેને પોતાના પતિની સેવા ભગવાન માનીને કરી. તેમની પ્રત્યેક ઇચ્છા પૂરી કરે. તેમને રસોઈ બનાવવાનો શોખ. રોજ દાળભાતની સાથે બે શાક જોઈએ. બધાં તેમને મોટાં બા, મોટાં બા કહીને માન આપે. તેમની ઇચ્છાથી અમે ચાર ધામની યાત્રાએ બસ લઈને ગયા. પૂરા 81 દિવસ આખા ભારતમાં ફર્યા. આટલી લાંબી યાત્રા એકસાથે ભાગ્યે જ કોઈએ કરી હશે. સાથે એક રસોઇયો લીધેલો, એકબે સેવકોપણ લીધેલા. તોપણ અમે બધાં રસોઈ વગેરેમાં મદદ કરીએ. સૌને જમાડીને પછી અમે જમીએ. ધર્મશાળામાં સૌને સુવાડીને પછી પગ આગળ વધેલી જગ્યામાં હું સૂઈ જાઉં. એક્યાશી દિવસનો કુલ ખર્ચ આવેલો પાંચસો દશ રૂપિયા અને ત્રેપન પૈસા.

સુણાવની પચીસેક બહેનો આવેલી. બધી વૈષ્ણવધર્મ પાળે. હું તેમની ભાવના પૂરી કરવા પ્રયત્ન કરું. ત્યારે પણ મને લાગતું કે કોઈની

ધાર્મિક ભાવનાને ઠેસ ન પહોંચાડવી, ભલે આપણે માનીએ કે ન માનીએ. ઈશ્વરકૃપાથી અમારી યાત્રા રંગે-ચંગે-આનંદે પૂરી થઈ. નજીક આવેલાં માણસો વધુ ને વધુ નજીક પણ આવી શકે છે અને દૂરથી દૂર પણ થઈ શકે છે. જો વ્યવહાર ઉત્તમ રહ્યો હોય તો નજીકતા વધી શકે છે. પણ જો વ્યવહાર બગડ્યો હોય તો દૂરથી દૂર પણ જઈ શકે છે. વ્યવહારયોગ જ ખરો યોગ છે. જેને આ વ્યવહારયોગ સિદ્ધ કરતાં આવડે તેનું જીવન સફળ થઈ શકે. તે યશસ્વી થઈ શકે છે.

યાત્રા પૂરી કર્યા પછી મણિબહેન વધુ ને વધુ આશ્રમમાં આવવા લાગ્યાં. હવે તેમને પતિની જવાબદારી ન હતી. આશ્રમમાં વૃદ્ધાશ્રમ શરૂ થયો અને રસોડાની બધી જવાબદારી તેમણે સંભાળી લીધી. તેઓ લગભગ બાણું વર્ષ સુધી જીવ્યાં. મૃત્યુના બે મહિના પહેલાં સુધી તેઓ કામ કરતાં રહ્યાં, તેઓ કદી પણ નવરાં ન બેસી રહે. સતત કામ કરતાં રહે અને લોકો પાસેથી કામ લેતાં રહે. તેઓ જ્યાં સુધી આશ્રમમાં રહ્યાં ત્યાં સુધી મારે કશી પણ ચિંતા કરવી પડતી નહિ. આવનાર સૌકોઈથી તેઓ પરિચિત હતાં. એટલે જેની જેવી યોગ્યતા હોય તેવું તેનું સ્વાગત કરતાં રહે. પ્રત્યેક આશ્રમનો રસોડાવિભાગ બહુ મહત્ત્વનો હોય છે. કોઈ ભૂખ્યું તો નથી જતું ને? તેની કાળજી રહેવી જોઈએ.

મણિબહેનની સૌથી મોટી સેવા સૂઈ ગામમાં થયેલી. અમે દુષ્કાળરાહત કૅમ્પ કરેલો. લગભગ આઠ મહિના સુધી ત્યાં રહેવાનું થયું. પહેલાં કડકડતી ઠંડી, હિમ પડે, ગાત્રો થીજી જાય તેવી ટાઢ. પછી ભારે ગરમી, લૂ વાય, ક્યાંય છાંયો નહિ, ખારું પાણી, લીલોતરી શાક મળે નહિ. મગ-બાજરાની ખીચડી, બાજરાના રોટલા અને બધું કામ જાતે કરે. તેમની સાથે એકબે બહેનો રહેતી પણ તે બદલાયા કરે. મણિબહેન તો સતત રહે. અમે કુલ તેર માણસો કૅમ્પમાં કામ કરીએ. આ બધાંની બન્ને સમયની રસોઈ વગેરેનું કામ મણિબહેન સંભાળે. જરાય કોઈ ફરિયાદ નહિ. બધી અગવડો ભોગવીને પણ તેઓ સતત સેવાપરાયણ રહેતાં હતાં. આજે મને લાગે છે કે જો આવાં કાર્યકર્તાઓ ન મળ્યાં હોત તો કદાચ આ સેવાપ્રવૃત્તિ કરી શકાત નહિ.

તેઓ બાણું વર્ષની ઉંમર સુધી જીવ્યાં, છેલ્લા બે મહિના તેઓ વધુ બીમાર રહ્યાં. કોકિલા, કુસુમ અને ધીરુભાઈ ખડેપગે તેમની સેવા કરે. ઘણી વાર રાત-રાતના ઉજાગરા થાય. પણ સૌકોઈ તેમની સેવા કરતાં રહે. તેમનો સ્વભાવ ઉદાર હોવાથી સગાં-વહાલાં, કુટુંબીજનો વગેરે સૌ કોઈને કાંઈ ને કાંઈ આપતાં રહે. પૈસા ખૂટે તો હું ચુપચાપ તેમના ઓશીકે મૂકી દઉં જેથી તેમને પૈસા ન હોવાની નિરાશા ન થાય. ભાદરવા વદ-4ના દિવસે અમે સૌ જમવા બેઠેલાં. તે દિવસે લાડુનું જમણ હતું ને તેમણે દેહ છોડી દીધો. તેમનાં કુટુંબીજનો પહેલેથી જ આવી ગયાં હતાં. તેમની સ્મશાનયાત્રા ખૂબ ધૂમધામથી અમે કાઢી. આખું દંતાલી ગામ એમાં જોડાયું. સુણાવથી પણ ઘણાં માણસો આવ્યાં હતાં. તેમના જવાથી આશ્રમને ભારે ખોટ પડી. રસોડાનું તંત્ર ગૂંચવાઈ ગયું. તેને ઠીક થતાં વર્ષો લાગી ગયાં. તેમની પુણ્યસ્મૃતિમાં અમે દર ભાદરવા વદ-4ના દિવસે તેમની મૃત્યુતિથિ ઊજવીએ છીએ. દંતાલીનાં બધાં ભજનમંડળો આવે છે અને બધાં જમે છે. મારા જીવન ઉપર મણિબહેનના ઉપકારો હું યાદ કરું છું ત્યારે હૃદય ભરાઈ આવે છે.

તા. 25-12-03

*

# 2. બબાભાઈ પટેલ

હું કાશીમાં ભણતો ત્યારે કોઈ કોઈ વાર ઉનાળાની રજાઓમાં ગુજરાત આવતો. તેમાંય વાલમ ગામ મારા માટે વિશેષ આકર્ષણનું ગામ હતું. ગામના એક છેડે એક મકાનમાં નીચે વાચનાલય અને મેડા ઉપર સંન્યાસ આશ્રમ. મારો ઉતારો ઉપર સંન્યાસ આશ્રમમાં રહેતો. ત્યારે સંડાસ-બાથરૂમની સગવડ નહિ. હું ડોલ અને દોરડું લઈને દૂર ખેતરમાં સ્નાનાદિ માટે જતો. રાત્રે ઓટલા ઉપર બેસીને પ્રવચન થાય. આખું ગામ ભેગું થાય. ત્યારે માઈકની કે વીજળીની સગવડ ન હતી. તોપણ મારો અવાજ દૂરદૂર સુધી સંભળાતો. વાલમ લેઉવા પટેલોનું ગામ, એટલે વિધવા ડોશીઓ ઘણી. પુનર્લગ્ન ન થતાં હોવાથી ખાસ પ્રકારનું સેલું પહેરીને અને માથાનું મુંડન કરાવીને આ બહેનો કથા-સત્સંગમાં સમય વિતાવે. એક મહિનો કથા કરીને જ્યારે મારે વિદાય થવાનું થાય ત્યારે ભાઈઓ અને ડોશીઓ એક-એક રૂપિયો ભેટ ધરતી. બે રૂપિયા તો કોઈક જ ધરે. અને પાંચની નોટ તો ત્યારે ભાગ્યે જ જોવા મળે.

ત્યાં મને બબાભાઈ મળ્યા. રોજ કથામાં આવે. આશ્રમની સફાઈ વગેરેની સેવા કરે. માથે લેઉવા પ્રકારની પાઘડી બાંધે. તેમનાં ધર્મપત્ની મેનાબહેન, આદર્શ નારીનું રૂપ. બહુ જ સેવાભાવી. બબાભાઈ મને કાશીમાં દર મહિને પાંચ રૂપિયાનું મનીઓર્ડર કરે. હું પાછું વાળું તો ફરી કરે. અંતે જીત તેમની જ થાય. દંતાલીમાં આશ્રમ કર્યો ત્યારે જ્યારે જ્યારે તેઓ આશ્રમ આવે ત્યારે ઘીની બરણી ભરી લાવે. પોતાની ભેંસનું ચોખ્ખું તાજું ઘી જોઈને હું ન લાવવાનો આગ્રહ કરું પણ માને એ બીજા! તેમની આર્થિક સ્થિતિ બહુ સારી ન કહેવાય. પણ મારી પાછળ ખર્ચ કર્યા કરે. મને ન ગમે તોપણ માને નહિ. ઘણી વાર હું ગુસ્સે થઈ જાઉં તોપણ તે તો તેમનું ધાર્યું જ કરે. સૂઈ ગામના દુષ્કાળ રાહતકૅમ્પમાં બબાભાઈ છેક સુધી રહેલા. ખાટલો ઢળાય તેટલી છાયામાં હું બપોરે થોડો આરામ કરું તો બબાભાઈ સંગતરાની ટટ્ટી બાંધીને મને ઠંડક પહોંચાડવા માટે પોતે તાપમાં ચાલીને પાણી લાવી લાવીને છાંટે. તેમનો એક જ હેતુ કે મને તકલીફ પડવી ન જોઈએ.

એક્યાશી દિવસની યાત્રામાં તથા તે પછીની બીજી યાત્રામાં પણ તે મારી સાથે આવેલા. આશ્રમમાં આવે ત્યારે ખૂણેખાંચરેથી કચરો કાઢકાઢ કરે. તગારાં ભરી ભરીને ઉઘાડા માથા ઉપર ઊંચકીને બહાર નાખ્યા કરે. ના પાડું તોપણ માને નહિ. તે હોય ત્યાં સુધી આશ્રમ ચોખ્ખોચણાક રહે. ઘણી વાર પતિપત્ની બન્ને મહિનાઓ સુધી આશ્રમમાં રહે. મેનાબહેન સરસ રસોઈ બનાવે. બન્નેના સ્વભાવમાં મોટું અંતર પણ મેનાબહેનની ભારે સહનશક્તિના કારણે તેમનું દામ્પત્ય સારું ચાલે. બબાભાઈનો સ્વભાવ કાંઈક એકલપંડા જેવો. વાલમમાં કોઈની સાથે બહુ વાતચીત ન કરે, કોઈનામાં ભળે નહિ, એટલે થોડા અતડા જેવા રહે.

થોડાક મહિનાઓ સુધી બીમાર રહીને મેનાબહેન ગુજરી ગયાં. બબાભાઈ વિધુર થયા. મેનાબહેનના ગયા પછી તેમની શારીરિક અને માનસિક સ્થિતિ બગડવા લાગી. એક હાર્ટએટૅક આવ્યો. વીસનગર દવાખાનામાં દાખલ કર્યા તો કહે કે મને કશું થયું નથી, હું તો વાલમ સુધી દોડતો જાઉં તેવો છું. જરાય આરામ ન કરે. અંતે અમે મહેસાણામાં મોટી હોસ્પિટલમાં દાખલ કર્યા. માંડ માંડ ઠીક થયા. મેનાબહેનની ખોટથી તે લગભગ ભાંગી પડ્યા કહેવાય. તેમની ઉગ્રતાને ઘરમાં કોણ સહન કરે? એટલે આશ્રમમાં આવતા રહે. કદી નવરા ન બેસી રહે. બસ સેવા, સેવા ને સેવા. આવા બબાભાઈ પણ એક દિવસ દેહ છોડીને ચાલતા થયા. અમને સૌને ભારે દુઃખ થયું. આવો કાર્યકર્તા મળવો દુર્લભ કહેવાય.

તા. 25-12-03

*

# 3. કાન્તિભાઈ પટેલ

હું જ્યારે સુણાવથી દંતાલી આવ્યો અને મહાદેવમાં રહ્યો ત્યારે અને તે પછી આશ્રમ બાંધવાનો થયો ત્યારે મને શ્રી કાન્તિભાઈ ચતુરભાઈ પટેલ મળ્યા. મારી ઇચ્છા નર્મદાકિનારે ગરુડેશ્વર આગળ આશ્રમ કરવાની, પણ કાન્તિભાઈની ઇચ્છા કે આશ્રમ દંતાલીમાં જ કરવાનો. મહાદેવ પાસેની તેમની બે વીઘા જમીન આપવાની તેમની તૈયારી પણ પછી આશ્રમ બન્યો અત્યારે છે તે ઝવેરભાઈની જમીનમાં. ત્યારથી કાન્તિભાઈનો મારી સાથે સંબંધ ચાલ્યો આવે છે. તેમનાં બા ચંચળબહેન તથા શાંતાબહેન રાવજીભાઈએ વર્ષો સુધી આશ્રમની સેવા કરી છે. કોઈ મહેમાન-પરોણા આવે અને હું ગામમાં સંદેશો મોકલું કે હજાર કામ પડતાં મૂકીને આ બન્ને બહેનો આવી જાય અને રસોઈ વગેરે બનાવી સૌને જમાડે.

કાન્તિભાઈ ત્યારે શિક્ષકની નોકરી કરે. દૂર આંકલાવમાં રહે. રજાઓમાં આવે. તેઓ બહુ જ વ્યવહારકુશળ, કોઈનો પણ પ્રસંગ હોય કાન્તિભાઈની હાજરી અચૂક હોય. મારી ગેરહાજરીમાં ઘણી વાર તેઓ આશ્રમ સંભાળે. ભરયુવાવસ્થામાં તેઓ પણ વિધુર થયા, પણ થોડા દિવસ વ્યતીત કરીને તેમણે પુનર્લગ્ન કરી લીધાં, જે સફળ રહ્યાં. મારો અભિપ્રાય છે કે માણસે પાછલી જિંદગી એકાકી જીવવા કરતાં શક્ય હોય તો પુનર્લગ્ન કરી લેવાં જોઈએ. ખાલીપણું મહા દુઃખ છે. હજાર પ્રયત્નો કરીને પણ પત્નીની ખોટ પૂરી શકાતી નથી. આવી જ રીતે પતિની ખોટ પણ પૂરી શકાતી નથી. જેણે નિષ્કલંક ચારિત્ર્યમય જીવન જીવવું હોય તેણે અવશ્ય લગ્ન કરી લેવાં. અવિવાહિતને કલંક લાગતાં વાર ન લાગે. કારણ કે તેનાથી વર્ષો સુધી સતત ચારિત્ર્ય સાચવી શકાતું નથી. ઉત્તમ પતિ-પત્ની બન્ને એકબીજાના ચારિત્ર્યનું રક્ષણ કરતાં હોય છે.

કાન્તિભાઈ કેટલીયે વાર અમેરિકા જઈ આવ્યા છે અને સારી રીતે પગભર થઈ ગયા છે. તેમના ત્રણે દીકરાઓ પણ વિદેશમાં સારી રીતે સેટ થઈને કામ કરી રહ્યા છે. હવે તે નિવૃત્ત જેવા છે. વધુ સમય આશ્રમમાં રહે છે અને સેવા કરે છે. આડત્રીસ વર્ષનો અમારો સંબંધ હજી પણ એવો ને એવો ચાલ્યા કરે છે. મારા પ્રત્યે અને આશ્રમ પ્રત્યે તેમને ભારે માન છે.

તા. 25-12-03

*

# 4. રવીન્દ્રભાઈ

સહયોગીઓ વિનાનું જીવન અનાથ જીવન છે. જીવનની સફળતા અને સુખમાં ઉત્તમ સહયોગીઓનો મહત્ત્વનો ભાગ હોય છે. જો તમને કોઈ સારા સહયોગીઓ મળ્યા જ નહિ તો તમે ઘણાં સુખોથી વંચિત રહી જશો અને મહત્ત્વનાં કાર્યો કરી શકશો નહિ. સહયોગીઓ મળવા ન-મળવામાં વ્યક્તિનું પોતાનું વ્યક્તિત્વ, સ્વભાવ અને ક્ષમતા મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. જે વ્યક્તિ અહંકારી, કંજૂસ, લાલચુ, શંકાશીલ અને કૃતઘ્ની હોય છે તેને ઉત્તમ સહયોગીઓ મળતા નથી. કદાચ મળે તો ટકતા નથી.

સહયોગીઓ વિનાનું એકાકી જીવન આંતર-બાહ્ય બન્ને રીતે ખાલીપણું ઊભું કરે છે. જે લોકો ભોંયરામાં કે ઓરડામાં પુરાઈ રહે છે અને સાધના કરે છે, તેમના ચહેરા જુઓ—સાવ ફિક્કા, નિસ્તેજ, ચમક વિનાના હશે. પણ જે લોકો સૌની સાથે હળીમળીને હસતાં-ખેલતાં જીવન જીવે છે તેમના ચહેરા પેલા કરતાં વધુ સારા દેખાશે. બહુ મૌનમંદિરો ખોલવા કરતાં હાસ્યમંદિરો ખોલવાં જોઈએ. જ્યાં લોકો નિર્દોષ હાસ્ય હસતાં હશે ત્યાં આરોગ્ય આપોઆપ આવી જશે. અતિ ગંભીરતા બીમારીની માતા છે. જો તમે હસી ન શકો, નાચી ન શકો, ખેલી ન શકો તેવી સંસ્કૃતિ લઈને બેઠા હશો તો તમારી જુવાની વહેલી વૃદ્ધ થઈ જશે અને પાછલી જિંદગી ખાટલામાં વીતશે. પણ હા, એટલું અને એવું ન હસો કે જીવન છીછરું થઈ જાય. સંતુલન મહત્ત્વની વસ્તુ છે. સંતુલનયોગ એ જ સમત્વયોગ છે.

દંતાલીમાં આશ્રમ કર્યા પછી કોઈ કોઈ વાર મારે અમદાવાદ જવાનું થાય. આમ તો મારું ઘણું જીવન ગામડાંઓમાં જ વીત્યું છે, જાણીકરીને હું નગરો અને શ્રીમંતોથી દૂર રહેતો રહ્યો છું. તોપણ કોઈકોઈ વાર અમદાવાદમાં જવાનું થતું. લોકોનો પરિચય થાય તે સ્વાભાવિક છે. આમાં મને શ્રી રવીન્દ્રભાઈ ગાંધીનો પરિચય થયો. તેઓ પ્રવચનોમાં આવે. માણસ ખૂબ ભક્તિભાવવાળા અને ઉદાર. ત્યારે મારે કોબામાં આશ્રમ ન હતો એટલે જ્યારે જ્યારે મારે અમદાવાદમાં રોકાવાનું થાય ત્યારે શ્રી રવીન્દ્રભાઈના ત્યાં જ રોકાવાનું થાય. તેમની ભાવુકતા મને સ્પર્શી ગઈ. તેમનાં ધર્મપત્ની લતાબહેન પણ તેવાં જ ભદ્રમહિલા. આ બન્નેની જોડી મારી પૂરેપૂરી આગતા-સ્વાગતા કરે. પૂર્વ કહ્યું તેમ ત્યારે, હું બસ વગેરે વાહનોમાં પ્રવાસ કરતો. કેટલીક વાર ટ્રક કે ટ્રેક્ટરમાં પણ કાર્યક્રમમાં પહોંચવા માટે પ્રવાસ કર્યો છે.

એક દિવસ રવીન્દ્રભાઈએ પોતાની ફિયાટ ગાડી મને આગ્રહપૂર્વક સોંપી અને કહ્યું કે અમે કારમાં ફરીએ અને તમે બસમાં ફરો તે બરાબર નહિ. ત્યારે ફિયાટનો જમાનો હતો. ફિયાટગાડીવાળા ગૌરવપૂર્વક પ્રવાસ કરે. ફિયાટ આગળ બીજી ગાડીઓનો કોઈ ક્લાસ ન આવે. અને બીજી ગાડીઓમાં એમ્બેસૅડર સિવાય ખાસ કોઈ ગાડી જ ન હતી. બન્નેનાં પચાસ વર્ષથી એક જ મોડેલ—કશો સુધારો નહિ. આજ નોંધાવો તો વર્ષે બે વર્ષે નંબર લાગે. સ્પર્ધા જ ક્યાં હતી? સ્પર્ધા ન હોય એટલે ક્વોલિટી પણ ન હોય. હવે તો હું ફિયાટ ગાડી લઈને કાર્યક્રમોમાં જવા લાગ્યો. મારા વિચારોનો જે કાંઈ થોડોઘણો પ્રચાર થઈ શક્યો છે તે લોકોના કાર્યક્રમોના દ્વારા જ થઈ શક્યો છે. મેં મારા તરફથી ક્યાંય કશો કાર્યક્રમ ગોઠવ્યો નથી. નથી કોઈ શિબિરો કરી કે નથી ક્યાંય કશાં પોસ્ટરો ચોંટાડ્યાં. બસ, લોકો પોતાના કાર્યક્રમોમાં બોલાવે અને હું જે પ્રવચન કરું તે મારો પ્રચાર. મોટા ભાગે સામાજિક કાર્યક્રમોમાં કે શૈક્ષણિક કાર્યક્રમોમાં મારે જવાનું થતું. યજ્ઞો વગેરે કાર્યક્રમોમાં હું ના પાડી દઉં. શ્રી રવીન્દ્રભાઈની ફિયાટથી મને ઘણી સગવડ થવા માંડેલી. સમયસર પહોંચી શકાય. આરામ રહે. સમયસર પાછા આવી શકાય. બસસ્ટૅન્ડ ઉપર લાંબા સમય સુધી તપવું ન પડે. કોઈકોઈ વાર ઊભા ઊભા પણ પ્રવાસ કરવો પડતો તે બંધ થઈ ગયું.

એક વાર એવું બન્યું કે ડ્રાઇવર એવો આવ્યો કે જેને ઓછું દેખાતું હતું. તેણે આ વાત છુપાવેલી, નહિ તો તેને ગાડીનું સ્ટીયરિંગ આપત નહિ. બધું અપાય પણ અર્ધઆંધળા માણસને સ્ટીયરિંગ ન અપાય. અમે તો સવારે ક્યાંક જવા માટે નીકળ્યા. હજી સૂર્યોદય થયેલો નહિ એટલે પૂરું અજવાળું થયેલું નહિ. નજીકના જ વિશ્નોલી ગામ આગળ મારી ગાડી એક ટ્રકના પાછળના ભાગ સાથે ટકરાઈ ગઈ. ટ્રક હજી પૂરી પસાર થયેલી નહિ અને ડ્રાઇવર સમજ્યો કે ટ્રક પસાર થઈ ગઈ છે. એટલે તેણે સ્ટીયરિંગને જમણા હાથ તરફ વાળ્યું. હું સમજી ગયો, પણ બોલવાનો સમય જ ક્યાં હતો! ધડામ દઈને ટક્કર લાગી ગઈ. એ તો સારું થયું કે બન્નેની ગતિ ઘણી ઓછી

હતી. ગાડીનું પડખું અને આગળનો ભાગ છૂંદાઈ ગયો. પ્રભુકૃપા સમજો કે અમને કાંઈ નુકસાન ન થયું. ટ્રક પેટલાદની હતી અને તેનો ડ્રાઇવર મુસ્લિમ હતો. બહાર નીકળીને મેં કહ્યું કે તું ચિંતા ન કરીશ. ભૂલ મારા ડ્રાઇવરની જ છે. તારો કશો વાંક નથી. તેને રાહત થઈ. વિશ્નોલી ગામ પણ મુસ્લિમોનું. બધા ભેગા થઈ ગયા. તરત જ બધા મદદના કામે લાગી ગયા. ડ્રાઇવર તો નજીકના બાંકડે બેસીને રડી રહ્યો હતો, તેની છાતીમાં દુખતું હતું. તેને પણ આશ્વાસન આપ્યું. ટ્રકને જવા દીધી, ગાડીને ખેંચીને પાછા આશ્રમમાં આવ્યા. કાર્યક્રમમાં જવાનું બંધ રહ્યું. શ્રી રવીન્દ્રભાઈએ મને ગાડી વાપરવા આપી હતી. ભેટ આપી ન હતી એટલે બધાં કાગળિયાં તેમના નામે હતાં. તેમને ખબર પડી તો જરાય અફસોસ ન કર્યો. તેઓ સહજ રીતે બોલ્યા, “હોય એ તો, મારાથી પણ આવું થઈ શકે છે. તમે બચી ગયા એટલે બસ.” પેટલાદના રસિકભાઈના ગેરેજમાં ગાડી મૂકી. પંદર દિવસે પાછી આવી ત્યારે ખબર પણ ન પડે કે આ લોચો થઈ ગયેલી ગાડી હતી. કલર એવો મેચ કરેલો કે આખી ગાડી એકસરખી જ દેખાય. આ ગાડી ફરી પાછી મારા કામમાં આવવા માંડી. ઘણા સમય પછી મેં એક જૂની એમ્બ્યુલન્સ જેવી જીપ ખરીદી ત્યારે પાછી આપી.

રવીન્દ્રભાઈ સતત ટેન્શનમાં રહેનારો જીવ. તેમને સૌથી વધુ ટેન્શન ઘરનું, કુટુંબનું, પછી પૈસાનું. તેમની ભલમનસાઈ કે ભોળપણ કહો કે પછી અતિવિશ્વાસુ સ્વભાવ કહો, તે લોકોના કાવા-દાવામાં ફસાઈ જાય. મને જ્યારે તેમનાં બધાં ટેન્શનોની ખબર પડી ત્યારે હું છક થઈ ગયો. આ માણસ આટલા બધા દબાણમાં જીવન જીવે છે એ જ નવાઈ કહેવાય. પણ તેમનો સૌથી મોટો સહારો “ઠાકોરજી.” બસ, હજાર કામ પડતાં મૂકીને પણ તે સવારે-સાંજે હાથમાં કરતાલ લઈને મકાનમાં બનાવેલા મંદિરમાં ઠાકોરજી આગળ બેસીને કીર્તન કરે, ભજનો ગાય અને હળવા થઈ જાય. મહિનામાં એકાદ વાર તો નાથદ્વારા જાય જ. બેચાર દિવસ રહે. ઠાકોરજી પ્રત્યે તેમને ભારે અને અડગ શ્રદ્ધા.

બન્યું એવું કે તેમનાં ધર્મપત્ની લતાબહેન બીમાર થયાં, તેમને કાનમાં સતત પ્રાઇમસના જેવો અવાજ આવ્યા કરતો, તેથી ઊંઘી ન શકતાં, હેરાનપરેશાન રહેતાં. પણ સહનશક્તિ બહુ, કોઈને કશી વાત ન કરે. તેમની બીમારી વધી ગઈ. હોસ્પિટલમાં દાખલ કર્યાં. ધૂમ ખર્ચો કર્યો પણ બધું વ્યર્થ. તેમણે છેલ્લે છેલ્લે મારાં દર્શન કરવાનો આગ્રહ કર્યો. ત્યારે હું કચ્છમાં. કચ્છના કલેક્ટરને સૂચના મોકલી કે સ્વામીજી જે કોઈ ગામડામાં હોય ત્યાં સંદેશો પહોંચાડો કે તરત જ અમદાવાદ આવે. હું છેવાડાના નખત્રાણા તાલુકાના એક નાના ગામમાં કાર્યક્રમ નિમિત્તે આવેલો. કલેક્ટરના માણસોએ મને ખોળી કાઢ્યો અને સંદેશો આપ્યો. આગળનો કાર્યક્રમ પડતો મૂકીને હું આખી રાત ગાડી ચલાવીને અમદાવાદમાં સીધો હોસ્પિટલમાં પહોંચ્યો. લતાબહેન છેલ્લા શ્વાસ લઈ રહ્યાં હતાં. તેમને અર્પણ કરેલું પુસ્તક મેં તેમને બતાવ્યું. અર્પણવાળો ભાગ વાંચીને તે સહેજ મલકાયાં, પછી હાથ જોડ્યા. આંખો બંધ કરી. તેઓ બોલી શકતાં ન હતાં. ડોક્ટરોએ તેમને કૃત્રિમ શ્વાસ ઉપર રાખ્યાં હતાં. આખો દિવસ અને રાત એમ ને એમ પસાર થયાં. ડોક્ટરે મને ખાનગીમાં કહ્યું કે ખેલ ખતમ થઈ ચૂક્યો છે. આ તો કૃત્રિમ શ્વાસ છે. જેવું નળીનું બટન બંધ કરીએ કે તરત જ શરીર શબ થઈ જશે. મોટો પ્રશ્ન રવીન્દ્રભાઈના આઘાતનો હતો. તે આ આઘાત જીરવી શકશે નહિ. મેં તેમને વૈરાગ્યની વાતો કહેવા માંડી. તે તો બસ એક જ વાત બોલે. “મારા ઠાકોરજી આવું નહિ થવા દે” અંતે પરોઢિયે, સાચી વાત કરવી પડી. તે સમયે તેમના ઉપર જાણે વજ્ર તૂટી પડ્યું હોય તેવું લાગ્યું. કેટલાય દિવસ સુધી હું અમદાવાદમાં રહ્યો, રવીન્દ્રભાઈને આશ્વાસનની જરૂર હતી.

“દુઃખનું ઓસડ દા’ડા” કહેવત પ્રમાણે, દિવસો વીત્યા અને સૌના આગ્રહથી રવીન્દ્રભાઈએ પુનર્લગ્ન કર્યું. મોહિનીબહેન તેમનાં અર્ધાંગિની બન્યાં. ખરેખર આ બાઈએ રવીન્દ્રભાઈને સાચવી લીધા. જે ખાલીપણું હતું તેને ભરી દીધું. ઘણી વાર એવું લાગે કે એક માણસ પોતાના માટે નહિ પણ કોઈ નિશ્ચિત માણસ માટે જ જન્મ્યું હોય. મોહિનીબહેન જાણે કે રવીન્દ્રભાઈ માટે જ જન્મ્યાં હોય તેમ પોતાના માટે કશી અપેક્ષા રાખ્યા વિના માત્ર પ્રશ્નો અને ટેન્શનમાં દબાયેલા રવીન્દ્રભાઈ માટે સર્વસ્વ સમર્પિત થઈ ગયાં લાગે.

શ્રી રવીન્દ્રભાઈ અમારા ટ્રસ્ટના જૂના ટ્રસ્ટી અને કાર્યકર્તા પણ છે. જ્યારે જ્યારે કોઈ ખાસ પ્રકારની સેવા-પ્રવૃત્તિ કરવાની થાય ત્યારે, તેમની હાજરી હોય જ. તેમના સાથસહયોગથી અમારું ટ્રસ્ટ કાંઈક કાર્ય કરી શકે છે.

તા. 25-12-03

# 5. મનીષાબા

જો તમે કાર્યનિરીક્ષણ કરશો તો દેખાશે કે કેટલાંક કાર્યો, મહામહેનત કરીને પણ પૂરાં કરી શકાતાં નથી. ત્રણ સાંધો તો તેર તૂટે તેના જેવી દશા થાય. તો કેટલાંક કાર્યો, કશી મહેનત વિના અથવા નામમાત્રની મહેનતથી થયા કરતાં દેખાય છે. મહેનત કરીને કોઈ પેટ તો ભરી શકે. પણ અંબાણી ન થઈ શકે. થઈ શકાતું હોય તો કોઈ મહેનત કરીને થઈ બતાવે. જો તમે સૂક્ષ્મ અવલોકન કરશો તો દેખાશે કે દરેક માણસની એક રેન્જ હોય છે. તે આટલેથી આટલા સુધી કાર્ય કરી શકે. તેથી વધારે નહિ. મારી અને અંબાણીની રેન્જ જુદી જુદી છે. લાખ પ્રયત્નો કરીને પણ હું પેલી રેન્જ પ્રાપ્ત કરી શકું નહિ. આ મર્યાદા, આ સીમા કોણે બાંધી હશે? તેમાં કોઈની લાગવગ ચાલે ખરી?

ઘણા લોકો એવી ડંફાસ મારતા હોય છે કે "માણસ માટે કશું અસંભવ નથી. તે જે ધારે તે કરી શકે છે" મને આ વાત વાહિયાત લાગે છે. જો ધારે તે કરી શકાતું હોત તો શું જોઈતું હતું? તો તો જગતમાં કોઈ દુ:ખી જ ન હોત. કારણ કે ધારેલું ન થવાથી જ લોકો દુ:ખી થાય છે. અથવા એમ પણ કહેવાય કે જો માણસનું ધારેલું બધું જ થતું હોત તો કોઈ સુખી ન હોત. કારણ કે માણસ માત્ર પોતાના સુખોની જ ધારણા નથી ધરતો, તે ધારણા ધરે છે કે કોઈ મારા જેવો ન બને, આગળ ન વધે. અને એ વધે તો તેનો નાશ થાય. હવે તમે જ વિચાર કરો કે બધા જ લોકો એકબીજાને આગળ વધવા ન દે અને વધનારાનો નાશ ઇચ્છે તો શું થાય? બધા જ દુ:ખી દુ:ખી થઈ જાય. આ રીતે જો માણસની બધી જ ધારણાઓ પૂરી થતી હોય તો સંસાર દુ:ખમય થઈને જીવતું જાગતું નરક બની જાત. એટલે પરમેશ્વરે જે મર્યાદાઓ બાંધી છે તે જ યોગ્ય છે. સૌ સૌની રેન્જ પ્રમાણે આગળ વધી શકે. રેન્જ હોય પણ વાતાવરણ ન હોય તોપણ આગળ ન વધી શકાય. આપણું કામ રેન્જવાળા માટે વાતાવરણ ઊભું કરવાનું છે. બાકી મારો અનુભવ છે કે રેન્જ વિનાના માણસ માટે જો તમે વાતાવરણ કે તક ઊભી કરો તોપણ તે સુખી થઈ શકતો નથી.

*

અમદાવાદના પરિચિતોનો આગ્રહ હતો કે અહીં નજીકમાં ક્યાંક આશ્રમ કરીએ, જેથી લોકોને લાભ મળે. મેં કહ્યું કે મારામાં આશ્રમ કરવાની અને ચલાવવાની શક્તિ નથી. એટલે આશ્રમ કરવો નથી, ચાહકોનો એક જ જવાબ હતો કે "તમારે કશું કરવાનું નથી. બધું અમે કરી લઈશું, બધો ભાર અમારા ઉપર." મેં હા કહી અને અત્યારે જ્યાં આશ્રમ છે, તે જમીન માટે પ્રયત્નો શરૂ થયા. આ જમીન ઉપર ઘણા લોકોની નજર હતી પણ સી. પી. પટેલના બાહોશીભર્યા પ્રયત્નોથી આ જમીન મેળવી શકાઈ. પ્રભુકૃપાથી આશ્રમ તો તૈયાર થઈ ગયો, પણ હવે તેનું સંચાલન કોણ કરે? મારે કોઈ શિષ્ય નહિ. કોઈ અનુયાયી નહિ.

જેને ઘણા આશ્રમો કરવા હોય તેણે ઘણા શિષ્યો પણ કરવા જ જોઈએ. આ શિષ્યો આશ્રમો સંભાળે. એટલું જ નહિ, આશ્રમો ચલાવવા માટે બેઠી આવક જોઈએ. તેટલા માટે ગૃહસ્થ શિષ્યો બનાવવા પણ જરૂરી છે. ગૃહસ્થ શિષ્યોને સતત પકડી રાખવા માટે અવારનવાર સમૈયા કે બીજા કોઈ પ્રસંગો ઊભા કરવા પણ જરૂરી છે. ખાસ કરીને પોતાની જયંતી કે પ્રાકટ્ય દિવસ ઊજવવો. પોતાનો મહિમા શિષ્યો ઉપર ઢળતો રહે તે જરૂરી છે. નહિ તો ભેગા કરેલા શિષ્યો કદાચ બીજા પાસે ભાગી જાય. શિષ્યોનો ભરોસો નહિ, જ્યાં આકર્ષણ દેખાય ત્યાં ભાગી જાય. એટલે તેમને સતત ગુરુમહિમા સમજાવતા રહેવાનું. ગુરુ એ જ પરમાત્મા છે, તેવું સમજાવીને ગુરુ પ્રત્યે (પોતાના પ્રત્યે) તેમની શ્રદ્ધા દૃઢ કરાવવી જરૂરી છે. મારા પક્ષે આમાંનું કશું ન હતું, ન છે. મેં કોઈ સંન્યાસી કે ગૃહસ્થોને શિષ્યો બનાવ્યા નથી. એટલે આશ્રમોને સંભાળે કોણ?

બીજી એક મહત્ત્વની વાત એ છે કે સ્ત્રી-પુરુષના ગમેતેટલા પ્રેમભર્યા સંબંધ હોય પણ જો તેઓ પતિ-પત્ની તરીકે વિધિપૂર્વક ન જોડાયાં હોય અને સમાજમાન્ય ન થયાં હોય તો થોડીક ખટપટોમાં પણ તેમનો સંબંધ તૂટી શકે છે, પણ પતિ-પત્ની તરીકે માન્ય થયેલાંનો સંબંધ કેટલીયે ખટપટોની વૈતરણી પાર કરીને પણ ટકી રહેતો હોય છે. પરંતુ ચાહકો સાથેનો સંબંધ બહુ વિશ્વસનીય નથી હોતો. ચાહકોની

ચાહના ઓછી થઈ શકે છે, મટી જઈ શકે છે, એટલે સંબંધો પણ ઢીલા થઈ કે તૂટી શકે છે. જ્યારે વિધિવત્ ગુરુ-શિષ્યભાવથી જોડાયેલા લોકો જલદી ઢીલા થતા નથી કે જલદી તૂટતા પણ નથી. પણ મારા પક્ષે થોડાક ચાહકો તો હતા પણ શિષ્યો તો હતા જ નહિ. હવે પ્રશ્ન એ હતો કે આ આશ્રમનું સંચાલન કોણ કરે? ટ્રસ્ટીઓ હતા, પણ તેમની સીમા નાની હતી, તે પોતાનાં કાર્યોમાંથી જ ઊંચા ન આવે તો અહીં શું કરે? વળી આશ્રમ અને પેઢી તો પલાંઠી વાળીને બેસે તેની જ ચાલી શકે. ન-ધણિયાતું કામ લાંબો સમય ન ચાલે. મને મોટી મૂંઝવણ હતી. શું કરવું?

મારો અનુભવ છે કે જ્યારે જ્યારે મને કોઈ મૂંઝવણ થઈ છે ત્યારે ત્યારે પરમેશ્વરે જ તેનો રસ્તો કાઢ્યો છે. ડાકોરમાં મનીષાદેવી નામનાં એક વૃદ્ધ સંન્યાસિની રહે. મૂળ બાવળાગામનાં સંસ્કારી પટેલકુટુંબનાં દીકરી. નાની ઉંમરે જ વિધવા થયેલાં. ત્યારે ઉચ્ચ લોકોમાં વિધવાવિવાહ ન થાય. મનીષાદેવીને સ્વામી વિદેહાનંદ તીર્થ મળ્યા. અને જીવનમાર્ગ બદલાઈ ગયો. તેઓ ભક્તિમાર્ગ તરફ વળી ગયાં. દીક્ષા લીધી અને વર્ષો સુધી એકધારી ગુરુસેવા કરી પૂર્ણ પક્વાવસ્થાએ પહોંચ્યાં. તેમને પોતાના ગુરુ પ્રત્યે એટલી બધી નિષ્ઠા છે કે તેમનું સૂત્ર બની ગયું છે—“ગુરુકૃપાહિ કેવલમ્.” ડાકોરના ગુરુજીના આશ્રમને તે સંભાળતાં હતાં પણ આશ્રમ ગામના એક મહોલ્લામાં. આશ્રમને જોઈએ તેવું વાતાવરણ નહિ, એટલે થોડો મનમાં અસંતોષ હતો. મારે અવારનવાર ડાકોરમાં જવાનું થતું. તેઓ મળ્યાં અને પછી તો નક્કી થયું કે આ કોબાનો આશ્રમ તેઓ સંભાળે. તેઓ પોતાની દીકરી જેવી સેવિકા શારદાને લઈને આવી ગયાં. પછી તો શારદાએ પણ તેમની પાસેથી સંન્યાસદીક્ષા લીધી અને સમર્પણાદેવી બન્યાં. લાખ પ્રયત્નો કર્યા પણ તે લગ્ન કરવા તૈયાર ન થયાં. અત્યારે તો મનીષાદેવીને 87 વર્ષ થઈ ગયાં છે. તોપણ પૂરી કુશળતાથી આશ્રમને સંભાળી રહ્યાં છે. છેલ્લાં દશ-બાર વર્ષથી તેઓ આશ્રમ સંભાળે છે, મને કશી જ ચિંતા નથી. તેમની વહીવટી કુશળતા અને સમજણનું ઊંડાણ અગાધ છે. ટ્રસ્ટીઓ સાથે અને બીજા બધા સેવકો, ભક્તો સાથે તેમનો વ્યવહાર આશ્રમને ગૌરવ અપાવે તેવો છે. જો તે ન મળ્યાં હોત તો કદાચ કોબાનો આશ્રમ આટલો વિકસી શક્યો ન હોત.

બે વર્ષ ઉપર 85 વર્ષે તેમની બાયપાસ સર્જરી કરવાની થઈ. નડિયાદના શ્રી ધર્મસિંહ દેસાઈ મિશન હોસ્પિટલમાં દાખલ કર્યાં. 85 વર્ષે ઓપરેશન કરવું એ ડોક્ટરો માટે પણ પ્રશ્ન હતો પણ તેમણે હિંમત કરીને ઓપરેશન કર્યું અને તે પૂર્ણ સફળ રહ્યું. અમારા કરતાં ડોક્ટરોને વધુ આનંદ થયો.

મનીષાદેવીને જરાય લોભ-લાલચ નહિ. ગમેતેટલું આવે કે હોય તોપણ તે સદા નિસ્પૃહ થઈને વ્યવહાર કરે. રોજ સવારે પોતાનાં પૂજાપાઠ કરીને સીધાં રસોડે ચાલ્યાં જાય અને બધી રસોઈ પોતાની દેખરેખમાં કરાવે. આશ્રમની બહેનો પણ રસોઈમાં જોડાય, એટલે અમારે રસોઇયાનો બીજો એવો કોઈ ખર્ચો કરવો પડતો નથી. તેમની પ્રેરણાથી જ બધાં કામે લાગી જાય. બહેનોને પણ સેવા કરવામાં આનંદ આવે. અમારા ત્રણે આશ્રમોમાં કોબા આશ્રમની રસોઈ બહુ જ સરસ થાય. દાળ તો વાટકો ભરીને પીવાનું મન થઈ જાય. આ બધાનું શ્રેય મનીષાદેવીને જ અપાય. સૌને પોતાની દેખરેખમાં જમાડીને પછી સૌથી છેલ્લે તેઓ જમે. કદી પણ સૌથી પહેલાં ન જમે. મારા માટે તેમને બહુ જ લાગણી રહે. મારો થોડો ઉગ્ર સ્વભાવ તેઓ સમજી ગયેલાં એટલે સહન પણ કરી લે. દિવસમાં બધા વૃદ્ધ સાધકો મળીને ત્રણ-ચાર વાર કીર્તન-ભજન કરે તે પણ સાંભળવા જેવાં લાગે. કોઈ પરિચિત ભક્ત કાંઈ દુઃખી હોય તો તેને મળવા જાય. બીમાર હોય તો જોવા જાય, આશ્વાસન આપે. આ રીતે તે સૌનાં પ્રિય બન્યાં છે. લાગણીમાંથી લાગણી જન્મતી હોય છે. તેમના લાગણીશીલ સ્વભાવથી આશ્રમનું વાતાવરણ પણ ભર્યુંભર્યું લાગે છે. તેમના આવવાથી અને આશ્રમનો ભાર સંભાળવાથી મને ઘણી રાહત થઈ છે. અમે સૌ ઇચ્છીએ કે તેઓ હજી ઘણું લાંબું જીવે.

તા. 30-12-03

*

# 6. જગદીશભાઈ

ધર્મસ્થાનોનું મહત્ત્વ તેમનાં આલીશાન મંદિરોથી કે ભવ્ય આડંબરોથી મપાવું ન જોઈએ. પણ તેમના દ્વારા થતી માનવતાવાદી પ્રવૃત્તિઓથી મપાવું જોઈએ. સોના-ચાંદી-હીરા-માણેકથી ભરેલાં ધર્મસ્થાનો જો તરસ્યા માણસ માટે એક પાણીની પરબ પણ ન કરી શકે તો તેમનો ઉપરી ચળકાટ એ માત્ર શૈતાની ચળકાટ જ ગણાવો જોઈએ. ગુજરાતમાં વારંવાર દુષ્કાળ પડે અને તેની અસર માણસો કરતાં પણ પશુઓ ઉપર વધુ પડે. અહીં યોજના વિનાનાં પશુઓ છે, જે પ્રશ્નો ઉકેલવા કરતાં ઘણા પ્રશ્નો ઊભા કરે છે. આપણે સૌને જિવાડવામાં માનીએ છીએ, પણ સારી રીતે જિવાડવાનું આવડતું નથી. બસ બધાં જીવે, ભલેને રિબાઈ રિબાઈને જીવે, પણ જીવે એટલું બસ. એટલે માણસોની માફક પશુઓની પણ મોટી સંખ્યા રિબાઈ રિબાઈને જીવે છે. પ્રશ્નો ઊભા થાય છે, ઉકેલાતા નથી. વણઉકેલાયેલા પ્રશ્નો જ દુઃખ આપતા હોય છે. આપણે વણઉકેલાયેલા પ્રશ્નોના ઢગલામાં જીવી રહ્યા છીએ. સારી વાત એ છે કે દુઃખ અને અગવડો આપણા કોઠે પડી ગયાં છે. એટલે આપણે તેની બહુ નોંધ પણ લેતા નથી.

દુષ્કાળમાં અમે સૂઈ ગામ તરફનાં ઢોરાં માટે ઢોરવાડો ઊભો કર્યો. ઊંઝામાં ખાલી પડેલા ચરામાં સેંકડો ઢોરાં રાખ્યાં અને વરસાદ પડ્યો અને ઘાસ ઊગી નીકળ્યું ત્યાં સુધી બધાં ઢોરાં રાખ્યાં. ઊંઝા પટેલોનું પ્રાચીન ગામ. પ્રથમથી જ દાન-પુણ્યમાં બહુ માને. બારે મહિના કથા-સપ્તાહો ચાલ્યા જ કરતી હોય. હોમ-હવન અને યજ્ઞો પણ થયા કરે. જીરા-વરિયાળી અને એરંડાનો અહીં મોટો ગંજબજાર, રોજ કરોડોનું ટર્નઓવર થયા કરે, માત્ર પચાસ જ વર્ષ ઉપર પટેલો ખેતી તરફથી વ્યાપાર તરફ વળ્યા. હળ મૂકીને ત્રાજવું પકડ્યું અને જોતજોતામાં શેઠ થઈ ગયા. આજે ગંજબજારમાં નેવુથી પંચાણુ ટકા પેઢીઓ પાટીદારોની હશે. આજે પણ બધું ધમધોકાર ચાલ્યા કરે છે.

જ્યારે ઢોરવાડાનો કૅમ્પ પૂરો થવાનો થયો ત્યારે કેટલાક કાર્યકર્તાઓનો આગ્રહ થયો કે હવે આપણે અહીં આશ્રમ બનાવીએ. મારી ઇચ્છા ન હતી એટલે ના કહી. પણ માને એ બીજા. “ના ના, કરવો જ છે.” તેમના અતિ આગ્રહથી મેં હા પાડી. જમીન માગી તો તે વખતના કલેક્ટરે તરત જ જમીન મંજૂર કરી દીધી. મારો વિચાર અનાથ બાળકો માટે અનાથાશ્રમ કરવાનો હતો પણ શ્રી અંબાલાલ પાલડિયાનો આગ્રહ વૃદ્ધાશ્રમ કરવાનો હતો એટલે વૃદ્ધાશ્રમ થયો. શ્રી અંબાલાલ દ્વારકાદાસ, કાન્તિભાઈ કર્મયોગી, શ્રી લક્ષ્મીચંદ અને અંબાલાલ પાલડિયા વગેરે અનેક લોકોએ તનતોડ મહેનત કરીને સરસ અને મજબૂત આશ્રમ તૈયાર કરી દીધો. હવે પ્રશ્ન થયો કે આનું સંચાલન કોણ કરે? ટ્રસ્ટીઓ વૃદ્ધ હતા અને તેમની મર્યાદાઓ હતી, એટલે મને થયું કે નવું લોહી હોય તો જ આ કાર્ય ચાલી શકે.

અમારા સૌની નજર શ્રી જગદીશભાઈ અંબાલાલ પાલડિયા ઉપર પડી. તેઓ પ્રથમથી જ કાર્યકર્તા તો હતા જ. ઊંઝામાં લોકો તેમને હુલામણા નામે “જગડૂશા” કહે, કારણ કે માણસ બહુ જ ઉદાર, પૈસો વાપરવામાં જરાય પાછી પાની ન કરે. સ્વભાવે શાંત-ગંભીર અને ઠરેલ. અંતે અમે તેમને તથા શ્રી અમૃતલાલ ખુશાલભાઈ પટેલને નવા ટ્રસ્ટી બનાવ્યા અને બધો ભાર તેમને સોંપ્યો. છેલ્લાં બારેક વર્ષથી તેઓ સારી રીતે ઊંઝા આશ્રમનું સંચાલન કરી રહ્યા છે. શ્રી જગદીશભાઈ પાસે મિત્રોની સારી ટીમ છે. કદાચ આવી ટીમ અમારી કોઈની પાસે નથી. જેમાં શ્રી કનુભાઈ, ગોવિંદભાઈ, પોપટલાલ, દશરથલાલ, વગેરે અનેક નામો ગણાવી શકાય. આ બધા મળીને પૂરી નિષ્ઠા અને સમર્પણભાવથી આશ્રમનું કામ કરી રહ્યા છે.

ઈ. સન 2001માં કચ્છમાં ભારે ધરતીકંપ આવ્યો. હાહાકાર થઈ ગયો. હજારો માણસો મરી ગયાં. અમે નક્કી કર્યું કે તરત જ રાહત કૅમ્પ શરૂ કરવો. હું ઊંઝા ગયો, 26મીએ ધરતી ધણધણી હતી અને કોઈ પણ ભોગે 29મીની સવારે કૅમ્પ શરૂ કરી દેવો એવો નિર્ણય થયો. ઊંઝાની બહેનો અને ભાઈઓ યુદ્ધના ધોરણે કામે લાગી ગયાં. લોકોએ મન મૂકીને પૈસા અને વસ્તુઓ આપી. 28મીની રાત્રે ટ્રકો ભરીને વિદાય કરી. રાતોરાત જાગીને કૅમ્પ ઊભો કર્યો અને 29મીએ તો રાહત ચાલુ થઈ ગઈ. આટલી ઝડપથી આ કામ ઊંઝાના કાર્યકર્તાઓ અને તેના પ્રેરક જગદીશભાઈથી જ થઈ શક્યું. અમને ક્ષત્રિયોની વાડી મળી, જ્યાં વસ્તુઓના ઢગલેઢગલા ખડકાયા. ચારે તરફથી માનવતા જાગી ઊઠી. ટ્રકો ભરી ભરીને દૂર દૂરથી લોકો પહોંચી જાય. હું પણ ઘણા દિવસો ત્યાં રહ્યો. જગદીશભાઈ અને બીજા કાર્યકર્તાઓએ પણ ખૂબ ભોગ આપ્યો. અમે લગભગ અઢાર દિવસ કૅમ્પ ચલાવ્યો. પછી બધું થાળે પડી ગયું હોવાથી જરૂર રહી ન હતી.

કૅમ્પ પૂરો થયો. બધા કાર્યકર્તાઓનું બહુમાન કર્યું. આ કૅમ્પની સફળતામાં શ્રી જગદીશભાઈનો બહુ મોટો હાથ હતો.

ઊંઝામાં જયઅંબે પગપાળા સંઘની સંસ્થા ચાલે. તેના પ્રમુખશ્રી આવ્યા. કહે કે અમારે માતાજીનું મંદિર બાંધવું છે, પણ સ્વતંત્ર જમીન લઈને નથી બાંધવું. અમારાથી એનું સંચાલન ન થઈ શકે. તમારા આશ્રમમાં બાંધીએ. અમને પણ લાગ્યું કે આ તરફ આટલા નજીકમાં કોઈ મંદિર નથી. ભવિષ્યમાં ગામ આ તરફ વધવાનું છે, એટલે યોગ્ય મંદિરની જરૂર તો પડવાની જ છે. અમે હા પાડી અને પથ્થરનું જૂની શૈલીનું મંદિર બંધાવવાનું શરૂ થયું. સુંદર મંદિર બંધાઈ ગયું અને ભવ્ય રીતે તેની પ્રતિમા-પ્રતિષ્ઠા થઈ. આ બધું જગદીશભાઈના નેતૃત્વ અને પ્રભાવનું જ પરિણામ કહી શકાય.

દશેક વર્ષ પહેલાં મારે બાયપાસ સર્જરી કરાવવાની થઈ. મદ્રાસની એપોલો હૉસ્પિટલમાં નક્કી થયું, ખર્ચો મોટો એટલે એક દિવસ નોટોની થપ્પીઓ લઈને શ્રી જગદીશભાઈ આવ્યા. આ લ્યો, ઑપરેશન માટે. હું જોતો જ રહી ગયો. ખરા સમયે માગ્યા વિના જે મદદ કરે તે સ્નેહી કહેવાય. તેમનો અત્યંત આગ્રહ હોવા છતાં પણ મેં એ મદદનો સ્વીકાર ન કર્યો, કારણ કે મને મારાં પુસ્તકોની રૉયલ્ટી મળતી હતી તે રકમ વપરાયા વિના જમા પડી હતી. મેં પુસ્તકો લખવા માંડ્યાં અને તે છપાવા માંડ્યા. ત્યારે મારી ઇચ્છા હતી કે હું “સર્વ હક્ક સર્વને સ્વાધીન” લખી દઉં. મારો કૉપીરાઇટનો હક્ક ઉઠાવી લઉં પણ મને શ્રી કુમારપાળ દેસાઈએ સલાહ આપી કે આવું ન કરાય. લોકો તેનો દુરુપયોગ કરશે. કૉપીરાઇટ તો તમારો જ હોવો જોઈએ. ભલું થજો તેમનું, મેં તેમની સલાહ પ્રમાણે રૉયલ્ટી લેવાનું કરેલું. એ અત્યારે ખરા સમયે મારા ઉપયોગમાં આવી હતી. મારી ધારણા છે કે બને ત્યાં સુધી કોઈનું પણ અહેસાન લેવું નહિ. હા, અહેસાન કરવાની તક મળે તો દુશ્મનના માથે પણ અહેસાન કરી દેવું. મારી બાયપાસ વખતે જો મેં ધાર્યું હોત તો પંદર-વીસ લાખ રૂપિયાની પ્રાપ્તિ થઈ શકી હોત. સૌ કોઈ રાજીખુશીથી આપવા તૈયાર હતા. પણ મેં મક્કમતાથી કહ્યું કે મારી પાસે પોતાની સગવડ છે. મારે કોઈનો એક પૈસો પણ જોઈતો નથી. મેં જરૂરી બધી રકમ રમણભાઈને સોંપી દીધી અને તાકીદ કરી કે કોઈની પાસેથી એક પૈસો પણ લેવો નહિ. તેમણે તેવું જ કર્યું. મદ્રાસ એપોલો હૉસ્પિટલમાં અમારે આઠ-દશ દિવસ રોકાવાનું થયું. શ્રી જગદીશભાઈ તથા બીજા બધા કાર્યકર્તાઓ ત્યાં રહ્યા અને મને જરા પણ તકલીફ ન પડે તેની પૂરેપૂરી કાળજી રાખી. આજે પણ હું પેલો ચહેરો ભૂલ્યો નથી, જ્યારે તેઓ ઑપરેશનની રકમ લઈને મને આપવા આવ્યા હતા.

ઊંઝાનો આશ્રમ સ્થાયી ડિપોઝિટના વ્યાજમાંથી ચાલે. અમે વૃદ્ધો પાસેથી મહિને માત્ર સો રૂપિયા જ લઈએ. આટલી રકમ તો વીજળીના બિલમાં જ જતી રહે. ચા-પાણી, જમવાનું વગેરે બધું જ ખર્ચ આશ્રમ ભોગવે, જે સરેરાશ માથાદીઠ હજાર રૂપિયા જેવું થાય. બાકીના નવસો રૂપિયા જેવો ખર્ચ બૅન્કોમાં પડેલી રકમના વ્યાજમાંથી પૂરો થાય. તિથિયોજનાના પૈસા બૅન્કમાં જમા કરેલા અને તેના વ્યાજથી આશ્રમ ચલાવીએ. બૅન્ક માંદી પડી છે, તેવા સમાચાર વહેતા થયેલા. બૅન્કના કર્તાહર્તાઓ બધા જ ગાઢ પરિચિતો હતા, એટલે અમે અવારનવાર તેમને કહીએ કે અમારી રકમ ઉપાડી લેવા દોને, પણ એક જ જવાબઃ “અમે બેઠા છીએને, કશી ચિંતા ન કરશો.” અમે આશ્વસ્ત હતા, અરે છેલ્લા દિવસે જગદીશભાઈ પાસેથી આઠ લાખ રૂપિયા અત્યંત જરૂરી હોવાથી જમા કરાવડાવ્યા. સાંજે તો બૅન્ક ફેલ થઈ ગઈ. અમારા ટ્રસ્ટના બાવીસ લાખ જેટલા રૂપિયા ડૂબી ગયા. હવે શું કરવું? આશ્રમ ચલાવવો કેવી રીતે? બહુ મોટો પ્રશ્ન ઊભો થઈ ગયો. આમ છતાં પણ આજ સુધી મને કશી જ ખબર પડવા દીધા વિના આશ્રમ ચાલી રહ્યો છે, કહો કે જગડૂશા ચલાવી રહ્યા છે. વળી મારો પ્રથમથી જ એવો નિયમ કે બને ત્યાં સુધી કોઈની પાસેથી કશું માગવું નહિ. આ નિયમને વળગીને પણ આશ્રમ ચાલી રહ્યો છે. તે શ્રી જગદીશભાઈનો જ મહિમા કહેવાય.

ગુજરાતમાં ઉપરાઉપરી દુષ્કાળ પડે. સૌથી મોટી ઉપાધિ પશુઓ માટે થાય. તેનો સ્થાયી ઉપાય તો પાણીને સમુદ્રમાં વહી જતું રોકીને ખેતરો તરફ વાળવાનો છે. પંદર-વીસ વર્ષ પહેલાં મેં ચેકડેમો બાંધવા માટે લેખ લખ્યો હતો. સૌરાષ્ટ્રના જ એક પત્રલેખકે તેને અવ્યાવહારિક ગણાવ્યો હતો પણ હવે આજે સૌરાષ્ટ્રમાં પચીસ હજારથી પણ વધુ ચેકડેમો બંધાઈ ગયા છે અને તેનાથી સૌરાષ્ટ્રના પાણીના પ્રશ્નને ઘણી રાહત મળી છે. હવે તો ચેકડેમોનું કામ પુરજોશથી સરકારી કક્ષાએ તથા લોકકક્ષાએ ચાલી રહ્યું છે. બીજો આધાર નદીઓ ઉપરના બંધોનો છે. તેમાં સૌથી મહત્ત્વનો બંધ સરદાર સરોવર છે. મેધાબહેન જેવાં અનેક પર્યાવરણવાદીઓ અંતરાય બનીને

ઊભાં છે. જેટલા અંતરાયો સરદાર સરોવરને થયા છે તેટલા બીજી કોઈ યોજનાને નથી થયા. અંતરાય નાખનારા આ તથાકથિત પર્યાવરણવાદીઓને ગુજરાતની જનતા કદી પણ માફ કરશે નહિ. જોકે હવે સરદાર સરોવરનું થોડુંક પાણી નહેરોમાં વહેતું થયું છે. પણ ઘણું કામ બાકી છે.

મોટો પ્રશ્ન ઉત્તર ગુજરાતનો છે. ઉત્તર ગુજરાતમાં સૌરાષ્ટ્ર જેવા પર્વતો કે નાની નાની નદીઓ નથી એટલે ચેકડેમો બાંધવાની શક્યતા ઘણી ઓછી છે. ત્યાં તો તળાવો ઊંડાં કરીને વરસાદી પાણીને સંઘરી શકાય તો જ પ્રશ્નનો ઉકેલ કાંઈક લાવી શકાય. આ દિશામાં અમે પણ કાંઈક કરવાનો નિર્ણય કર્યો. અમે એક જે.સી.બી. અને છ ટ્રેક્ટરો ખરીદ્યાં, અને ગામેગામ તળાવ ઊંડાં કરવાના કામે લગાડ્યાં. અમારા કેટલાક ટ્રસ્ટીઓએ આ કાર્યમાં ન પડવાની સલાહ આપી. કારણ કે વહીવટ અઘરો હતો, પણ શ્રી જગદીશભાઈએ બધી જવાબદારી માથે લીધી અને કામ ચાલુ કર્યું. માત્ર ડીઝલનો ખર્ચ લઈને તળાવો ઊંડાં કરવા માંડ્યાં. સરકાર પણ કોન્ટ્રાક્ટ આપીને આ કામ કરતી હતી. બન્ને વચ્ચેનો તફાવત સમજવા એક જ ઉદાહરણ પર્યાપ્ત થશે. સરકાર એક ઘનમીટર માટી છપ્પન રૂપિયે ખોદે છે, તો અમે માત્ર સાતથી તેર રૂપિયામાં ઘનમીટર માટી ખોદીને છેક પાળ ઉપર નાખીએ છીએ. સતત ત્રણ વર્ષ સુધી પૂરી કુશળતાથી શ્રી જગદીશભાઈ તથા તેમના સાથીઓએ મળીને આ કાર્ય કર્યું. આ વર્ષે સારો વરસાદ થતાં હવે આ કાર્યની બહુ જરૂર લોકોને ન લાગી એટલે અમારે આ પ્રવૃત્તિ સમેટી લેવી પડી છે. જોકે મારી સમજણ પ્રમાણે હજી પણ ઘણું કામ બાકી છે.

આ રીતે શ્રી જગદીશભાઈ અને તેમની મંડળીએ મળીને ઊંઝામાં ઘણી ઉત્તમ પ્રવૃત્તિ કરી છે તે ભુલાય તેમ નથી. તેમની આ બધી પ્રવૃત્તિઓ જોઈને અમારા ટ્રસ્ટે નિર્ણય કર્યો કે મારા અવસાન પછી ટ્રસ્ટની પૂરેપૂરી જવાબદારી શ્રી જગદીશભાઈને સોંપવી. મને શ્રદ્ધા છે કે પરમાત્મા તેમના હાથે ઘણાં ઉત્તમ-ઉત્તમ કાર્યો કરાવશે.

તેમની સહયોગી મંડળીમાં શ્રી અમૃતભાઈ, શ્રી કનુભાઈ, શ્રી પોપટલાલ, શ્રી ગોવિંદભાઈ,
શ્રી દશરથભાઈ વગેરે છે.

તા. 1-1-04

*

# 7. લીલાબહેન

જીવન ખતરાઓથી ભરેલું હોય છે. ખાસ કરીને જે લોકો સાહસ, પરાક્રમ અને વીરતાપૂર્ણ જીવન જીવતા હોય છે, તેમને ડગલે ને પગલે ખતરા આવતા જ હોય છે. જે પતંગો સુંદર બન્યા છે, રૂપાળા છે, પણ માત્ર દીવાલો ઉપર જ પ્રદર્શન માટે ટાંગેલા રહે છે, તેમને કશો ખતરો નથી. પણ જે પતંગો આકાશમાં ઊડે છે, તેમાં પણ જે માત્ર એકલા જ ઊડે છે, તેને પણ બહુ ખતરો નથી હોતો, પણ જે અનેક પતંગોની વચ્ચે ઊડે છે અને સારી રીતે ઊંચે ઊડે છે, તેને તો પૂરેપૂરો ખતરો રહેતો જ હોય છે. કારણ કે બધા જ પતંગો તેના દોરને કાપી નાખવા પેંતરા કરતા હોય છે. પેલી દીવાલે ટાંગેલા પતંગોના કરતાં આ પતંગ વધુ ધન્ય થાય છે. પતંગ બનીને જે કપાવાની બીકથી ઊડ્યા જ નહિ, તે નમાલા છે. ઊડતાં ઊડતાં કદાચ કપાઈ જવું પડે તો કપાઈને પણ ધન્ય ધન્ય થઈ જાય છે. ઉન્નતિ કદી પણ વિરોધ વિનાની હોતી નથી. અને માણસની મર્દાનગીનું માપ એ છે કે કેટલા વિરોધીઓ વચ્ચે પણ તે ખુમારીથી જીવન જીવી શક્યો! અમારા આશ્રમમાં પણ કાંઈક આવું જ બન્યું.

તે દિવસે બળેવનો તહેવાર હતો, કચ્છની લાંબી યાત્રા કરીને હું છેક સાંજે આશ્રમ પહોંચ્યો. આરતી થઈ ચૂકી હતી. મારી ઇચ્છા જમવાની ન હતી, એટલે મેં કહ્યું કે મારે જમવું નથી, પણ થોડાક લોકોના આગ્રહથી ચોકમાં જ બેઠાબેઠા મેં ફરસાણનો નાસ્તો કર્યો. જમ્યા પછી હું અર્જુનારિષ્ટ નામની આયુર્વેદિક દવાની બે ચમચીઓ તેટલા જ પાણી સાથે લઉં છું. શ્રી લીલાબહેન દવા લઈ આવ્યાં અને નાની પ્યાલી ભરીને મેં પીધી. પણ આ શું? દવામાંથી તો બીજી જ વાસ આવતી હતી. અડધી તો પિવાઈ ગઈ પણ બાકીની અડધી મેં થૂંકી દીધી. મેં કહ્યું કે અરે અરે... આ શું! કાંઈક ભૂલ થઈ લાગે છે. આ તો કાંઈક બીજી જ વસ્તુ છે. લીલાબહેને કહ્યું કે ના, ના, તમને જમ્યા પછી જે રોજ દવા આપું છું તે જ આ દવા છે. મેં કહ્યું કે, ના, ના, જાવ. ચેક કરો, એક-બે માણસો રસોડામાં ગયા અને ફ્રિજ ખોલીને અર્જુનારિષ્ટની બોટલ જોઈ. આ તે જ દવા છે, એવી ખાતરી કરાવવા લીલાબહેને પણ ઢાંકણું ભરીને દવા પીધી. બધાએ આવીને મને કહ્યું કે ના ના બોટલ અર્જુનારિષ્ટની જ છે અને દવા પણ એ જ છે. વાત પૂરી થઈ. થોડી વાર બેસીને સૌ વિદાય થયાં, હું ઊઠીને ઉપર સૂવા ગયો.

મેડા ઉપર હું એકલો જ સૂવું છું. આજુબાજુ કોઈ હોતું નથી. અડધો કલાક થયો હતો કે નીચેથી ભગવાનદાસે બૂમ પાડીઃ "બાપુ... બાપુ... લીલાબહેનને કાંઈક થઈ રહ્યું છે." મને ઊંઘ આવી ન હતી એટલે ઝડપથી હું બેઠો થયો. પગ નીચે મૂક્યા તો મને લાગ્યું કે મારા પગ બરાબર ગોઠવાતા નથી. મને પણ કાંઈક થયું લાગે છે. હું લીલાબહેનના દૂરના રૂમમાં ગયો તો લીલાબહેનની સ્થિતિ સારી ન હતી. તેમને ઝાડા થઈ ગયા હતા અને તેઓ કહેતાં હતાં કે હવે મને કશું દેખાતું નથી. અમે તરત જ પેટલાદથી ડોક્ટર બોલાવવા માણસ મોકલ્યો. પણ બળેવ હોવાના કારણે બધા જ ડોક્ટરો બહાર નીકળી ગયા હતા. જેમતેમ એક ડોક્ટર આવ્યો તો દરદીને જોયા વિના જ પાછો ચાલ્યો ગયો. છેવટે દસ વાગ્યે એક બાહોશ ડોક્ટર આવ્યા. મેં તેમને વાત કરી કે જલદી કોઈ ઉપાય કરો. તેમણે કહ્યું કે લીલાબહેનનો ઉપાય પછી પણ પહેલાં તમારો ઉપાય કરવો પડશે. તમારી આંખો કહી આપે છે કે તમને પણ ચઢ્યું છે. મને તત્કાળ બે ઇન્જેક્શનો આપીને તેઓ લીલાબહેન પાસે ગયા. લીલાબહેન અને તેમના પતિ શ્રી હરગોવિંદ જોષી અને બીજાં માણસો ચિંતાતુર ચહેરે બેઠેલાં. લીલાબહેનની પણ સારવાર કરી તેમને હોસ્પિટલમાં દાખલ કરવા લઈ ગયા. મારી પાસે કમ્પાઉન્ડર બેસાડ્યો અને દર બબ્બે કલાકે બબ્બે ઇન્જેક્શનો આપવાનું શરૂ કર્યું. મારા પક્ષમાં સારું એ થયું કે જેવી દવા મેં પીધી કે તરત જ મેં થૂંકી દીધું હતું. જે થોડીક દવા પેટમાં ગયેલી તેની અસર હતી. બીજી તરફ મને પણ ત્રણચાર ઝાડા થઈ ગયા જે મહા દુર્ગંધ મારતા હતા. તેમાં દવા નીકળી ગઈ. પરોઢિયું થતાં થતાં મને ઠીક થવા લાગ્યું. સવારે તો બિલકુલ ઠીક થઈ ગયું.

લીલાબહેનની તપાસ કરી તો તેમને પણ ઠીક થઈ રહ્યું હતું. સૌને શાંતિ થઈ. તેમના તથા શ્રી જોશી માટે સવારે ચા-નાસ્તો મોકલાવ્યો. ખરેખર શું થયું હતું તેની કશી સમજણ અમને કોઈને પડતી ન હતી. હશે, કાંઈક થયું હશે, તેમ સૌ માનતા હતા. ત્યાં સાડા દશે સમાચાર આવ્યા કે લીલાબહેને શરીર છોડી દીધું છે. સૌને ભારે આઘાત લાગ્યો. તેમના શબને આશ્રમમાં લાવવામાં આવ્યું અને તેમના

બધા દીકરાઓને સમાચાર આપ્યા. શ્રી વિનોદ જોશી વગેરે મારતી ગાડીએ આવી પહોંચ્યા અને તેમની ઇચ્છા પ્રમાણે સાંજે તેમને અગ્નિદાહ દીધો. ભારે હૈયે સૌ વિદાય થયાં. બીજા દિવસે જયંતીભાઈના પુત્ર હેમંત આવ્યા, તેમણે રસોડામાંથી અર્જુનારિષ્ટની બોટલ લાવીને મને સૂંઘાડી અને પછી કાર્યાલયમાંથી ખેતરમાં દવા છાંટેલું ડબલું લાવીને સૂંઘાડ્યું. અરે! આ શું! બન્નેની ગંધ એક જ પ્રકારની. નક્કી થયું કે આ ડબલામાંની દવા પેલા અર્જુનારિષ્ટમાં ભેળવાઈ છે.

બન્યું એવું હતું કે બાજુના ખેતરમાં આમળાનાં વૃક્ષોમાં કાંઈક રોગ આવેલો, તેને છાંટવા માટે દવા લાવેલા. ગામના બે છોકરાઓએ આવીને પંપના દ્વારા આ દવા છાંટેલી અને થોડીક વધેલી એને કાર્યાલયમાં મૂકેલી. પછી ખબર નહિ, કોના મનમાં શેતાન જાગેલો કે મારા આવતાં પહેલાં રસોડામાં જઈને પેલા અર્જુનારિષ્ટમાં આ દવા ભેળવી દીધી. દવા ભેળવનારને ખબર હતી કે જમ્યા પછી હું અર્જુનારિષ્ટ લઉં છું. એટલે તેણે એક કાંકરે બે પક્ષીઓ મારવાનું ગોઠવ્યું. દવા લીલાબહેન આપે છે, એટલે નામ તેમનું આવશે અને મારું કાસળ નીકળી જશે. અમે બધા વિચારમાં પડી ગયા. આ કામ કોણે કર્યું હશે? શા માટે કર્યું હશે? કશી ખબર જ ન પડે. ઘણા સમયથી એક બ્રાહ્મણનો છોકરો રહેતો હતો તેના ઉપર વહેમ પડ્યો પણ તે નિર્દોષ લાગ્યો, તોપણ લોકો કદાચ તેના ઉપર હાથ ન ઉપાડે એટલા માટે મેં તેને ચુપચાપ જતા રહેવા આગ્રહ કર્યો. જે જતો પણ રહ્યો. પરિચિત અમલદારો પણ તપાસના કામે લાગી ગયા. મારે કોઈની સાથે કશો બદલો લેવો ન હતો, પણ હું જાણવા માગતો હતો કે આ કામ કોણે કર્યું છે.

મેં પરમેશ્વરને પ્રાર્થના કરી, વારંવાર પ્રાર્થના કરી તો મને કલ્પનામાં પણ ન આવે તેવું એક ચિત્ર દેખાયું. હું કદી માનવા પણ તૈયાર ન થાઉં તેવું ચિત્ર વારંવાર મને દેખાડે. અંતે મને નક્કી થયું કે આ જ માણસે આ કામ કર્યું છે. પછી તો એક પછી એક બધી કડીઓ મળતી ગઈ અને વાત નક્કી થઈ ગઈ. મેં સી.આઈ.ડી.ના માણસોને આ દિશામાં કામ કરવાનું કહ્યું તો તેમણે પણ મને જણાવ્યું કે વાત સાચી છે, આ જ માણસ છે. મારા પ્રત્યે તીવ્રભાવ રાખનારા બદલો લેવા માગતા હતા, પણ મેં સૌને સમજાવીને વાર્યા. હશે! જેને જે સૂઝયું તે ખરું. પરમાત્મા તેનું પણ ભલું કરે.

મને થયું કે મને નવું જીવન મળ્યું છે અને તેમાં લીલાબહેન જ કારણ છે. જો તેમણે ખાતરી કરવા-કરાવવા ઢાંકણું ભરીને અર્જુનારિષ્ટ ન પીધો હોત તો તેમની તબિયત બગડત નહિ, તો ભગવાનદાસ મને બૂમ પાડત નહિ, તો હું નીચે આવત જ નહિ. તો લીલાબહેનના નિમિત્તે ડોક્ટરો બોલાવત નહિ, લીલાબહેન માટે આવેલા ડોક્ટરો મારો ઉપચાર કરત નહિ અને ઉપર જ પથારીમાં પડ્યો પડ્યો જ મરી જાત. કારણ કે મને પણ અસર તો થવા જ માંડી હતી. મારી આજુબાજુ કોઈ હતું નહિ. અસર વધતી વધતી મૃત્યુ સુધી પહોંચી જાત અને શેતાની ઇચ્છા પૂરી થઈ જાત, પણ પરમાત્મા મને હજી પણ જિવાડવા માગતો હતો, એટલે લીલાબહેનને જીવનદાતાનું નિમિત્ત આપ્યું. મને નવો જન્મ આપનાર લીલાબહેનની પુણ્યતિથિએ અમે દર વર્ષે કૃતજ્ઞતાપૂર્વક પેટલાદની બન્ને પાઠશાળા-ઓના બધા વિદ્યાર્થીઓ, આચાર્યો, આચાર્ય-પત્નીઓ તથા બીજા કેટલાક માણસોને બોલાવીને જમણવાર કરીએ છીએ. લીલાબહેનના ચિત્રની પૂજા કરીએ છીએ. કૃતજ્ઞતા વ્યક્ત કરીને હૈયું હળવું કરીએ છીએ. તેમનો બધો પરિવાર પણ ભાગ લેવા આવે છે.

સૌને જિજ્ઞાસા થશે કે આ લીલાબહેન કોણ હતાં! ત્રણેક વર્ષ ઉપર લીલાબહેન તથા તેમના પતિ શ્રી હરગોવિંદ ના. જોષી આશ્રમમાં રહેવા આવ્યાં. ઘરે કશું દુઃખ નહિ. બધા પુત્રો સારી સારી નોકરી કરે. વિનોદ જોષી તો કવિ, સાક્ષર અને ભાવનગર યુનિવર્સિટીમાં ડીનનું પદ શોભાવે. તેમનાં ધર્મપત્ની વિમલબહેન પણ સારી નોકરી કરે. સરસ બંગલો અને સારું જીવન. સૌને લીલાબહેન અને હ. ના. જોષી પ્રત્યે ખૂબ આદરભાવ. શ્રી હરગોવિંદભાઈને અમે ટૂંકા નામે હ.ના. કહીએ. તેઓ એંસી વર્ષ વટાવી ચૂકેલા હતા અને સિત્તેર વર્ષ વટાવી ચૂકેલાં લીલાબહેન. બન્નેનું આદર્શ અને પ્રેરણાસ્પદ દામ્પત્ય. પ્રાચીનકાળના ઋષિઓ મેં જોયા નથી, પણ વર્તમાનમાં જો કોઈ માણસને ઋષિ માનવા હોય તો હું હ.ના.નું જ નામ આપું. પહેલાં તેઓ ભાવનગર સ્ટેટમાં તલાટીની નોકરી કરે. કોઈની પણ પાસેથી કદી પણ એક પૈસાની પણ લાંચ ન લીધાનું ગૌરવ. એટલું જ નહિ, કોઈ પણ ખેડૂતને કદી ધક્કા ખવડાવવા નહિ. તરત જ કામ કરી આપવું તેવું કર્તવ્યવ્રત. ચોરામાં તેઓ તૈયાર જ બેઠા હોય. જે આવે તેનું તરત જ કામ કરી આપવાનું. ફરી આવજો કે પછી આવજોની વાત નહિ. લીલાબહેનને કહી રાખેલું કે જે પગાર મળે છે તેમાં જ પૂરું કરવાનું. બીજી કોઈ આશા-અપેક્ષા રાખવાની નહિ.

લીલાબહેન પણ એવાં જ સન્નારી. સાક્ષાત્ ઋષિપત્ની જ જોઈ લ્યો. મારા આશ્રમમાં ત્રણેક વર્ષ રહ્યાં. બધું રસોડું સંભાળે. કેટકેટલી મીઠાઈઓ પડી હોય પણ એક ટુકડો પણ લઈ ન જાય. કોઈ કોઈ વાર પૂછે કે હ. ના. માટે બે ટુકડા લઈ જાઉં! હું કહું કે આવું તે વળી પુછાતું હશે. તમારે જે જોઈએ તે લઈ જાવ. પણ ના, પૂછ્યા વિના લેવાય જ નહિ. પોતાનું દૂધ જુદું મંગાવે. આશ્રમના દૂધમાંથી ટીપુંય ન લે. એવી પ્રમાણિકતા કે આપણું માથું ઝૂકી જાય! આખો દિવસ કામ કરે. રસોઈ કરે. મહેમાન-પરોણાને સાચવે. વૃદ્ધોને સાચવે. હ. ના.ને સાચવે અને મને પણ સાચવે. શરીર સાવ દુર્બળ. દમનો વ્યાધિ. રાત્રે સૂવાય નહિ તેવો દમ ચઢે. પણ એક જ વાતઃ “અહીં મારી તબિયત સારી થઈ જાય છે, એટલે આટલું બધું કામ કરી શકું છું. ભાવનગરમાં તો મારાથી જરાય કામ થતું નથી.” તેવું કહે.. તેઓ તબિયત સારી રહેવામાં મારો ચમત્કાર માને. “બાપજીની કૃપાથી જ હું સારી રહું છું.” તેવું વારંવાર કહે. મારો ઉગ્ર સ્વભાવ હોવા છતાં પણ કદી તેમણે સામો જવાબ વાળ્યો નથી. જે કહું તે હા એ હા, મેં કદી પણ તેમનું મોઢું ચઢેલું જોયું નથી. સદાય સેવાતત્પર, કોઈ વાર મારી ભૂલ થતી હોય કે ગેરસમજ થતી હોય તોપણ એ જ ધીરગંભીર ચહેરે બધું સ્વીકારી લે. મેં મારા જીવનમાં આટલી ભલી બાઈ જોઈ નથી. તેઓ જ્યારે મારા નિમિત્તે અવસાન પામ્યાં ત્યારે હું કઠોર હૃદયનો હોવા છતાં પણ બાળકની માફક મ્હોંફાટ રડ્યો છું. આટલું રડવું તો મને મારી સગી માતાના અવસાન સમયે પણ નથી આવ્યું. જીવનમાં હજારો માણસો મળતાં હોય છે, પણ લીલાબહેનના જેવું માણસ તો હજારમાં નહિ, લાખમાં પણ કદાચ ન મળે. પૂર્વ કહ્યું તેમ કૃતજ્ઞતાપૂર્વક પ્રતિવર્ષ અમે તેમની તિથિ ઊજવીએ છીએ. અને રસોડાના બારણા ઉપર તેમનો તથા તેમના પતિ હ.ના.નો ફોટો મૂક્યો છે.

હ.ના. વિષે પણ થોડું જાણવું હિતકારી લાગે છે. પૂર્ણ તૃપ્ત અને પૂર્ણ સંતુષ્ટ ચહેરો એટલે હ.ના.નો ચહેરો. પેલા સંતોષી માણસના પહેરણની વાત તમે કદાચ વાંચી હશે. તેમાં શોધનારને અંતે સંતોષી માણસ તો મળ્યો હતો પણ તે પહેરણ વિનાનો હતો. હવે જો કોઈને પહેરણ સાથેનો સંતોષી માણસ જોવો હોય તો હ.ના.ને જોવા જવાનું. કોઈની પાસેથી કશી અપેક્ષા નહિ. કશી આશા નહિ, કશી ફરિયાદ નહિ. બસ શાંતિ, શાંતિ અને શાંતિ.

હ.ના. અમારા આશ્રમનું ગૌરવ હતા. તેમને વાંચવાનો બહુ શોખ. આટલી ઉંમરે પણ કાંઈનું કાંઈ વાંચ્યા કરે. તેમને “સૌરાષ્ટ્ર સમાચાર” બહુ ગમે. રાહ જોતા રહે. મારું પુસ્તકાલય બધું ફેંદી વળે. ઘણી મહેનત કરીને તેમણે તેને વ્યવસ્થિત કરી દીધું. એક વાર લીલાબહેને કહેલું કે આટલા વર્ષોના દામ્પત્યમાં અમે બન્ને કદી પણ લડ્યાં-ઝઘડ્યાં હોઈએ કે રિસાયાં હોઈએ તેવું કદી બન્યું નથી. તે મારા ભગવાન છે. તે જે કહે તે જ મારે કરવાનું. મેં કદી પણ તેમની આજ્ઞા ઉથાપી નથી. તેમના પગલે પગલે જ ચાલી છું. આજે તો ઘણું સારું છે. પણ જ્યારે છોકરાંઓની ફી ભરવાના પણ પૈસા ન હતા, ત્યારે પણ મેં કશી ફરિયાદ કરી નથી. જ્યારે લીલાબહેનનું અવસાન થયું ત્યારે હ. ના. નર્યા સ્તબ્ધ થઈ ગયા. પૂર્ણ સ્થિતિપ્રજ્ઞની માફક સ્થિર રહ્યા. માત્ર એટલું જ બોલ્યા કે “હું હવે નિરાધાર થઈ ગયો.” ખરેખર તેમની વાત સાચી હતી. પત્ની જો પ્રેમાળ, આજ્ઞાંકિત અને સેવાતત્પર હોય તો તેના અવસાન પછી વિધુર થનાર પુરુષ નિરાધાર જ થઈ જાય. જોકે હ. ના. આજે વિનોદભાઈના ત્યાં રહે છે. વિમલબહેન અને વિનોદભાઈ કહે છે કે અમારા ઘરમાં જીવતા ભગવાન રહે છે. બન્ને પૂરા ભાવથી સેવા કરે છે, એટલે તેમને ભૌતિક રીતે કશી તકલીફ નથી તોપણ આદર્શ પત્નીની ખોટ તો કદી પણ પૂરી શકાતી નથી. હું જ્યારે જ્યારે ભાવનગર જાઉં ત્યારે વિનોદભાઈના ત્યાં જ ઊતરું. હ. ના. તો હોય જ, તેમનાં દર્શન કરીએ એટલે જાણે ગંગાસ્નાન કર્યું હોય તેવું લાગે.

તા. 1-1-04

*

# ૪. કાશીબહેન મહીજીભાઈ પટેલ

એક યોજનાપૂર્વકનું જીવન હોય છે અને એક યોજના વિનાનું જીવન હોય છે. જેમ કોઈ કુશળ ડિઝાઇનર કેવું મકાન-ભવન બનાવવું તેની પૂરેપૂરી ડિઝાઇન કાગળ ઉપર બનાવીને પછી તે પ્રમાણે કામ કરતો હોય છે, તેમ માણસ પણ પોતાના જીવનની પૂરેપૂરી ડિઝાઇન બનાવે છે. મારે શું થવું, ક્યાં જવું, ક્યાં રહેવું વગેરે વગેરે. જ્યારે બીજા કેટલાક એવા હોય છે કે જીવનની કશી જ ડિઝાઇન નહિ. જે સમયે જે થવાનું હોય તે થયા કરે. જે થાય તેને સ્વીકારી લેવાનું. અને તે પ્રમાણે ચાલવાનું. મારા માટે આ બીજો ક્રમ છે. મેં કશી જ યોજના બનાવી નથી. માત્ર પરમેશ્વરની શરણાગતિ ભાવથી જે સમયે જે થાય તે સ્વીકારી લીધું છે. બધા જ લોકો આવું કરે તેવું મારું કથન નથી. પણ અંગત રીતે કહું તો આ બીજી વ્યવસ્થાથી મને કશું જ નુકસાન થયું નથી. મેં સહજરીતે જોયું છે કે જાણે કોઈ આગળ આગળ વ્યવસ્થા કરી રહ્યું છે, જે ઉત્તમ છે. આશ્રમ થયા પછી મોટો પ્રશ્ન હતો વ્યવસ્થાનો, ખાસ કરીને રસોઈનો. આ કામ કાશીબહેન અને મણિબહેને ઉપાડી લીધું. બન્ને રોજ સવારે પરવારીને આવે, બધી સાફસફાઈ કરે, પછી મારા માટે અને મહેમાન હોય તો તેમના માટે રસોઈ બનાવે. જમાડે. પોતે જરાય જમે નહિ અને ઘરે જાય.

કાશીબહેનના પતિ મહીજીભાઈ, મહારાષ્ટ્રમાં દુકાન કરતા, પણ બીમારીમાં અવસાન પામ્યા. નાનાં નાનાં બાળકો અને કાશીબહેન એકલાં, શું કરવું? જરાય હિંમત હાર્યા વિના તેમણે દુકાનનું સુકાન હાથમાં લઈ લીધું. પણ ભારતમાં કુલીન સ્ત્રીઓ ધંધા-રોજગારથી અલિપ્ત રહે છે. લાખ્ખો કરોડોનો ધંધો હોય પણ બધું પુરુષો જ કરે. સ્ત્રીને કશી જ ખબર ન હોય. પુરુષ મરે એટલે આખું ઘર મરી જાય. કારણ કે બધાં નિરાધાર થઈ જાય. જે લેણદારો હોય તે તકાદો કરે અને જે દેણદારો હોય તે ફરી જાય. કશું આપે નહિ. કાશીબહેનનું પણ એવું જ થયું. તેમને લાગ્યું કે આ નાનાં નાનાં બાળકોને અહીં રાખીને ધંધો કરવો શક્ય નથી. બધું સમેટીને દંતાલી આવી ગયાં. જૂના ઘરના ઘરમાં રહેવા લાગ્યાં, ખેતીવાડી જાતે કરે. કાળી મજૂરી કરે પણ એક જ ધ્યેય કે છોકરાઓને પૂરેપૂરા ભણાવવા. છોકરા પણ એવા કે બધા જ ભણવામાં હોશિયાર. કોઈને કશી ખોટી આદત નહિ. મોટો છોકરો રતિલાલ પૂરું ભણી શક્યો નહિ, કારણ કે ઘર ચલાવવાનું હતું. તેણે નામું લખવાની નોકરી સ્વીકારી લીધી અને બધા ભાઈઓને ભરપૂર ભણાવવામાં પૂરી મદદ કરી. જોતજોતામાં બધા મોટા થઈ ગયા. બધાને પરણાવ્યા અને બધા સારા નોકરીધંધે વળગી ગયા. હવે શાંતિ. ઘર ઘર ફરીને રોદણાં રડ્યા વિના પોતાના પુરુષાર્થથી આખા ઘરનો ઉદ્ધાર કર્યો. હવે કાશીબહેન નવરાં, એટલે આશ્રમમાં આવે અને રોજ મગની દાળ અને રોટી બનાવે. તેઓ થોડા જ સમયમાં મારી રુચિ સમજી ગયાં. મારે જોઈએ તેવી મગની દાળ અને તેવી જ કડક રોટલી બનાવે. મારે કદી ફરિયાદ કરવી ન પડે. વર્ષો સુધી તેમણે મને, માતા દીકરાને જે વહાલથી જમાડે તે વહાલથી જમાડ્યો છે. હવે તો તેમનું આખું કુટુંબ અમેરિકા ગયું છે અને બધાં બહુ જ સુખી છે. પણ એ જૂના દિવસો હજુ પણ આભાર સાથે યાદ કરું છું.

એક વાર અમે બધાં હિમાલયની ચાર ધામની યાત્રાએ ગયાં. કાશીબહેન પણ સાથે. તેમનું શરીર ઠીંગણું અને પાતળું સળેકડા જેવું, બીજાં બધાં ઘોડાં કરીને ઉપર બેસે પણ કાશીબહેન પગપાળા જ ચાલે. હિમાલયનાં ઉત્તુંગ શિખરો. એક બાજુ ઊંચો પર્વત હોય અને બીજી બાજુ ઊંડી ખીણ હોય. ચારેક ફૂટની પગદંડી ઉપર યાત્રાળુઓ ચાલે. જે નવાં નવાં આવ્યાં હોય તેમને તો બહુ જ બીક લાગે. હમણાં પડી જવાશે, હમણાં પડી જવાશે તેવું થયા કરે. જમનોત્રીના ઊંચા અને દુર્ગમ માર્ગ ઉપર કાશીબહેન રડતાં જાય અને ચાલતાં જાય. કહે કે ઘરે જઈને છોકરાંઓને કહીશ કે ગમે ત્યાં યાત્રા કરજો પણ કદી હિમાલયમાં જમનોત્રી અને કેદારનાથ ન જશો. ક્યારે મૃત્યુ આવી જાય તે કહેવાય નહિ. પ્રભુકૃપાથી અમે બધાંએ ચારે ધામની યાત્રા સકુશળ પૂરી કરી, પણ ક્યાંય કાશીબહેન ઘોડા ઉપર ન બેઠાં. આવાં કાશીબહેન અત્યારે તો અમેરિકામાં રહે છે. પણ જ્યારે પણ દંતાલી આવે ત્યારે આશ્રમને ભૂલતાં નથી. હજી પણ તેઓ જેટલા દિવસ રહે તેટલા દિવસ રસોઈ બનાવવા આવી જાય છે. હવે તો તેમની ત્રીજી પેઢીનાં બાળકો પણ રમતાં-કૂદતાં થઈ ગયાં છે.

1-1-04

*

# 9. મણિબહેન ગિરધરભાઈ પટેલ

જો તમને ઈશ્વર ઉપર શ્રદ્ધા હોય તો ચારે તરફ તે તમારા માટે સહાયક બનીને ઊભેલો દેખાશે. પહેલાં તે તમારામાં પાત્રતા ઊભી કરે છે. પાત્રતા જ તમારા પક્ષમાં વાતાવરણ બનાવે છે. જમા પાસાવાળું વાતાવરણ બહુ મોટી મૂડી છે. જે પૈસાની મૂડી કરતાં પણ વધારે કીમતી છે. દંતાલીના વૈદ્યનાથ મહાદેવમાં જીર્ણોદ્ધાર નિમિત્તે મારે પાંચેક મહિના રોકાવાનું થયેલું. ધીરે ધીરે આખું ગામ મારું ચાહક થઈ ગયું. હું માત્ર દાળરોટી જ જમું, બીજી કોઈ આવશ્યકતા નહિ. કશી માગણી નહિ અને રાતના બાર વાગ્યા સુધી મહાદેવમાં ત્રિકમપાવડો કોદાળી-તગારાં લઈને કામ કરું. ત્યારે મારી ઉંમર પાંત્રીસ-છત્રીસ વર્ષની હતી. (અત્યારે હવે તોંતેરમું બેસવાનું છે.) છેલ્લાં છત્રીસ વર્ષથી હું આ ગામમાં રહું છું. સૌએ મને ખૂબ પ્રેમ અને સદ્‌ભાવ આપ્યો છે. હમણાં ગયા વર્ષે જ ગામના યુવાનોએ મારી રક્તતુલા કરી હતી. રક્ત આપનારા એટલા ઊમટી પડ્યા હતા કે ઘણાને ના કહેવી પડી. જેને ના કહી તેમાંના ઘણા રડતા હતા કે અમારું લોહી કેમ નથી લેતા? રક્ત બૅન્કો અને બહારથી આવેલા મહેમાનો છક્ક થઈ ગયા કે આટલો બધો ભાવ અને આટલો ઉત્સાહ તો અમે ક્યાંય જોયો નથી.

દંતાલીમાં હું જ્યારે મહાદેવમાં રહીને મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતો હતો, ત્યારે મને જમાડવા માટે પડાપડી થતી. આજે નામ લખાવે તો બે મહિને વારો આવે. મારો કશો ખર્ચો જ નહિ. ગામમાં એક ગિરધરભાઈ જેશિંગભાઈનું ઘર. તેમનાં પત્ની મણિબહેન, બહુ જ ધીમું અને ઓછું બોલે. પણ સાધુ-સંતોને જમાડવામાં સદા તત્પર. મહાદેવના રામગિરિ પૂજારીને કહી રાખેલું કે મહાદેવમાં કોઈ પણ સાધુ-સંત આવે તો અમને પૂછ્યા વિના જ અમારે ઘેર જમવા લઈ આવવાના. મણિબહેનના કારણે જ ગિરધરભાઈ પણ આવી ઉદારતાને સ્વીકારતા. તેમનો સ્વભાવ થોડો ઉગ્ર ખરો, પણ બીજી તરફ મણિબહેન એટલાં જ સહનશક્તિનો સમુદ્ર. એક અક્ષર સામો ન બોલે. ધીરે ધીરે ગિરધરભાઈને પણ ખ્યાલ આવી ગયો કે ઘરમાં જે કાંઈ દૈવત છે તે આ બાઈનું છે. મને લાગે છે કે આવાં જ માણસોનાં દર્શન કરવાથી કલ્યાણ થતું હશે.

જ્યારે આશ્રમ બાંધવાનો થયો ત્યારે મારે તેમની ખળીની ઓફિસમાં રહેવાનું થયું. ચાર-પાંચ મહિના સુધી ખળીમાં રહીને આશ્રમનું બાંધકામ ચલાવ્યા કરું. આ ગાળા દરમ્યાન અને તે પછી પણ મણિબહેનનું ઘર મારી સેવા કરે. આશ્રમ તૈયાર થયો પછી હું આશ્રમમાં રહેવા ગયો તો ત્યારે પણ ઘણી વાર ઘરમાં કાંઈ સારું નરસું થયું હોય તો ડોલચું લઈને મણિબહેન પહોંચી જ જાય. જાણે એ સાક્ષાત અન્નપૂર્ણા હોય તેમ આગ્રહ કરીને જમાડે. પછી તો તે દેવ થઈ ગયાં. પણ આજે પણ તેમનો કરુણાર્દ્ર સાત્ત્વિક ચહેરો મને યાદ આવે છે. તેમનો અને પરિવારનો આભાર માન્યા વિના રહેવાતું નથી. દંતાલીમાં જ્યારે પટેલવાડી થવા લાગી ત્યારે પ્રવેશદ્વાર ઉપર ઊંચો ભવ્ય ટાવર બાંધવાનું નક્કી થયું. મારા કહેવાથી આ ટાવરની સેવા જેસિંગભાઈના પરિવારે આપી. ત્યારે માત્ર એકવીશ હજારમાં આ ટાવરની સ્વીકૃતિ મળેલી. આજે પણ આ ટાવરના દૂર દૂર સુધી ટકોરા સંભળાય છે.

તા. 1-1-04

*

# 10. મણિબહેન અંબાલાલ પટેલ

વિશ્વ એક કુટુંબ છે. ચારે તરફ સગાં જ સગાં છે. જો તમે પ્રેમાળ, લાગણીશીલ ઉદાર અને નિઃસ્વાર્થ હો તો. પણ જો આમાંનો એકે ગુણ તમારામાં ન હોય તો ચારે તરફ દુશ્મનો જ દુશ્મનો છે. તમારા માટે વિશ્વ જંજાળ બની જશે. દંતાલીમાં મારી રસોઈ બનાવવા જે બીજાં બહેન આવતાં તે મણિબહેન અંબાલાલ પટેલ. અંબાલાલનું ઘર મોટી ખાનદાનીવાળું ઘર ગણાય. કાળિદાસ નાનાભાઈની છાપ ભારે. એક સમય એવો પણ હતો કે તેમના ઘરમાં સોનાની પાટો રહેતી અને આખા ગામનું મહેસૂલ એકી કલમે કાળિદાસ ભરી આપે. તે જમાનામાં મહેસૂલ ન ભરે તેને ચોરામાં તડકે વાંકા વાળીને અંગૂઠા પકડાવવામાં આવતા. લોકોના ઘરમાં પૈસા જ નહિ. અમલદારોની ભારે જોહુકમી. લોકો થરથર કાંપે. પણ કાળિદાસ નાનાભાઈ અમલદારોને કહે કે જે થતું હોય તે બધું મહેસૂલ હું ભરી દઈશ, પણ મારા ગામમાં કોઈને અંગૂઠા પકડાવવાના નહિ.

આવું જાહોજલાલીવાળું ખાનદાન ઘર, પણ ચઢતી-પડતી કોની નથી આવી? ઉત્તરાધિકારીઓ જાહોજલાલીને બરાબર સાચવી કે પચાવી શક્યા નહિ. તેમાં પણ અંબાલાલના મગજ ઉપર કાંઈક અસર થઈ, જેને લોકો ચસકી જવાનું કહે છે તેવું કાંઈક થઈ ગયું. કશું કામ કરે નહિ, બાળકો નાનાં, કશી આવક નહિ. અને ખર્ચા ઘણા. ઘરમાં કશું પણ ન હોય તોપણ કોઈ મહેમાનને જમ્યા વિના પાછો જવા દેવાય નહિ. મણિબહેન ગમેત્યાંથી ઉછીનું-પાછીનું લાવીને પણ ઘરની ઉચ્ચતા જાળવી રાખે. ઘણી તપસ્યા કરીને તેમણે છોકરાંઓને ભણાવ્યાં. તેમનાં કેટલાંક વર્ષો તો બહુ જ કસોટીમાં વીત્યાં.

હું જ્યારે પહેલોવહેલો દંતાલી આવેલો ત્યારે એક વાર મણિબહેને મને ખાનગીમાં કહ્યું કે “એમને (અંબાલાલને) સમજાવોને કે મને મહાદેવનાં દર્શન કરવા જવા દે.” અંબાલાલના મગજમાં મૂર્તિપૂજાનો વિરોધ કોઈએ જમાવી દીધેલો, એટલે મણિબહેનને મહાદેવ ન જવા દે. મેં તેમને માંડ માંડ સમજાવ્યા અને દર્શન કરવા જવા દેવાની છૂટ અપાવી. અંબાલાલ બહુ જ સારા ભલા અને ભોળા માણસ. પણ શું કરે! મગજ જ કાંઈ એવું થઈ ગયું કે કોઈનું માને નહિ. આવી સ્થિતિમાં પણ મણિબહેન આદર્શ સન્નારીની માફક તેમને દેવ માને. તેમની બધી ઇચ્છાઓ પૂરી કરે. તેમને જરાય ઓછું આવવા ન દે. પૂરેપૂરી સેવા કરે. અંબાલાલ જીવ્યા ત્યાં સુધી તેમની મગજ-શક્તિ બરાબર ન થઈ. ધીરે ધીરે ઘરની સ્થિતિ સુધરવા માંડી. છોકરાઓ મોટા થયા. નોકરી-ધંધે લાગ્યા. અમેરિકા ગયા અને ગામ બહાર સરસ બંગલો પણ બંધાયો. ગામમાં સારાં કામ થતાં હોય તો ઉદારતાપૂર્વક દાન પણ આપે. પાણીની ટાંકી તેમણે બંધાવી આપી. આવાં મણિબહેન રોજ મારા આશ્રમમાં આવે. વાળીચોળી ચોખ્ખું કરે અને રસોઈ પણ બનાવે. કદી પણ આશ્રમની કોઈ વસ્તુ ઘેર ન લઈ જાય. બીજાં બધાં પ્રસાદ લે, પણ મણિબહેન તો કદી પ્રસાદ પણ ન લે. આશ્રમનો એક કણ પણ અમને ન ખપે. પૂર્ણ નિઃસ્વાર્થ ભાવથી સેવા કરે. પહેલાં હું નીચેના રૂમોમાં રહેતો હતો પછી હોલના મેડા ઉપર રહેવા ગયો. મણિબહેનની સાથે વિમળાબહેન પણ આવે. આ બે જ બહેનો મેડા ઉપર જાય, બીજું કોઈ નહિ. કારણ કે મારું બધું અસ્તવ્યસ્ત પડ્યું હોય. તેમાં પૈસા પણ આડાઅવળા પડ્યા હોય. મારા ઝભ્ભાના ગજવામાં પૈસા હોય. હું કદી પણ તે સાચવીને મૂકું નહિ. મણિબહેન, બધું સાચવીને ગોઠવીને મૂકે. મને કહે કે અહીં મૂક્યા છે. કઈ વસ્તુ ક્યાં પડી છે તેની મને કશી ખબર ન હોય. પણ મણિબહેનને બધી ખબર હોય. તેમનો સ્વભાવ બહુ ઉદાર-પરગજુ. મેં તેમને કહી રાખેલું કે ગામમાં કોઈને મદદ કરવા જેવી હોય તો તમારે મને કહેવું. તે ખોળી-ખોળીને ગરીબ માણસોને મદદ અપાવે. મને આનંદ થાય. ઘણાં વર્ષો સુધી તેમણે એકધારી તદ્દન નિઃસ્વાર્થ ભાવથી મારી સેવા કરી. હું તેમને મોટાં બહેન માનતો. ઘણી વાર તેમની સલાહ પણ લેતો. હવે તો તે નેવું વર્ષ વટાવી ચૂક્યાં છે. તેમને કંપવાનું દરદ થયું છે. માથું હાલ્યા જ કરે. તોપણ ભાવના એવી ને એવી ઊંચી રહે. તેમના આગ્રહથી પ્રતિવર્ષ બેસતા વર્ષના દિવસે હું મહાદેવનાં દર્શન કરીને વળતી વખતે તેમના ઘરે જાઉં છું. તેમના આનંદ માટે. આમ હું કોઈના ત્યાં જતો નથી. આવાં મણિબહેને નિઃસ્વાર્થભાવથી મારી ને આશ્રમની ખૂબ સેવા કરી છે, તેમનો આભાર માનીએ તેટલો થોડો છે.

તા. 1-1-04

*

# 11. કુસુમબહેન ધીરુભાઈ પટેલ

જીવન સંબંધોના પાટા ઉપર ચાલતું હોય છે. સંબંધો વિનાનો ભાગ્યે જ કોઈ માણસ હશે. સૌને સારા-ખોટા સંબંધો હોય જ છે. માણસની પોતાની કક્ષા પ્રમાણેના સંબંધો તેને અનુકૂળ રહેતા હોય છે. દારૂડિયાને દારૂડિયા સાથે અને ગંજેરીને ગંજેરી સાથે અનુકૂળતા રહે છે. વિરુદ્ધ પ્રકૃતિ અને વિરુદ્ધ આદતોવાળાના સંબંધો લાંબો સમય ટકતા નથી અને કદાચ ટકે તો તે સુખદાયી થતા નથી હોતા. કેટલાક સંબંધો પ્રયત્નોથી બંધાતા હોય છે તો કેટલાક સહજ રીતે વિના પ્રયત્ને બંધાતા હોય છે. મારી બાબતમાં હું નિશ્ચયપૂર્વક કહી શકું કે મેં પ્રયત્નપૂર્વક—યોજનાપૂર્વક કદી કોઈની સાથે સંબંધો બાંધ્યા નથી, કારણ કે પ્રયત્નપૂર્વકના સંબંધો અપેક્ષાથી બંધાતા હોય છે. પરમેશ્વરે મને તેનાથી મુક્ત રાખ્યો છે. અપેક્ષાથી પ્રયત્નપૂર્વક બંધાયેલા સંબંધો સ્થિર નથી હોતા. અપેક્ષા પૂરી થાય તો મજબૂત બને અને અપેક્ષા પૂરી ન થાય તો ઢીલા થઈ જાય. મારા જેની સાથે સંબંધો થયા છે તે કાં તો કુદરતસહજ પ્રભુપ્રેરણાથી થયા છે, અથવા સામે વાળાની અપેક્ષાથી—પ્રયત્નો થયા છે. બીજા નંબરે થયેલા સંબંધો દીર્ઘજીવી નથી રહી શક્યા. ખરું કહું તો સામો પક્ષ સાચવે તો જ તે સંબંધો સચવાયા છે. મારા તરફથી તેવા પ્રયત્નો થયા નથી. અપેક્ષાથી બંધાયેલા સંબંધો તૂટે તેનો મને કશો હર્ષશોક પણ નથી થયો. એકબે ઉદાહરણ આપું તો વાત બરાબર સમજાશે.

એક સજ્જન સાથે ઠીકઠીક સંબંધ વિકસેલો. એક વાર યાત્રાપ્રવાસમાં પણ સાથે જોડાયેલા. અવારનવાર તેઓ આશ્રમે આવે, એક વાર આવીને કહે કે એક જગ્યાએ “પ્રતાપચોક”નું નામાભિધાન કરવાનું છે. મને રાણા પ્રતાપ પ્રત્યે અનહદ માન છે એટલે મેં હા પાડી. જ્યારે ચોકમાં ગયા ત્યારે ખબર પડી કે આ રાણા પ્રતાપનો ચોક નથી પણ કોઈ રબારીભાઈનો ચોક છે. કાંઈક માથાભારે અને ધાકવાળો આ માણસ હોવો જોઈએ. મને થયું કે ફસાઈ ગયા. જેને હું સહેજ પણ ઓળખતો નથી તેના વિશે શું બોલવું? પણ જેમતેમ પ્રવચન થયું, સભા પૂરી થઈ. ભારે દુઃખ સાથે પાછો ફર્યો.

એકાદ-બે વર્ષ પછી ફરી પાછા આ ભાઈ એક સ્કૂલ માટે આમંત્રણ આપવા આવ્યા. મેં સ્પષ્ટ ના પાડી અને પેલા પ્રતાપચોકનો શ્લેષ કર્યો. તમારે સ્પષ્ટ કહેવું જોઈતું હતું કે આ ચોક રાણા પ્રતાપનો નહિ, પણ મારા મિત્ર ફલાણા-ફલાણા પ્રતાપનો છે. ગોળ ગોળ શ્લેષાત્મક બોલીને તમે મને મુશ્કેલીમાં મૂકી દીધો હતો, હવે તમારા કોઈ આમંત્રણમાં નહિ આવું. તેમને માઠું લાગ્યું, મોઢું ચઢાવીને ગયા અને સંબંધ તોડી નાખ્યો, એટલું જ નહિ, તેઓ નિંદક પણ થઈ ગયા તેવું સંભળાયું. કેટલાક લોકો એમ માનતા—મનાવતા હોય છે કે બાપજીને અને મારે ગાઢ સંબંધ છે. હું કહું એટલે તેઓ ના પાડી જ ન શકે. આવો ફૂલણશી દાવો કરે અને પછી તેમની અપેક્ષા પૂરી ન થાય એટલે સંબંધ તોડી નાખે, એટલું જ નહિ વિરોધી થઈને નિંદક પણ થઈ જાય.

એક બીજા ભાઈ સાથે પણ સારો સંબંધ. સૌરાષ્ટ્ર આવતાંજતાં જીપ ભરેલું કુટુંબ આવે, રમે-જમે. કોઈ કોઈ વાર આશ્રમનું કાંઈ કામ પણ કરે. કેસેટો સાંભળે. એક વાર આવ્યા કે અમે એક સ્થળે એક્યુપંક્ચરની શિબિર રાખી છે. તમારે હાથે તેનું ઉદ્‌ઘાટન કરવાનું છે, મેં કહ્યું કે “એક્યુપંક્ચરમાં હું બહુ માનતો નથી, તેમ તે બાબતમાં મારી સમજણ પણ થોડી છે એટલે હું પૂરેપૂરો ન્યાય આપી શકીશ નહિ. હું નહિ આવું.” તેમને ખોટું લાગ્યું. અપેક્ષા પૂરી ન થઈ, સંબંધ તૂટી ગયો. બસ તેઓ આવતા બંધ થઈ ગયા. જોકે તેમની ખાનદાની જ કહેવાય કે તેઓ પેલા ભાઈની માફક વિરોધી બનીને નિંદક ન બન્યા. આવાં તો કેટલાંય ઉદાહરણો આપી શકાય જેમાં હોંશે હોંશે લોકો સંબંધ બાંધે અને અપેક્ષા પૂરી ન થતાં તોડી નાખે અને વિરોધી પણ થઈ જાય. પણ આવું તો સૌકોઈની સાથે થોડાઘણા અંશે થવાનું જ.

સૌથી અઘરો સંબંધયોગ છે. તેને નિભાવવો કે પાર પાડવો તે અત્યંત કઠિન કાર્ય છે. જેટલી અપેક્ષા થોડી તેટલી જ સંબંધની પકડ મજબૂત થઈ શકે. કશી જ અપેક્ષા ન હોય તો તે પ્રેમ કહેવાય, પણ એક પક્ષ તુચ્છકાર કરે તોપણ જે સંબંધ ન તૂટે તે દૈવી પ્રેમ કહેવાય. દૈવીપ્રેમ જ દેવની સાધનાનું મુખ્ય પરિબળ છે. આવો દૈવી પ્રેમ પ્રસંગોની કસોટીથી પ્રગટતો હોય છે. શ્રદ્ધા અને પ્રેમ કસોટી વિનાનાં હોય જ નહિ. સોનાની કસોટી હોય જ. હા, પિત્તળની કસોટી ન હોય. જે લોકો ગણતરીપૂર્વકનો પ્રેમ કરે છે, તે વાણિયાપ્રેમ છે. તેમાં ડહાપણ તો હોય છે; પણ બલિદાન નથી હોતું, વાણિયાપ્રેમ સ્વરક્ષણની શરતે હોય છે. આ જ ડહાપણ છે. સ્વરક્ષણની હાનિ દેખતાં જ તે શિથિલ

થઈ જાય છે. તેમાં ડહાપણ એવું હોય છે કે સંબંધ કે પ્રેમને તોડીને શત્રુતા ન કરે પણ ધીરે રહીને તે ખસી જાય. છોડને પાણી ન પિવડાવો એટલે આપોઆપ સુકાઈ જાય. વાણિયાપ્રેમ પણ આવી રીતે સુકાઈ જાય. જીવનમાં આવા પ્રસંગો પણ આવતા જ હોય છે. આ સંબંધો જ સુખ-દુઃખદાયી બનતા હોય છે. અપેક્ષાઓ વિના પણ જે છેક બલિદાનની કક્ષા સુધી જે સંબંધ પહોંચે તે દૈવી પ્રેમ છે. જે દુર્લભ જ નહિ, અતિ દુર્લભ છે.

ઝાંબિયાના બેત્રણ વારના પ્રવાસમાં મારે એક દંપતી સાથે પરિચય થયો. તે શ્રી ધીરુભાઈ તથા તેમનાં પત્ની કુસુમબહેન. એક વાર તો મારો ઉતારો પણ તેમના ત્યાં રહ્યો. બન્ને પ્રભુપરાયણ. સેવાભાવી. મોટી ઉંમર થઈ ગઈ હોવા છતાં સંતાનસુખ વિનાનાં, પણ બન્નેએ મન વાળી લીધેલું. હવે સંતાનની કોઈ તૃષ્ણા નહિ. પણ ભજન-કીર્તન, સત્સંગનો અભ્યાસ ખરો. બન્ને ઉદાર, વધુ પડતાં ઉદાર. કુસુમ જો રામલીલા જોવા ગઈ હોય અને પેલો ટહેલ નાખે તો દાગીના ઉતારીને આવે. ધીરુભાઈ કાંઈ ન બોલે. અનાવશ્યક સ્થળે અતિ ઉદારતા પણ દોષ જ કહેવાવો જોઈએ. હું તેમને વારંવાર ટોકું કે વૃદ્ધાવસ્થાનો ખ્યાલ કરો અને જે છે તેને સાચવો. આવેશ કે ઊભરામાં આવીને જે દાન થાય છે તેમાં ડહાપણ નથી હોતું. કથાકારો તો આવો ઊભરો લાવીને લોકોને ખંખેરી લેવાની કળા જાણતા હોય છે. તેને જ લોકો વધુ બોલાવે છે, કારણ કે તમેય કમાઓ અને અમને પણ કમાણી કરી આપો તેવી ગોઠવણ હોય છે. તેઓ ઝામ્બિયા છોડીને નવસારી આવ્યાં, ફ્લૅટ લીધો. હું વારંવાર ટોકું કે પૈસા ઓછા વાપરો પણ ખાસ અસર ન થાય. વળી તેમનું ઘર જ્યારે જુઓ ત્યારે મહેમાનોથી ભરેલું રહે. ચાર દિવસ માટે આવ્યા હોય અને મહિનો રહી પડે તેવી આગતા-સ્વાગતા થાય. તેઓ બે જણાં જ પણ કામવાળીઓ બે-ત્રણ રાખે. કાર પણ ખરી. મહેમાનોને લાવે. લઈ જાય. નવસારીમાં ફેરવે. હવે કોઈ શું કામ બીજે જાય! કોઈ કોઈ વાર મારે પણ તેમના ત્યાં ઊતરવાનું થાય. કુસુમના હરખનો પાર નહિ, મારે દાળ-રોટી બે જ વસ્તુઓ જમવી હોય પણ તે પંદર વસ્તુઓ બનાવે. પરોઢિયેથી રાંધરાંધ કરે, બે કામવાળીઓ અને આજુબાજુથી બેત્રણ બહેનપણીઓને બોલાવે. ખરો જમનારો હું એક જ હોઉં પણ પંદર માણસો જમે. હું બન્નેને વારંવાર ઓછો ખર્ચ કરવા ટોકું પણ માને એ બીજાં. પાછું, હું નીકળું ત્યારે સીંગ-ચણાથી માંડીને મીઠાઈઓ સુધીનાં પડીકાં ભરી આપે. આપ્યાનું જરાય પ્રદર્શન ન કરે. બધું ચુપચાપ ગાડીમાં મૂકી દીધું હોય. આશ્રમમાં આવે ત્યારે પણ થેલા ને થેલા ભરીને બધું લઈ આવે. મહિનાઓ સુધી આશ્રમ સંભાળે. ભારે શરીર હોવા છતાં પણ આખો દિવસ રસોડામાં કામ કરે. તદ્દન ઓછું બોલે. કોઈને પણ ભારે અવાજે કશું કહે નહિ. કહો કે કહી ન શકે. લોકો પાસેથી કામ લેવા કરતાં જાતે કામ કર્યા કરે. થાકી જાય, બીમાર થઈ જાય પણ વાત ન કરે.

ધીરુભાઈ જરા લહેરીલાલા. કામ હોય તોય અને ન હોય તોય ગાડી લઈને પેટલાદના એકાદ બે આંટા મારવા જોઈએ. બન્નેની ઉંમર સાઠ નજીકની, ભારે શરીર અને કંઈક રોગી પણ ખરાં. મને ચિંતા થાય આ લોકોની પાછલી જિંદગી કેવી રીતે વીતશે? તેવામાં સમાચાર મળ્યા કે જે ફૅક્ટરીમાં તેમણે જીવનની બધી ભેગી કરેલી મૂડી મૂકી હતી અને જેના વ્યાજમાંથી જીવનનિર્વાહ ચાલતો હતો તે બંધ પડી ગઈ છે. ફૅક્ટરી નજીકના સગાની. મોટી ભૂલ એ થઈ ગયેલી કે બધી જ રકમ એક જ જગ્યાએ મૂકેલી. હવે શું કરવું! જરાય હાયવોય નહિ. કોઈના આગળ કશી ફરિયાદ નહિ. મેં બહુ સમજાવીને નવસારીથી વતન વાંકાનેરમાં બાપદાદાના ઘરમાં રહેવા જવા મોકલ્યાં. જૂનું ઘર, બહુ લાંબું-પહોળું, વર્ષોથી એક રબારી ભાઈને વગર ભાડે રહેવા આપેલું. તેણે પ્રેમથી ખાલી કરી આપ્યું. તેમાં સુધારોવધારો કરીને ત્યાં રહેવા લાગ્યાં. મહેમાનો તો અહીં પણ શોધતા શોધતા આવી જ જાય. એમ કહો કે તેઓ જ બોલાવી લાવે. જ્યારે જુઓ ત્યારે ઘર ભરેલું જ હોય.

આ દંપતી દંતાલી આવે, ખાસ કરીને મારે જ્યારે પ્રવાસમાં જવાનું હોય ત્યારે આશ્રમ સંભાળે. મારા રૂમમાં બધું ઠીકઠાક કરે. મારી આળસના કારણે કેટલુંય અસ્તવ્યસ્ત હોય અને કેટલુંય બગડતું હોય તે બધું ઠીક કરે. ખૂબ સેવા કરે. એટલું જ નહિ, જાય ત્યારે કદી ખાલી હાથે ન જાય. કાર્યાલયમાં પૈસા જમા કરાવે. બીજાઓને પણ કાંઈનું કાંઈ આપે. મારી બહુ જ ચિંતા અને કાળજી રાખે. હું કુસુમબહેન કહીને બોલાવું તો કહે કે હું તો તમારી આગળ છોકરી કહેવાઉં. મને તો કુસુમ જ કહેવાનું. હું જે માથા ઉપર ટોપી પહેરું છું તે ત્રીસ વર્ષ જૂની છે. તેની જ બનાવડાવેલી છે. ઝાંબિયામાં તેણે બનાવડાવેલી. તે પછી તો ઘણી ટોપીઓ બનાવડાવી પણ આવી બની

શકતી નથી. આવું કરચલીઓ ન પડે તેવું કાપડ પણ મળતું નથી. હું એ જ ટોપીએ ચલાવ્યે રાખું છું. આટલાં વર્ષો પછી પણ બન્નેના વ્યવહારમાં કશો ફરક પડ્યો નથી. કારણ કે કશી અપેક્ષા જ નથી. હવે બન્નેનાં ઢીંચણ ઘસાયાં છે. ચાલવામાં તકલીફ થાય છે, પણ ચાલતાં રહે છે. આ દંપતીનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ ગણાય.

તા. 2-1-04

*

# 12. પ્રો. ચિમનલાલ ત્રિવેદી

સાધુ-સંતોએ પૂર્વાશ્રમીઓ સાથે સંબંધ ન રાખવો જોઈએ, તેવું અમારી સાધુપરંપરામાં એક મૂલ્ય છે. વૈરાગ્ય સ્થાયી ભાવ નથી. તે ઊભરાની માફક ચઢે અને પછી ઊતરી જાય. વૈરાગ્ય ચઢે ત્યારે વિચારો જુદા હોય અને ઊતરી જાય ત્યારે વિચારો જુદા થઈ જાય. ખાસ કરીને પાછલી જિંદગીમાં વિચારો બદલાઈ જતા હોય છે, કારણ કે વૈરાગ્યનો ઊભરો બેસી ગયો હોય છે. આવા સમયમાં માણસને એ પૂર્વાશ્રમનાં માણસો યાદ આવે અને તેમની સાથે સંબંધ વધે, તો કેટલાક અનર્થો થવાની સંભાવના રહે છે.

પ્રથમ તો, અત્યાર સુધી ભેગી થયેલી સંપત્તિ કુટુંબ તરફ વળવા લાગે છે. પૂર્વાશ્રમના માણસો, સંસ્થાના મહત્ત્વના સ્થાને ગોઠવાવા લાગે છે. એમ કહો કે આખો આશ્રમ અથવા સંસ્થા જ એક કુટુંબના વહીવટમાં આવી જાય છે. પોતાના કુટુમ્બીઓને ગોઠવવા, જૂના અને યોગ્ય માણસોને દૂર કરવાના કાવાદાવા શરૂ થઈ જાય છે. કારણ કે તે બધા હોય ત્યાં સુધી કુટુંબીઓને ગોઠવી શકાય નહિ. આ અફરાતફરીમાં ઘણાને અન્યાય થઈ જાય છે. એક વાર કુટુમ્બીઓને ગોઠવી દીધા પછી તેમના ઉપર કોઈનું કશું નિયંત્રણ રહેતું નથી. તે ગમે તે કરે તોપણ કોઈ કશું બોલી શકતું નથી. આ રીતે સંસ્થાની મિલકતનો દુરુપયોગ શરૂ થઈ જાય છે. સંસ્થાનું સાત્ત્વિક વાતાવરણ ડહોળાઈને રાજસિક કે તામસિક થવા લાગે છે. ઘણી વાર તો મારામારી, હત્યાઓ અને કોર્ટકચેરીઓ પણ થાય છે. આવા બધા દોષોથી ધાર્મિક સંસ્થાને બચાવવા કદાચ પૂર્વાશ્રમીઓથી દૂર રહેવા કે દૂર રાખવાનાં મૂલ્યો નિર્મિત થયાં હશે. એ યોગ્ય જ લાગે છે. હિન્દુધર્મની ઘણી સંસ્થાઓએ આ મૂલ્યો જાળવ્યાં નથી. સમર્થ ધર્મપુરુષોએ પહેલાં વ્યક્તિપૂજા ચલાવી છે. અર્થાત્ પૂરું ફોકસ પોતાના જ ઉપર કરવાનું. અનુયાયીઓને પોતાના સિવાય બીજું કાંઈ દેખાવું જ ન જોઈએ. તેનું બ્રેઇનવોશ કરવાનું. પોતાનાં જ ચિત્રો ઘરમાં રાખવાનાં. બીજાનાં કાઢી નાખવાનાં. બોલપેન, પેન, લોકેટ વગેરે બધાં ઉપર પોતાનાં જ ચિત્રો છપાવવાનાં. એક પ્રકારથી અનુયાયી વ્યક્તિ અંધ થઈ જાય. તે પછી વંશપૂજા પ્રચલિત કરવાની, જેથી વ્યક્તિની હાજરી કે ગેરહાજરીમાં તેનો વંશ પૂજાયા કરે. ટ્રસ્ટો કે ગાદીઓમાં પોતાના પરિવારનાં જ માણસો ગોઠવી દેવાનાં જેથી ટ્રસ્ટનો દોર ઘરમાં જ રહે. આવાં બધાં અનેક ષડ્યંત્રો મોહ છોડાવનારાઓના ઘરમાં કુટુંબમોહથી થતાં રહેતાં હોય છે.

કદાચ આવાં કારણોસર ધાર્મિક પુરુષોને પૂર્વાશ્રમીઓથી દૂર રહેવાનું કે તેમને દૂર રાખવાનું કહ્યું હશે. જોકે બહુ મોટા મનાતા લોકોએ આ મૂલ્યોનું પાલન નથી કર્યું. જેણે જેટલી ત્યાગ-વૈરાગ્ય અને સંસ્કૃતિની ઊંચી વાતો કરી છે તે સૌથી વધુ કુટુમ્બમોહ તરફ ઢળી ગયા છે. એથી ધાર્મિક સંસ્થાઓ ઊંચે ચઢીને નીચે પછડાતી રહી છે, કારણ કે વંશપરંપરાના અયોગ્ય માણસો પણ સરળતાથી ઉત્તરાધિકારી થઈ શકતા હોય છે. મોટા ભાગે આવાં સ્થાનો ઝઘડાના બખડજંતરમાં ફસાયેલાં રહેતાં હોય છે.

મેં ગૃહત્યાગ કર્યો તે પછીનાં અઢાર વર્ષો સુધી મારા પૂર્વાશ્રમીઓને મારો કશો અત્તોપત્તો ન હતો. હું પૂછવા છતાં પણ પૂર્વાશ્રમનું સ્થળ વગેરે બતાવતો નહિ. પણ અઢાર વર્ષ પછી કોઈ મને ઓળખી ગયું અને તેણે ગામમાં પ્રચાર કરી દીધો. આ રીતે અઢાર વર્ષ પછી પરિચય થયો, પણ આ પરિચય વધુ આગળ ન વધે તેના પ્રયત્નો હું કરતો રહ્યો છું. આજે પણ હું સુરક્ષિત દૂરી રાખી શક્યો છું. એથી બીજા ઘણા લોકોએ જે કર્યું તે હું પણ ન કરી બેસું તેની દઢતા રહે છે. પણ તેમાં એક અપવાદ છે.

જાણતાં-અજાણતાં અથવા કહો કે ઈશ્વરની પ્રેરણાથી વક્તાની સાથે સાથે હું લેખક પણ થયો. હું કાશી વગેરે સ્થાનોથી વર્ષો પછી ગુજરાત આવેલો એટલે મારી ગુજરાતી ભાષા ઉપર હિન્દીનો પ્રભાવ રહેતો. વળી જોડણીની મુશ્કેલી તો ખરી જ. હ્રસ્વ-દીર્ઘની કશી ખબર ન પડે. એટલે પ્રેસમાં જતાં પહેલાં મારું લખાણ તપાસવું અનિવાર્ય થઈ ગયું. આ કામ પ્રસિદ્ધ સાહિત્યવિવેચક પ્રો. ચિમનલાલ ત્રિવેદીએ કરવા માંડ્યું. ત્રિવેદી મારા પૂર્વાશ્રમના બનેવી કહેવાય. અમે એક જ ગામના, તેમનાં લગ્ન પણ ગામમાં જ—અમારા કુટુંબમાં થયેલાં. મારા થોડા જ દૂરના કાકાની દીકરી ગોદાવરીબહેન (અત્યારે તારા- બહેન) સાથે તેઓ પરણ્યા. તેમનાં બહેન-બનેવીની સહાયતાથી તેઓ અમદાવાદ આવ્યા અને કોલેજમાં અભ્યાસ કરી, પછી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા અને નિવૃત્ત પણ થયા. બચપણમાં અમારો બહુ સંપર્ક નહિ, કારણ કે તેઓ બહાર રહેતા. કોઈકોઈ વાર દિવાળીના દિવસોમાં વતન આવે તેવી મને

થોડીક સ્મૃતિ ખરી. મારે પણ ઘણો સમય બહાર રહેવાનું થયેલું, અને ગૃહત્યાગ પછી તો 18 વર્ષ સુધી દૂર કાશી-હરિદ્વાર વગેરે સ્થળે રહેવાનું થયેલું એટલે કશો સંપર્ક નહિ. જ્યારે અઢાર વર્ષે લોકોને ખબર પડી ત્યારે સૌકોઈ એક જ વાત કરે કે ફલાણો છોકરો બાવો થઈ ગયો છે. તે ફલાણા ગામ આવ્યો છે વગેરે. જ્યારે કોઈ જૈન છોકરો દીક્ષા લે ત્યારે તે મહારાજસાહેબ થઈ જાય. કોઈ તેને બાવો ન કહે, પણ જ્યારે કોઈ હિન્દુ છોકરો દીક્ષા લે ત્યારે તેને ઓળખીતા લોકો બાવો—બાવો કહે. કદાચ એટલા જ માટે તુલસીદાસજીએ કહ્યું હશે કે—

*તુલસી કભી ના જાઈએ જનમભૂમિ કો ગાઁવ,*
*ગુણ-અવગુણ જાને નહિ, ધરે પાછલો નામ.*

જે સ્થાન જૈન છોકરાને દીક્ષા પછી તરત જ પ્રાપ્ત થાય છે, તે હિન્દુ છોકરાને પ્રાપ્ત થતું નથી. તેને તે સ્થાન પ્રાપ્ત કરતાં વર્ષોની તપસ્યા કરવી પડે છે. એક રીતે સારું પણ છે. તપસ્યા પછીની પ્રાપ્તિ જીરવાય છે. તપસ્યા વિનાની પ્રાપ્તિ કદાચ જીરવી શકાતી નથી.

હા, તો પ્રો. ત્રિવેદી આ રીતે મારા સંપર્કમાં આવ્યા. હું લખી લખીને તેમને આપું. તેઓ સુધારા કરીને પ્રેસમાં આપે. ગૂર્જરવાળા છાપે અને પુસ્તક લોકો સુધી પહોંચે. એક દિવસ ‘સંદેશ’માંથી તંત્રીશ્રી ચિમનભાઈ પટેલનો સંદેશો આવ્યો કે શ્રી પેટલીકરની ‘લોકસાગરને તીરે તીરે’ કોલમ ખાલી પડી છે. તમે લખો. મેં ના પાડી દીધી. મારું કામ નહિ. પણ એક દિવસ ‘સંદેશ’ના શ્રી ચિમનભાઈ પટેલ અને શ્રી યશવન્તભાઈ શુક્લ બન્ને પ્રો. ત્રિવેદીના ત્યાં જાતે આવ્યા. મને આગ્રહ કરીને લખવા સમજાવ્યો. હું વિચાર કરતો થયો કે જે પેપરમાં પોતાનો લેખ છપાવવા માટે કેટલાય લોકો તલસી રહ્યા હોય છે તે પેપરના માલિક જાતે મને સમજાવવા આવે તો મારે વિચારવું જોઈએ. ત્રિવેદીએ પણ મને પ્રોત્સાહિત કર્યો. “તમે જરૂર લખો” અને મેં લખવાનું શરૂ કર્યું. સ્વ. ઈશ્વર પેટલીકરની આ કોલમ ફરી પાછી લખાવા માંડી અને ધીરે ધીરે જામવા લાગી. મને લાગે છે કે આ રીતે લેખનપ્રવૃત્તિમાં પ્રો. ત્રિવેદીની પ્રેરણા બહુ જ મહત્ત્વની હતી.

પહેલાં મારે કોબામાં આશ્રમ નહોતો, એટલે જ્યારે જ્યારે અમદાવાદ જવાનું થાય ત્યારે હું ત્રિવેદીના ત્યાં જરૂર જાઉં. ઘણી વાર જમવાનું પણ થાય. પછી તો કોબામાં આશ્રમ થયો. રસ્તો બદલાઈ ગયો એટલે જવાઆવવાનું ઓછું થઈ ગયું. તોપણ લેખનપ્રૂફનો સંબંધ તો ચાલુ જ રહ્યો. છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષના સંબંધમાં મેં જોયું કે આ માણસને જરા પણ લોભ નથી. કોઈ અપેક્ષા નથી. મારા માટે આટઆટલી મહેનત કરે પણ કદી પણ કોઈ દિવસ સીધી કે આડકતરી રીતે પણ કોઈ યાચના નહિ. બસ સંતોષ અને તૃપ્તિ. એવાં જ ગોદાવરીબહેન. પત્નીની પાત્રતા વિના પુરુષ ઉચ્ચાદર્શો લાંબો સમય રાખી શકે નહિ. બન્ને પૂર્ણ સંતોષી. ગોદાવરીબહેનનું ભણતર ગામડાની કક્ષાએ થોડું જ કહેવાય. પણ ત્રિવેદીને કશી ફરિયાદ નહિ. લક્ષ્મીની તૃપ્તિ કરતાં પણ પત્નીની કે પતિની તૃપ્તિ જીવનને ઘણું સુખી બનાવે છે. આ રીતે બન્ને પૂર્ણ સુખી. ત્રિવેદી પોતાના વિષયના તજજ્ઞ, પાછા ચીવટથી કામ કરનારા. તે નવરા જ ન હોય. લોકો લાવી લાવીને પાંડુલિપિઓ કે પછી જૂનાં પુસ્તકોના થોકડા મૂકી જાય. જરા આટલું કરી આપજોને. ત્રિવેદી શક્ય હોય તો જરૂર કરી આપે.

ગૂર્જર પ્રકાશનવાળા ઠાકોરભાઈ અને પરિવાર ત્રિવેદીને પૂજ્ય મિત્રભાવથી જુએ. ઠાકોરભાઈના દેવ થયા પછી હવે શ્રી મનુભાઈ શાહ પણ એ જ પૂજ્યભાવથી તેમની સલાહ લે. કોઈ પુસ્તક છાપવા જેવું છે કે નહિ, તેની ખાતરી ચિમનભાઈ પાસે કરાવે. ચિમનભાઈ હા પાડે તો જ કામ આગળ ચાલે. પ્રસિદ્ધ લેખક ફાધર વાલેસની સાથે જૂની મૈત્રી. ફાધરનાં પણ ઘણાં પુસ્તકોનું કામ ત્રિવેદી કરે. ફાધર ઘણી વાર સ્પેન હોય તો પ્રકાશક સાથેનાં આર્થિક કાર્યોમાં પણ પ્રો. ત્રિવેદી સહાય કરે. તેમની પ્રામાણિકતામાં કોઈને જરા પણ શંકા ન રહે. તેમના વહીવટમાં કોઈનો એક પૈસો પણ આઘોપાછો ન થાય તેની ખાતરી આપી શકાય.

લેખકો અને સાહિત્યકારોની પણ અજબ-ગજબની દુનિયા હોય છે. દૂરથી જ જોયેલી સારી. બહુ નજીક જોવા જાવ તો મજા ન આવે. એવું કહેવાય છે કે સાહિત્યકાર, કલાકાર અને કથાકાર કળા કરેલા મોર જેવા સુંદર હોય છે. પણ તે માત્ર સામેથી જુઓ તો જ. જો પાછળ જઈને જુઓ તો જેમ મોર ઉઘાડો લાગે તેમ આ બધા પણ તેવા જ લાગે. આમ તો માણસમાત્રને અમુક અંતરથી જુઓ તો જ તે

સુંદર દેખાય, બહુ નજીક જાવ તો તેની બેડોળતા ઊપસી આવે.

પણ કેટલાક સાહિત્યકારો, કલાકારો, કથાકારો અને મહામાનવો આમાં અપવાદરૂપ પણ હોય છે. તેમને દૂરથી જુઓ અને જેટલા સુંદર દેખાય તેથી પણ વધુ નજીકથી જોવાથી, આગળ-પાછળથી જોવાથી પણ સુંદર લાગે. ત્રિવેદી આમાંના છે. તેમને ચારે તરફથી જુઓ તોપણ સુંદર જ સુંદર લાગ્યા કરે. મેં કદી પણ તેમના વ્યવહારમાં કે વાણીમાં અહંભાવ કે તોછડાઈ જોયાં નથી. સહજ નમ્રતા, સહજ મધુરતા. હું તેમના ત્યાં જાઉં તો મારા ડ્રાઇવરને પણ માનવાચી શબ્દોથી બોલાવે અને ચાનો કપ જાતે આપવા જાય. તેમને જોવાથી કે થોડી વાતચીતથી લાગે જ નહિ કે આ કોઈ મોટા પ્રોફેસર છે. વાણી, વસ્ત્રો અને વ્યવહારની પૂરેપૂરી સાદગી. ક્યાંય કશો આડંબર નહિ. વધુ સંપર્ક પછી વધુ ને વધુ માન ઊપજતું જાય. ગોદાવરીબહેનને ચાર દીકરીઓ, દીકરો એકે નહિ. પણ કશો અસંતોષ નહિ. દીકરીઓ બધી સાક્ષર, સંસ્કારી અને પ્રબુદ્ધ. બસ દીકરા જ જોઈ લ્યો. હવે તો બન્ને પતિ-પત્ની ઉંમરે પહોંચી ગયાં છે. બન્ને મારાથી મોટાં. ગાડી ગમે તેટલી સારી હોય પણ જૂની થાય એટલે ગેરેજમાં જાય જ જાય. બન્નેને પગના ઢીંચણની તકલીફ, બીજી પણ ઘણી તકલીફો, તોપણ બન્ને એ જ ખુમારીથી જીવન જીવે છે. જાણે કશું જ દુઃખ નથી. જરૂર પડે તો કોઈ એકાદ દીકરી મદદે આવી જાય, કારણ કે બધી દીકરીઓ અમદાવાદમાં. આવા પ્રો. ત્રિવેદી મને મળ્યા એનો મને ઘણો લાભ થયો છે. મારાં જે કોઈ પુસ્તકો લખાયાં તથા છપાયાં તેમાં તેમની પ્રેરણા અને પ્રયત્ન પણ રહ્યાં છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

તા. 2-1-04

*

# 13. ઝવેરભાઈ ઓતમભાઈ પટેલ

"દુનિયાનો છેડો ઘર છે" તેવી કહેવત ખોટી નથી. માણસ ગમે ત્યાં જાય, ગમે ત્યાં ફરે, ગમે તેનો મહેમાન થાય, ભલેને આલીશાન મહેલમાં ઊતરીને બત્રીસ પકવાનોની મહેમાનગતિ કરે, પણ જે સુખ તેને પોતાના ઘરમાં મળે તે ક્યાંય ન મળે. જેમ બાળકને માના ખોળામાં જે સુખ મળે તે બીજા કોઈના ખોળામાં ન મળે. આપણે ત્યાં ગૃહત્યાગનું એક કૃત્રિમજીવન શરૂ થયું. ત્યાગ અને અધ્યાત્મના રૂપાળા નામ નીચે રાજા-મહારાજાઓ, રાજકુમારોથી માંડીને કેટકેટલા લોકો ગૃહ ત્યાગીને નીકળી પડ્યા! નિમિત્ત અને લક્ષ્ય હતું મોક્ષ. બસ મોક્ષ. "સંસારીને મોક્ષ હોય જ નહિ" આવી દઢ ધારણા દઢ કરાવવામાં આવી. અને મોક્ષ જ પરમ લક્ષ્ય છે. જો તે ન મળ્યું તો જીવતર એળે ગયું સમજો.

એક સિદ્ધાંત એવો પણ ખરો કે માત્ર સંન્યાસીને જ મોક્ષ મળે. એટલે મરતાં પહેલાં પણ અચૂક સંન્યાસ લઈ લેવો, નહિ તો મોક્ષ નહિ મળે. વળી પાછો બીજો સિદ્ધાંત એવો પણ ખરો કે સંન્યાસ માત્ર બ્રાહ્મણ જ લઈ શકે. બીજાથી લેવાય નહિ. અંતે નિર્ણય એ થયો કે બ્રાહ્મણને જ મોક્ષ મળે. વળી પાછી એક એવી માન્યતા પણ ખરી કે મોક્ષ માત્ર પુરુષને જ મળે. સ્ત્રીઓને નહિ. પુરુષો પણ સાધુ કે ભિક્ષુ થાય તો જ મોક્ષ મળે. સાધુ કે ભિક્ષુ થવા માટે ગૃહત્યાગ અનિવાર્ય છે. ગૃહત્યાગનો અર્થ છે કે ધન—સ્ત્રી અને આવાસનો ત્યાગ કરવો. ધનનો ત્યાગ એટલા માટે કે ધન માટે લોકો પાપો કરે છે. સ્ત્રીનો ત્યાગ એટલા માટે કે સ્ત્રી મોહ પમાડે છે. મોહ પમાડીને પુરુષ પાસેથી પોતાનું ધાર્યું કરાવે છે. આવાસનો ત્યાગ એટલા માટે કે સ્થાયી થવાથી રાગ-દ્વેષ-કષાય વધે છે. એટલે આ ત્રણેનો ત્યાગ કરવો અત્યંત જરૂરી છે. ધનત્યાગ કરીને પરાવલંબી જીવન જીવવું પડે તો જીવો. આહારની પરાધીનતાને ગૌરવથી સ્વીકારી લો. ટુકડા લેતા અને ટુકડા ખાતા થઈ જાવ. ભિક્ષા નિષ્પાપ છે. જાતે આહાર કરશો તો મહાહિંસા થશે, પાપ જ પાપ લાગશે. કદી મોક્ષ નહિ મળે. આમ તો જે પોતાના માટે રસોઈ કરે તેમાંથી થોડીક લો તો તમને પાપ ન લાગે. રાંધનારને લાગે. આ પણ એક ગણિત જ કહેવાય કે કોઈના પાપે હું મોક્ષ પામું. હજારો નહિ, લાખ્ખો લોકો પરાવલંબી ભિક્ષુક થઈ ગયા, અને તે પણ ગૌરવ સાથે, પૂજ્યતા સાથે. થિયરી કેવું કામ કરે છે તે જોઈ શકાય છે.

સ્ત્રીનો ત્યાગ એટલા માટે કે તે બ્રહ્મચર્ય પાળવા નથી દેતી. અને બ્રહ્મચર્ય વિના મોક્ષ મળી શકે નહિ. વિષય-વાસના મહાપાપ છે. સતત સંપર્કમાં રહેનારાં નર-નારી વિષય-વાસનાનાં શિકાર થઈ જ જાય. એટલે સ્ત્રીઓથી દૂર રહો. બને તો તેમનું મોઢું પણ ન જુઓ, કારણ કે બ્રહ્મચર્ય પાળવું જરૂરી છે. આ થિયરીએ પણ આ દેશમાં બ્રહ્મચારીઓ જ બ્રહ્મચારીઓ પેદા કર્યા. પાછળથી સ્ત્રીઓ માટે પણ મોક્ષનાં દ્વાર ઉઘાડ્યાં અને તેમને પણ મોક્ષનો અધિકાર છે તેવું મનાયું, જોકે આ અધિકાર કોણ આપે છે અને કોણ નથી આપતું તે હજી નક્કી થયું નથી. પણ આનાથી સ્ત્રીઓ પણ પરાવલંબી અને ભિક્ષાનું અન્ન ખાવા નીકળી પડી. આ બધી ધારણાઓમાં નર-નારીના જે કુદરતસહજ સંબંધો હતા તેને બહુ મોટો ફટકો પડ્યો. જાણે કે બધું મહાપાપ આ નરનારીના કુદરતસહજ સંબંધોમાં જ ભેગું થઈ ગયું. પુરુષ વિનાની સ્ત્રીઓ અને સ્ત્રીઓ વિનાના પુરુષો સર્વોચ્ચ પૂજ્યપદ પ્રાપ્ત કરીને પૂજાવા લાગ્યા.

હું પણ આ જ ચક્કરમાં આવી ગયો હતો. મને પણ ઠાંસી ઠાંસીને જણાવવામાં આવ્યું કે "કાંચન-કામિનીનો ત્યાગી જ મોક્ષ મેળવી શકે" આ મહાત્યાગનો ગજ લઈને હું પણ લોકોને માપવા નીકળી પડ્યો હતો અને કેટલાયને ફેલ કરી દીધા હતા. મોડે મોડે મને ભાન થયું કે આ મિથ્યા ધારણા હતી એટલું જ નહિ, આરોગ્ય માટે, મન માટે અને રાષ્ટ્ર માટે હાનિકારક પણ હતી. મારી સામે બે રસ્તા હતા કે મારે આ માર્ગ છોડી દેવો અથવા લોકોને જગાડવા. જે લોકો વિષયવાસનાથી ત્રાસીને આ માર્ગને છોડીને પાછા ફર્યા હતા તે બધા લગભગ સમાપ્ત થઈ ગયા હતા. અર્થાત્ લોકોની નજરથી ઊતરી ગયા હતા, તેમણે જાણે મહાપાપ કરી દીધું હોય તેમ લોકો તેમના પ્રત્યે નફરતથી જોતા હતા. પછી તો જાણે તેમનું અસ્તિત્વ જ ખતમ થઈ ગયું હોય તેવું બન્યું.

મારી સામે માત્ર મારો જ પ્રશ્ન ન હતો, હજારો, કદાચ લાખ્ખોનો હતો. હું થિયરી માટે સંઘર્ષ કરવા માગતો હતો. વ્યક્તિ માટે નહિ. થિયરી એ હતી કે મોક્ષ જેવી કોઈ વસ્તુ જ નથી. કદાચ મોક્ષ હોય તોપણ તેના માટે ગૃહત્યાગી થવાની કોઈ જરૂર નથી. કદાચ

ગૃહત્યાગ કરવો જ હોય તો સ્ત્રીનો (કે પુરુષનો) ત્યાગ જરૂરી નથી. સ્ત્રી-પુરુષનો પરસ્પરનો સહવાસ સહયોગ થઈ શકે છે. જેમકે ઋષિમુનિઓનું દામ્પત્ય. બ્રહ્મચર્ય અકુદરતી છે. તે સંપૂર્ણ શક્ય નથી. તેનાથી ફાયદા કરતાં હાનિ જ વધારે થાય છે. એક પ્રદર્શિત બ્રહ્મચારીની તુલનામાં એક આદર્શ પતિપત્ની જો યોગ્ય માત્રામાં સંયમિત જીવન જીવે તો તે આરોગ્ય અને માનસિક ભૂમિકામાં વધુ સફળ થઈ શકે છે. બ્રહ્મચર્ય સંબંધી જેટલી ડિંગો મારવામાં આવી છે તે માત્ર ડિંગો જ છે. તેમાં વાસ્તવિકતા કરતાં કલ્પના અને મિથ્યાભાવ વધારે છે. આવી ડિંગોથી મારી માફક હજારો યુવક-યુવતીઓ ગુમરાહ થાય છે અને જીવન ખોઈ બેસે છે. તેમને બચાવવાં જોઈએ. પણ આ બધા વિચારોને કોણ સાંભળશે અને કોણ સહન કરશે! જેનો આવાસ અને આહાર પરાધીન હોય તેના વિચારો સ્વતંત્ર ન હોઈ શકે.

મારી પ્રાથમિક અને મૂળ જરૂરિયાત હતી કે હું પગભર થાઉં, કોઈની ઓશિયાળ વિના માથું ઢાંકવાની જગ્યા મળે અને સૂકો તો સૂકો પણ પોતાનો રોટલો મળે. પરાવલંબી જીવનથી છુટકારો મળે. આ માટે જરૂરી હતું કે બે ઓરડાવાળો આશ્રમ બને. હું સ્થળ શોધતો હતો. મારી ઇચ્છા વૃંદાવન કે નર્મદાકિનારા તરફ વધુ હતી. આ બન્ને સ્થળોએ ફરી આવ્યો. મારો અનુભવ છે કે મારા માટેની મારી ઇચ્છા ફળતી નથી. પણ મારા માટેની ઈશ્વરની ઇચ્છા તરત ફળે છે અને તે સહજ કલ્યાણકારી પણ હોય છે. દંતાલીના શ્રી કાન્તિભાઈ ચતુરભાઈ પટેલ ત્યારે નવયુવાન. તેમણે મને આગ્રહ કર્યો કે અહીં દંતાલીમાં જ આશ્રમ બનાવો. હું બે વીઘા જમીન આપીશ. પછી તો ઘણા ગામોએ જમીનની ઓફરો કરી. તેમાં મને મળ્યા દંતાલીના શ્રી ઝવેરભાઈ ઓતમભાઈ પટેલ.

## ઝવેરભાઈ

ઝવેરભાઈ વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયા હતા. સંતાન ન હોવાથી પૂર્વપત્નીના આગ્રહથી જ તેમણે બીજાં લગ્ન કર્યાં હતાં પણ બીજાં લગ્નથી પણ સંતાન ન થયું. પછી કુટુંબમાંથી દત્તક પુત્ર લીધો, જેનું નામ જયંતીભાઈ. ઝવેરભાઈ, મહારાષ્ટ્રના ખામ ગામમાં વ્યાપાર કરે. બે પૈસા કમાય પણ ખરા. તેમનાં મોટાં પત્ની ડાહીબહેન અને નાનાં શાંતાબહેન બન્ને ખૂબ ડાહ્યાં, શાણાં, હળીમળીને રહે. આખું ઘર ધાર્મિક સંસ્કારોવાળું. મંદિર-મહાદેવમાં સેવા કરે, દાન આપે. વૈદ્યનાથ મહાદેવના જીર્ણોદ્ધાર વખતે મારે પાંચેક મહિના મહાદેવમાં રહેવાનું થયું ત્યારે ઝવેરભાઈ અને તેમનો પરિવાર મારી નજીક આવ્યો. ઘણી વાર આગ્રહ કરીને તેઓ પોતાને ત્યાં જમવા લઈ જાય. પછી તો જમીનની શોધમાં હું નર્મદાકિનારે ગયો હતો. કાન્તિભાઈએ ઝવેરભાઈને આશ્રમની વાત કરી. ઝવેરભાઈ પોતાની એક વીઘું જમીન જે એંશી વર્ષથી પડતર પડી હતી તે આપવા તૈયાર થઈ ગયા.

નર્મદાકિનારેથી હું પાછો સુણાવ આવ્યો. અહીં સુણાવવાળા પણ જમીન આપવા તૈયાર થઈ ગયા હતા. ઝવેરભાઈને ખબર પડી એટલે ગામના 5-7 પ્રૌઢ માણસોને લઈને સુણાવ આવ્યા. સુણાવ અને દંતાલી વચ્ચે ભારે ખેંચતાણ જામી. ઝવેરભાઈ તો કોટ-ટોપી ઉતારીને ખીંટીએ વળગાડીને બોલ્યા કે "હવે જ્યાં સુધી તમે મારી જમીન લેવાની હા નહિ પાડો ત્યાં સુધી 'અન્નજળનો ત્યાગ અને અહીં જ બેસી રહીશ." તેમની આ મક્કમતા આગળ મારે અને સૌને ઝૂકવું પડ્યું. અને અમે જય બોલાવી ત્યારે તેમને શાંતિ થઈ. આ રીતે મને દંતાલી લાવવામાં શ્રી ઝવેરભાઈનો મહત્ત્વનો હાથ રહ્યો કહેવાય. ઈ. 1969ની વસંતપંચમીએ તેનું ખાતમુહૂર્ત થયું. આજે પાંત્રીસ વર્ષ થઈ ગયાં. બે રૂમનો આશ્રમ આજે તો ઘણો મોટો થઈ ગયો છે. પહેલેથી જ ફંડફાળો નહિ કરવાની વૃત્તિથી કોઈની પાસે કશું પણ માગ્યા વિના આ બધું થયું છે અને ચાલે છે. આજે હું વિચાર કરું છું કે જો આ આશ્રમ ન બન્યો હોત તો જે સ્વાવલંબનતા મને પ્રાપ્ત થઈ તે ન થઈ શકી હોત. જો મારી ઇચ્છા પ્રમાણે વૃંદાવનમાં આશ્રમ કર્યો હોત તો ત્યાં તો ભારે ગુંડાગીરી ચાલે છે તેનો ભોગ બન્યો હોત. સાથે સાથે સાધુઓની ખટપટોનો પણ ભોગ બન્યો હોત. આવું જ નર્મદાકિનારે પણ થાત. આજે મને સમજાય છે કે મારી ઇચ્છા યોગ્ય ન હતી. ઈશ્વરની ઇચ્છા જ યોગ્ય હતી. અહીં દંતાલીમાં મને જે અનુકૂળતાઓ મળી તે કદાચ ત્યાં ન મળી હોત. આને હું ઈશ્વરેચ્છા જ સમજું છું. એમાં નિમિત્ત બન્યા ઝવેરભાઈ.

આ જમીનમાં કશું ઊગતું નહિ. કારણ કે દાભડો જમીન હતી. એટલે જ પડતર હતી. ધાર્મિક વૃત્તિના ઝવેરભાઈએ એક વાર આ

જમીન એક અવધૂતજીને ભેટ આપવાનું પણ કરેલું, પણ અવધૂતજીએ કશું કર્યું નહિ. જમીન પડી રહી. તેઓ કોઈ સાધુ-સંતને શોધતા હતા અને હું મળી ગયો. તેઓ અને તેમનો પરિવાર ધન્ય ધન્ય થવાની લાગણી અનુભવે. ત્યારે આ જમીનની કિંમત માત્ર એક હજાર રૂપિયા હતી. પણ ત્યારે એક હજાર એટલે આજના એક લાખ જેવા કહેવાય. દશ રૂપિયે થેલી સીમેન્ટ અને 24 રૂપિયે ઘનફૂટ સાગનાં પાટિયાં હતાં. ઝવેરભાઈની તીવ્ર ઇચ્છા હતી કે જલદીથી આશ્રમ બંધાય, મારે મરતાં પહેલાં આશ્રમ જોવો છે. હું આશ્રમ જોઈને મરું તો મને શાંતિ થાય. તેમની ઇચ્છા પૂરી થઈ. મારી પાસે માત્ર નવ હજાર રૂપિયા હતા, પણ પરિચિતોએ વગર માગ્યે ચોવીસ હજાર આપ્યા. એમાંથી આશ્રમ થઈ ગયો. ઝવેરભાઈ રોજ આશ્રમમાં આવે. તે વખતે વાઘજીભાઈ, નરોત્તમભાઈ, ધુડાભાઈ, ગિરધરભાઈ વગેરે અનેક ગામના વૃદ્ધ રોજ સાંજના કલાક દોઢ કલાક બેસવા આવે. ત્યારે ઘણું કામ લીંપણવાળું હતું. ગામની કેટલીયે બહેનો છાંણ-માટી વગેરે લઈને આવે અને એટલું સરસ લીંપણ કરે કે જોયા જ કરીએ. આ બધું શરૂઆતની સ્થિતિનું વર્ણન છે. હવે તો એ બધા ચહેરાઓ રહ્યા નથી. ઝવેરભાઈ દેવ થયા, તેમના પછી ડાહીબહેન પણ દેવ થયાં, બીજા બધા વૃદ્ધો પણ દેવ થઈ ગયા. જે નાનાં નાનાં બાળકો હતાં તે મોટા યુવાનો થઈને પરણી ગયા. તેમના ઘરે પણ બાળકો રમતાં થઈ ગયાં. મેં આ ગામમાં ત્રણ ત્રણ પેઢીઓ જોઈ છે. આશ્રમ થયા પછી જ મારી વૈચારિક આભા વધુ ઝળકવા લાગી, કારણ કે હું સ્વાવલંબી હતો. તે પછી તો મેં પચાસેક પુસ્તકો લખ્યાં હશે જેનો કાંઈક પ્રભાવ ગુજરાતી વાચકો ઉપર છે. મારે શ્રી ઝવેરભાઈનો આભાર માનવો જ જોઈએ કે હઠ કરીને કે આગ્રહ કરીને તે મને અહીં દંતાલી લઈ આવ્યા અને તેમણે પોતાની જમીન ભેટ આપી.

આ સિવાય સ્વ. વાઘજીભાઈ પટેલ તથા માધાભાઈ શામળભાઈ અને સ્વ. ગિરધરભાઈ જેશિંગભાઈ પટેલના પરિવારે પણ આશ્રમને જમીન ભેટ આપી છે. તેમનો પણ આભાર.

તા. 2-1-04

*

# 14. રમેશભાઈ શનાભાઈ પટેલ

જીવનવિકાસનો અર્થ બુદ્ધિવિકાસ છે. પરમેશ્વરે બુદ્ધિને એવી રીતે બનાવી છે કે માણસ ધારે તો તેને સતત વિકસાવી શકે છે અને ધારે તો તેને બંધિયાર બનાવી શકે છે. જે લોકો મસ્તિષ્કનાં બારીબારણાં બંધ કરીને જીવન જીવે છે, તેમની બુદ્ધિ બંધિયાર થઈ જતી હોય છે. આવી સ્થિતિ ખાસ કરીને ચુસ્ત સાંપ્રદાયિકોની, મજહબીઓની અને -વાદીઓની થતી હોય છે. માનો કે તમે કોઈ એક સંપ્રદાયને ચુસ્ત રીતે વળગ્યા છો, તો તમે વ્યક્તિબદ્ધ અને ગ્રંથબદ્ધ થઈ જ જવાના. કોઈ એક વ્યક્તિ અથવા તેના લખેલા ગ્રંથમાં તમે પૂર્ણ સત્ય અને છેવટનું સત્ય માની બેસવાના. પછી તમારા વિકાસની શક્યતાઓ સમાપ્ત થઈ જાય છે.

ખરેખર તો કોઈ વ્યક્તિ પૂર્ણ નથી કે કોઈ ગ્રંથ પૂર્ણ નથી. બધાં દેશ-કાળ સાપેક્ષ છે અને છેવટનું સત્ય તો છેવટ સુધી પ્રગટતું રહેવાનું. છેવટ આવ્યા વિના હજારો-લાખ્ખો વર્ષ પહેલાં છેવટનું સત્ય આવી જતું નથી. કેટલાક અંદાજો હોઈ શકે. જે આવનારા સમય માટે કહી શકાય, પણ છેવટનું સંપૂર્ણ સત્ય તો ન જ હોઈ શકે. સત્યની શોધ માટે વ્યક્તિબદ્ધતા કે ગ્રંથબદ્ધતા બહુ મોટી બાધક બનતી હોય છે. આ રીતે સંપ્રદાયો અને મજહબો સત્ય કરતાં માન્યતાઓને વધુ જક્કી રીતે વળગાવનારા થઈ જતા હોય છે. રૂઢિઓથી જકડાઈ જનારો માણસ જક્કી વલણવાળો થઈ જાય તે સ્વાભાવિક છે. આવાં માણસો આગળ માથાં ફોડવાનો કશો અર્થ નથી હોતો. પણ આનો અર્થ એવો નથી કે જીવનમાં વ્યક્તિ કે ગ્રંથનું કોઈ મહત્ત્વ જ નથી. જીવનમાં આ બન્નેનું મહત્ત્વ છે જ, કારણ કે પ્રત્યેક વ્યક્તિ પોતાના બધા નિર્ણયો પોતાની બુદ્ધિમાત્રથી કરી શકતી નથી. તેમ પ્રત્યેક વ્યક્તિ કાંઈ સત્યને શોધવા નીકળી નથી. સામાન્ય માણસોને તો જીવન જોઈએ છે. જે કોઈ વ્યક્તિ કે ગ્રંથ સામાન્ય જીવનની ઉચ્ચતમ કલ્યાણકારી પ્રેરણા આપશે તે માન્ય થવાનાં જ. તેના આધારે હજારો-લાખ્ખોનાં જીવન વ્યવસ્થિત થતાં હોય છે. વ્યક્તિ અને ગ્રંથની જ માફક વાદો પણ માનવવિકાસમાં અડચણો ઊભી કરે છે. એક વાર કોઈ માણસ કોઈ વાદના વાડામાં કે કૂંડાળામાં પુરાઈ જાય પછી બહાર નીકળવું કઠિન થઈ જાય છે. તે કૂંડાળામાં ને કૂંડાળામાં ફર્યા કરશે —જીવનભર. આ વાદ પછી રાજકીય હોય, આર્થિક હોય કે પછી ધાર્મિક હોય. વાદ સાથે વિચારો-થિયરી-સંકળાયેલાં હોય છે. આ વિચારો ફરી ન જાય કે આઘાપાછા ન થઈ જાય તે માટે તેના પંડિતો તનતોડ પરિશ્રમ કરતા રહેતા હોય છે. જરાક કાંઈક આઘુંપાછું થાય તો તરત જ વંટોળિયો ઊભો થાય. આવું કરનારને વિરોધી માનવામાં આવે અને તેને કચડી નાખવા માટે બધા પ્રકારના પ્રયત્નો શરૂ થઈ જાય.

યુરોપ અને આરબ દેશોની તુલનામાં ભારતનું મોટું સદ્ભાગ્ય રહ્યું છે કે અહીં વૈચારિક સહિષ્ણુતા ઊભી થઈ શકી છે. બધાને બધી રીતે વિચારવાની છૂટ રહી છે. એક રીતે આ ધાર્મિક લોકશાહી જ કહેવાય. હું મારી જાતને ધન્ય માનું છું કે આવી મુક્ત અને સહિષ્ણુ પરંપરામાં જન્મ્યો છું. જો હું કોઈ બંધિયાર પરંપરામાં જન્મ્યો હોત તો મારા માટે સજા-એ-મોતના કેટલાય ફતવા જાહેર થઈ ચૂક્યા હોત.

મારા જીવનમાં બુદ્ધિવિકાસના ત્રણ તબક્કા આવ્યા છે. પ્રથમ, શાસ્ત્રોનું અધ્યયન. બીજું, દેશવિદેશમાં ભ્રમણ અને ત્રીજું, ખુલ્લી આંખે ને ઉઘાડા કાને બધું નિરીક્ષણ. આ ત્રણમાંથી ઘણા લોકોના જીવનમાં શાસ્ત્રાધ્યયન અને ભ્રમણ થતું હોય છે, પણ તેઓ હતા ત્યાં ને ત્યાં જ રહી જતા હોય છે. જે પ્રથમથી જ કટ્ટર છે, તે તો ઊલટાના વધારે કટ્ટર થઈ જતા હોય છે. કારણ કે તેમનાં મસ્તિષ્કનાં બધાં બારીબારણાં બંધ જ રહેતાં હોય છે. પૂર્વગ્રહ વિના ખુલ્લા મનથી નિરીક્ષણ જ વધુ મહત્ત્વની વસ્તુ છે.

સાધુજીવનનો બહુ મોટો લાભ ભ્રમણની સગવડોમાં છે. દેશમાં તો મેં પગપાળા કે વાહનોના દ્વારા યથાશક્ય બહુ ભ્રમણ કર્યું હતું. પણ મારે વિદેશની ધરતી જોવી હતી.

મેં આફ્રિકા જોયું, પણ મારે એવા દેશો જોવા હતા, જેણે વિશ્વ ઉપર રાજ્ય કર્યું હતું અને આજે પણ સૌથી વધુ સમૃદ્ધ અને વધુ શક્તિશાળી હતા. મારા પક્ષે એક બહુ મોટી દુર્બળતા કે પ્રબળતા એ હતી કે હું મારી જાતે કોઈની પાસે મારી ઇચ્છા પ્રગટ કરી શકતો નથી. મારું સર્વસ્વ પરમાત્મા છે. ક્યાંય જવું હોય તો સામેથી આમંત્રણ આવે તો જાઉં. મારી જાતે આમંત્રણ ન માગું. અને મને પોતાને

નવાઈ લાગે છે કે હજી આજસુધી મારી આ પ્રક્રિયાને પરમાત્માએ પૂરી કરી છે.

યુગાન્ડામાં ઇદી અમીને હાહાકાર મચાવી દીધો હતો અને બહુ ટૂંકી મુદતમાં આપણા દેશવાસીઓને દેશ છોડી જવા હુકમ આપ્યો હતો. યુગાન્ડામાં પાંત્રીસેક હજાર ગુજરાતીઓ વસતા હતા. અને બધા સુખી હતા. યોગાનુયોગ બધા બ્રિટિશ પાસપોર્ટધારકો હતા. જોકે તેમાંથી એક ટકાએ પણ બ્રિટન જોયું ન હતું. પણ પૂર્વ આફ્રિકાની આઝાદી પહેલાં બ્રિટિશ રાજ્ય હતું. તત્કાલીન ભારતના રાજદૂત આપાસાહેબ પંતે સૌને સલાહ આપી કે તમે બધા બ્રિટિશ પાસપોર્ટ લઈ લો. લોકોએ આપાસાહેબનો આભાર માનવો જોઈએ. લોકોએ બ્રિટિશ પાસપોર્ટ લઈ લીધો. બસ આ આધારે ઈદીએ બ્રિટિશ સામે બદલો લેવા લોકોને તગેડી મૂક્યા. એક કહેવત છે કે “અગમબુદ્ધિ વાણિયો અને તરતબુદ્ધિ તરકડો” વાણિયો લાંબો વિચાર કરે પછી પગલું ભરે પણ તુર્કી તો તરત જ વિચાર કર્યા વિના જ જે તે પગલું ભરી લે. સામા પક્ષે, બ્રિટને બધા નિરાશ્રિતોનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કર્યો. કોઈ બહાનું ન કાઢ્યું કે આ અમારા નાગરિકો નથી. સૌને સ્વીકાર્યા. સૌને થાળે પાડ્યા. કેટલાક તો સુખી સુખી થઈ ગયા. આ જે રાજવિપ્લવના દ્વારા થયેલી મોટી હિજરત તેમાં મારા થોડા પરિચિત ભાઈઓ પણ બ્રિટન પહોંચ્યા.

તેમાંના એક શ્રી રમેશભાઈ શનાભાઈ પટેલ પણ ખરા. યુગાન્ડાના પ્રવાસ વખતે રમેશભાઈએ ખૂબ સાથ આપેલો. તેઓ મારાં પ્રવચનોથી પ્રભાવિત થયેલા. બ્રિટનમાં ઠરીઠામ થયા પછી, બધાએ નક્કી કર્યું કે મને બ્રિટન બોલાવવો. શ્રી રમેશભાઈએ આગેવાની લીધી. એમ કહો કે ખર્ચાની બધી જવાબદારી તેમણે લીધી. કંપાલામાં તેઓ બૅન્કના ક્લાર્ક હતા. બ્રિટન ગયા પછી પણ તેમને તે જ સ્થાન મળ્યું. બ્રિટનના પગારો વધારે. જોકે આખા ઘરમાં માત્ર તેઓ એકલા જ કમાનારા. તેમનાં ધર્મપત્ની શારદાબહેન ઘરકામ કરે. ત્રણે બાળકો નાનાં, ભણે. રમેશભાઈ નોકરી કરે અને સાથે સાથે ફોટોગ્રાફી પણ કરે. તેમણે મને સ્પોન્સરશિપ અને બીજું જે જોઈએ તે મોકલી દીધું. સાથે રીટર્ન ટિકિટ પણ ખરી. મેં વિઝા લીધા અને ઊપડ્યા લંડન. લંડનના હિથ્રો હવાઈ મથકે મને સાવ જુદો જ અનુભવ થયો. બધાં ગોરાં ભાઈ-બહેનો ડ્યુટી બજાવે, બહુ જ નમ્રતાથી વેલકમ, વેલકમ બોલે. વાતે વાતે સર... સર... બોલે. ક્યાંય તોછડાઈ કે ઉપેક્ષા નહિ. આટલો સારો વ્યવહાર તો મુંબઈમાં જોવાય ન મળે. વિશ્વ ઉપર રાજ્ય કરનારી પ્રજા આટલી નમ્ર, આટલી વિનયી—વિવેકી એ મારા માટે તો આશ્ચર્યજનક બિના હતી. કેટલાક ટીકાકારો કહે છે કે હું જલદીથી પશ્ચિમથી પ્રભાવિત થઈ જાઉં છું. તેમની વાત ખોટી નથી. પ્રભાવિત થવા જેવું હોય અને તમે પ્રભાવિત ન થાવ, તો તમે નગુણા જ કહેવાવ. બસ, મેં જોયું કે જ્યાં જુઓ ત્યાં અનુશાસન અને વ્યવસ્થા. ક્યાંય કોઈ કનડગત નહિ. કોઈ પૈસોયે માગે નહિ. આપણે આવું તો ઇચ્છીએ છીએ. આપણે ત્યાં આવું નથી તે પણ હકીકત જ છે.

અમે લંડનમાં સ્ટેશન ગ્રોવ મહોલ્લામાં રમેશભાઈના ત્યાં પહોંચી ગયા. નાનું પણ મજાનું ઘર. પ્રેમ અને અતિથિસત્કારથી ભર્યુંભર્યું ઘર. મારો અનુભવ છે કે મોટા ઘર કરતાં નાના ઘરમાં વધુ ઉદારતા-ભાવના હોય છે. હું લગભગ એક મહિનો રહ્યો. એક વિદ્વાન સંન્યાસીનાં પ્રવચનો ચાલતાં હતાં, તેમના પછી મારાં પ્રવચનો શરૂ થવાનાં હતાં. સભામાં મારાં પ્રવચનોની જાહેરાત કરાવવા રમેશભાઈએ પ્રયત્ન કર્યો. પેલા ચતુર સંન્યાસીએ કહ્યું કે આયોજકોને પૂછીને જાહેરાત કરો. રમેશભાઈ જ્યારે આયોજકો પાસે ગયા તો પાછળથી ઇશારો થઈ ગયો કે ના પાડો. આયોજકોએ ના પાડી. જાહેરાત ન થઈ શકી. રમેશભાઈને દુ:ખ લાગ્યું. મને વાત કરી. મેં કહ્યું કે રાગ-દ્વેષ બધે જ હોય છે. મારામાં પણ—એટલે કોઈની પાસે દૈવી અપેક્ષા રાખવી એ જ દુ:ખી થવાનું કારણ છે. તેમણે તેમની સ્થિતિ પ્રમાણે ના પાડી. કશો વાંધો નહિ. જાહેરાતોના દ્વારા પ્લૅટફૉર્મ તૈયાર કરવું એક વાત છે અને જાહેરાત વિના જ પ્લૅટફૉર્મ તૈયાર થવા દેવું તે બીજી વાત છે. જાહેરાતથી માણસ જલદીથી છવાઈ શકે છે. જ્યારે બીજા રસ્તેથી લાંબો સમય તો લાગે છે, પણ તેમાં મજબૂતાઈ વધારે રહે છે.

પ્રવચનો શરૂ થયાં. ત્યારે (1975માં) બધાં નવાં-સવાં યુગાન્ડા અને બીજેથી આવેલાં માણસો હતાં. પ્રભુકૃપાથી પ્રવચનો સારાં જામ્યાં. લંડન શહેર મોટું એટલે તેના જુદા જુદા ભાગોમાં પ્રવચન નિમિત્તે ફરવાનું થયું. રમેશભાઈનાં ધર્મપત્ની શારદાબહેન આદર્શ નારી, સવારથી રાત સુધી સૌની આગતા-સ્વાગતા કરે. મારા માટે રોજ નવો નવો નાસ્તો, ભોજન વગેરે તૈયાર કરે. રમેશભાઈ તેમને જોબ કરવા ન મોકલે. બસ, ઘરની જવાબદારી સંભાળે એટલે બસ. મને આ વાત ગમી. પત્નીની કમાણી ઇચ્છતા પતિઓ વધારાના પૈસા તો મેળવતા હોય છે, પણ કેટલીક વાર પત્ની ખોઈ પણ બેસતા હોય છે. પણ આ તો લંડન, અહીં તો કમાઓ અને ખાઓ. બધાં કમાય તો

જ ઘર ચાલે. પણ આ ઘર, સ્ત્રીની કમાણી વિના પણ સારી રીતે ચાલતું હતું. પતિ-પત્ની બન્ને એકબીજાથી સંતુષ્ટ એટલે સુખી.

રમેશભાઈની એક સરસ કાર હતી, જેમાં અમે બધે ફરવા જતા. રમેશભાઈએ કહ્યું કે આ કાર મેં માત્ર પિસ્તાલીસ પાઉન્ડમાં ખરીદી છે. મને નવાઈ લાગી. આવી સરસ કાર માત્ર પિસ્તાલીસ જ પાઉન્ડમાં! તેમનું કહેવું છે કે અહીં થોડી વપરાયેલી કારો બહુ સસ્તી મળે. હજી નવી કાર લઈ શકીએ તેવી અમારી સ્થિતિ થઈ નથી, અને કાર વિના અહીં ચાલે જ નહિ. એટલે કાર રાખવી જરૂરી છે. લંડનવાસ દરમ્યાન મારે રમણભાઈ, પુરુષોત્તમ, કનુભાઈ, ઠાકોરભાઈ વગેરે જૂના પરિચિતોને પણ મળવાનું થયું. સૌ બરાબર સેટ થઈ ગયા હતા અને સૌ સુખી હતા.

લગભગ ત્રણેક મહિના મારે રહેવાનું થયું. અમે પિકાડેલી સર્કલ જોયું. ટ્રફાલ્ગર સ્ક્વેર જોયો. લંડનનો વ્હાઇટ ફોર્ટ જોયો. ત્યાં આપણો હીરો કોહીનૂર પણ જોયો. મયૂરાસન પણ જોયું. મને ઓછું ગમ્યું. તે કિંમતની દૃષ્ટિએ તો મૂલ્યવાન હતું પણ બેસવાની સગવડની દૃષ્ટિએ સારું ન હતું. પાછળનો ટેકો એકદમ સીધો હતો એટલે બરડાનો એક ભાગ જ તેને સ્પર્શ કરે. હવે એવી વળાંકવાળી સીટો નીકળી છે કે આખો બરડો ચોંટી શકે. બરડાના વળાંક પ્રમાણે ટેકાનો પણ વળાંક હોય. ત્યારે આવી શોધ નહિ થઈ હોય.

વ્હાઇટ ફોર્ટ રોમનોનો બંધાવેલો હતો. કોઈ સમયે બ્રિટન ઉપર રોમનો રાજ્ય કરતા હતા. અંગ્રેજો ત્યારે ગુલામ હતા. સમય કેવો ક્રૂર હોય છે! જે મયૂરાસન લાખ્ખો રૂપિયા ખર્ચીને પોતાના ગૌરવ માટે બાદશાહે બનાવડાવેલું તે લૂંટાઇ ગયું. ફરતું ફરતું હવે અહીં સંગ્રહસ્થાનમાં પહોંચી ગયું. નકામું પડ્યું છે. રશિયાની યાત્રામાં મેં જોયું હતું કે સંગ્રહસ્થાનમાં ઝારની ખુરશી ઉપર આપણને બેસવા દે. ફોટો પાડવા દે. પણ અહીં તેવી છૂટ ન હતી, નહિ તો અનુભવ કરત કે મયૂરાસન ઉપર બેસવાથી શું થાય છે! સંગ્રહસ્થાનમાં બીજા પણ કેટકેટલાં સિંહાસનો હતાં, જે વિશ્વભરમાંથી લાવવામાં આવેલાં છે. સોનાની એટલી બધી વસ્તુઓ કે જોતા જ રહો. રાજા-મહારાજાઓએ પોતાના શોખ માટે શું કાંઈ સોનું વાપર્યું છે! અને હા, સોનું કોઈનું ન થયું. તે ફરતું જ રહ્યું. “વીરભોગ્યા વસુંધરા!”

અમે થેમ્સ નદી ઉપરનો સંકેલાઈ જનારો પુલ જોયો. જ્યારે કોઈ મોટું જહાજ નદીમાંથી પસાર થવાનું હોય ત્યારે આ પુલ સંકેલાઈ જાય અને જહાજના ગયા પછી પાછો હતો તેવો ને તેવો ગોઠવાઈ જાય. હાવરાપુલ જેવું વિજ્ઞાન નીકળ્યું તેના પહેલાં આ પુલ બનેલો લાગે છે. હાવરાપુલ એટલો ઊંચો અને વચ્ચેના થાંભલા વિના બન્યો છે કે ગમે તેવાં જહાજો આવ-જા કરે તોપણ તેને સંકેલાવું ન પડે. અમે થેમ્સ નદીમાં ફર્યા. મોટા ભાગે નજીકના સમુદ્રનું પાણી ભરેલું પણ કંચન જેવું ચોખ્ખું. કાગળનો નાનો ટુકડો પણ ન નખાય. તેના કિનારે લોકો હરવાફરવા આવે પણ ગંદકી ન કરે. ચારે તરફ સ્વચ્છતા જ સ્વચ્છતા. અંગ્રેજોનો વ્યવહાર પણ સારો. આપણે તેને ન ગમતા હોઈએ તોપણ તે હસતા ચહેરે ભદ્રતાથી વાતો કરે. રમેશભાઈની પાડોશમાં એક ભારે શરીરવાળો ગોરો રહે. રમેશભાઈના ત્યાં મારા કારણે લોકોની અવરજવર વધારે રહે. આપણે ઘોંઘાટ કર્યા વિના રહી શકતા નથી. સામાન્ય વાતો કરીએ તોપણ ઘોંઘાટ થઈ જાય. પેલા ચુપચાપ રહે. ખબર પણ ન પડે કે અહીં કોઈ રહે છે. જરાય અવાજ નહિ. પણ કોઈ દિવસ કશી ફરિયાદ ન કરે.

બ્રિટનની યાત્રા કરીને હું પાછો દેશ આવ્યો. છેલ્લા દિવસે રમેશભાઈએ બધાને બોલાવીને જમાડ્યા. સૌ ખુશખુશ હતા અને ફરીથી આવવાનો સૌનો આગ્રહ હતો. કેટલાય લોકો ટિકિટ મોકલવા તૈયાર હતા. અને મારે તો જવા-આવવાની ટિકિટ હોય એટલે બસ.

મારે ફરી પાછું લંડન જવાનું થયું. આ વખતે ઘણા લોકોનો પરિચય હોવાથી કાર્યક્રમ બહુ ભરચક. ઘણી જગ્યાએ ફરવાનું થયું. ચેથમકેન્ટમાં દંતાલીનાં મનુભાઈ અને કમળાબહેન રહે. તેમના ત્યાં પણ થોડા દિવસ જઈ આવ્યો. હું રાતદિવસ વિચાર કરું કે આ દેશ અને આ પ્રજા કેવી છે અને આપણે કેવા છીએ!

મારો વિચાર યુરોપના દેશો જોવાનો થયો. જેની પાસે બ્રિટનનો પાસપોર્ટ હોય તેને વિઝા ન લેવા પડે. ગમે ત્યાં જાય, હવાઈમથક ઉપર વિઝા મળી જાય. પણ ભારતનો પાસપોર્ટ હોય તો વિઝા ન મળે. અમે લંડનના દૂતાવાસોથી વિઝા લેવા પ્રયત્ન કર્યો. મારે કહેવું જોઈએ કે માત્ર દોઢ દિવસમાં મેં નવ દેશોના વિઝા લીધા. દૂતાવાસમાં જાવ, ફાર્મ લો અને ભરો, પાસપોર્ટ સાથે ફોર્મ આપો. ક્યાંક ભરવાનું રહી ગયું હોય કે ભૂલ થઈ ગઈ હોય તો કર્મચારી ભરાવે કે સુધરાવે. પછી બેસવાની નિશ્ચિત જગ્યા બતાવે. અડધા-પોણા

કલાકમાં તો વિઝા સાથેનો પાસપોર્ટ આવી જાય. આપણને તો નવાઈ જ લાગે. આ લોકો આટલી ઝડપથી કામ કરે છે! ધક્કા ખવડાવવાની તો વાત જ નહિ. બધી કચેરીઓ નજીક નજીક એટલે અહીંનું કામ પતે એટલે બાજુમાં જવાનું. આમ માત્ર દોઢ જ દિવસમાં નવ દેશોના વિઝા મળી ગયા.

અમે ત્રણ જણા હું, રમેશભાઈ અને રમણભાઈ, કોસમસ કોચમાં યુરોપના પ્રવાસે નીકળી પડ્યા. પહેલાં ડોવર બંદરે ગયા. સમુદ્રીરસ્તે ચેનલ પાર કરી અને સામે કિનારે નીકળ્યા બેલ્જિયમમાં, આ પ્રવાસ પંદરેક દિવસનો રહ્યો. તેનું આગવું પુસ્તક જ લખવું જોઈએ. પ્રવાસ બહુ જ સુંદર અને જ્ઞાનવર્ધક રહ્યો. હા, અમે વેજીટેરિયન એટલે ખાવા-પીવાની તકલીફ રહી, પણ એ તો પ્રથમથી જ નક્કી હતું. કમળાબહેનનો મોહનથાળ બહુ કામ આવ્યો. જર્મનીમાં મારા બન્ને સાથીઓ રાત્રે કોઈ કાર્યક્રમમાં ગયેલા અને હું સૂઈ ગયેલો, તે રાત્રે રમણભાઈએ આવીને મારી પથારીના માથા આગળની બારી ખોલી નાખી. તેની ઠંડી હવા મારા હાથને લાગી તો હાથ જકડાઈ ગયો. છેક સુધી મારે હાથને ફાંટમાં રાખવો પડ્યો. વળી પાછા અમારા ત્રણેની પાસે પૈસા બહુ ઓછા એટલે દવા કરાવવાની પણ તકલીફ રહી. મારી પાછળની સીટ ઉપર કેનેડિયન માજી અને તેમની દીકરી યાત્રા કરે, તેમણે મારી બહુ જ સેવા કરી. આજે પણ તેમની સેવાભાવના યાદ આવે છે. અમે તો બેલ્જિયમ, ઓસ્ટ્રિયા, સ્વિટ્ઝરલૅન્ડ, ઇટાલી, જર્મની, ફ્રાંસ વગેરે બધા દેશો બસના દ્વારા જોઈને પાછા લંડન આવી ગયા. અમારો બસનો કન્ડક્ટર બહુ જ ભલો માણસ હતો, હા, તે બદલાઈ ગયો અને પછી તેની જગ્યાએ એક અંગ્રેજ બહેન આવી. તેણે બધાના દાંત ખાટા કરી નાખ્યા. હોય, નબળાં માણસો જ સારા માણસોની મહત્તા ઉજાગર કરતાં હોય છે. જો બધાં જ સારાં માણસો હોય તો જીવવાની મજા જ ન આવે. આ રીતે મારે બે વાર બ્રિટન જવાનું થયું. તેનો મોટો યશ શ્રી રમેશભાઈના ફાળે જાય છે. હું તેમનો જેટલો આભાર માનું તેટલો થોડો કહેવાય.

તા. 5-1-04

*

# 15. સુરેન્દ્રભાઈ અને રાજેન્દ્રભાઈ

સામાન્ય રીતે બધા લોકો પરિસ્થિતિના દાસ હોય છે. પરિસ્થિતિ અથવા વાતાવરણ એક ધસમસતો પ્રવાહ છે. જેમાં ઇચ્છા ન હોય તોપણ સામાન્ય માણસોને તણાવું પડતું હોય છે. કેટલાક લોકો જીવનભર તણાયા જ કરતા હોય છે. આવા લોકો કદી પણ વિશિષ્ટ કે મહાન થઈ શકતા નથી હોતા. પણ કેટલાક બહુ થોડા લોકો પરિસ્થિતિની પરવા કર્યા વિના સામે પૂર ચાલીને પોતાનો રસ્તો નક્કી કરતા હોય છે અને તેના ઉપર ચાલી બતાવતા હોય છે.

શ્રી સુરેન્દ્રભાઈ આ બીજી કક્ષાના માણસ છે. ભાદરણમાં જન્મેલા સુરેન્દ્રભાઈને પરદેશ જવાનો ભારે ઉમળકો પણ જ્યોતિષીએ કહી દીધું કે તમારા હાથમાં વિદેશ જવાની રેખા જ નથી. તમે કદી પણ વિદેશ જઈ શકશો નહિ. સુરેન્દ્રભાઈએ કહ્યું કે હું તમારું જ્યોતિષ ખોટું કરી બતાવીશ. તે કામે લાગી ગયા અને જેમતેમ કરીને લંડન પહોંચી ગયા. ત્યારે વિઝાની બહુ માથાકૂટ ન હતી, લોકો સરળતાથી કોમનવેલ્થના કારણે લંડન જઈ શકતા. આ લબરમૂછિયો જુવાન લંડન તો પહોંચી ગયો પણ હવે કરવું શું? ત્યારે લંડનમાં બહુ ગુજરાતીઓ નહિ, અને પાસે પૈસા પણ નહિ. તેમણે તો એક મોટરગેરેજમાં કામ કરવાનું શરૂ કરી દીધું. લંડનમાં ત્યારે પુષ્કળ ઠંડી પડે. વળી ઠંડા પાણીથી કારોને ધોવાની. વાત જ ન પૂછો, પણ ચરોતરનો અને તેમાં પણ ભાદરણનો પાટીદાર નાસીપાસ થાય નહિ. ઘણી મુશ્કેલીઓ વચ્ચે પણ તે જોબ કરતા રહ્યા અને ક્રમે ક્રમે આગળ જતાં એક કંપનીના ડિરેક્ટર થઈ ગયા. હવે તો તેમની પાસે પોતાનો બંગલો અને કાર વગેરે બધું હતું.

માતા-પિતાના ધાર્મિક અને ઉચ્ચ સંસ્કાર એટલે કથાવાર્તા સાંભળવા જાય. આફ્રિકાની માફક લંડનમાં પણ ઘણા કથાવાર્તાકારો આવે અને કથા કરે. ત્યારે શ્રી મુરારિદાસ હરિયાણી લંડન આવેલા. સુરેન્દ્રભાઈ કથા સાંભળવા ગયા અને પ્રથમ દિવસથી જ તેમના થઈ ગયા. પછી તો કથાનું વ્યસન થઈ ગયું. બાપુ જ્યાં જાય ત્યાં સાથે જાય. વ્યવસ્થા કરે અને પૂરેપૂરો લાભ મેળવે. જીવનમાં બહુ પરિવર્તન આવી ગયું. સુરેન્દ્રભાઈ ધર્મપ્રેમી થઈ ગયા.

બીજી તરફ તેમને નાટ્યકલા પ્રત્યે પણ રસ ખરો. લંડનમાં શ્રી કનૈયાલાલ મુનશી દ્વારા પ્રસ્થાપિત ભારતીય વિદ્યાભવન છે. સુરેન્દ્રભાઈ તેમાં જોડાયા. અહીં અવારનવાર નાટકો વગેરે થાય. સુરેન્દ્રભાઈ પોતે તો કોઈ પાત્ર ન ભજવે, પણ સંયોજન કરે. ભારતમાંથી અને ત્યાંથી પણ સારા સારા કલાકારોને બોલાવે અને ડ્રામા વગેરે કરાવે. લોકોને ગમે અને આ પ્રવૃત્તિના દ્વારા ભારતીય સાહિત્ય-કલાને પ્રોત્સાહન મળે.

એક વાર રમેશભાઈએ મારાં પ્રવચનોની થોડીક કૅસેટો તેમને આપી, તેમણે સાંભળી અને મારા ચાહક બની ગયા. કોઈ પણ ભોગે સ્વામીજીને અહીં બોલાવવા જ છે. તેમનો નિર્ધાર બહુ મક્કમ, ગમે તેટલાં વિઘ્નો આવે તોપણ નિર્ધાર બદલે નહિ. હું બેત્રણ વાર લંડન જઈ આવેલો. હવે મારે લંડન જવાની જરાય ઇચ્છા નહિ. કારણ કે મારું વિદેશભ્રમણ ધર્મપ્રચાર, સંપ્રદાયપ્રચાર કે પૈસા કમાવા માટેનું રહ્યું નથી. મારો હેતુ માત્ર દેશ-વિદેશ જોવા-સમજવાનો રહ્યો છે. ઘણા પ્રયત્નો પછી મેં હા પાડી. એક શરતે કે વિઝા લેવા હું કોઈ દૂતાલયમાં જઈશ નહિ. ઘેરબેઠાં વિઝા મળે તો જ આવીશ. તેમણે બધા પ્રયત્નો કરીને ઘેરબેઠાં વિઝા મેળવી આપ્યા. અને હું લંડન પહોંચી ગયો.

મારો ઉતારો ધર્મજના શ્રી બારીન્દ્રભાઈના ત્યાં રાખ્યો. બારીન્દ્રભાઈનાં માતુશ્રી મણિબહેન મારાં થોડાં પરિચિત, તે નિસરાયાનાં દીકરી અને આઝાદીનાં કાર્યકર્તા. જાજ્વલ્યમાન વ્યક્તિત્વ અને હાથ જોડવાનું મન થાય તેવો દેખાવ. તે તો ગુજરી ગયાં હતાં પણ તેમના દ્વારા મારા કાંઈક સમાચાર બારીન્દ્રભાઈને મળેલા હશે. એટલે બારીન્દ્રભાઈના વિશાળ મકાનમાં મારો ઉતારો રખાયો. પ્રવચનો ચાલુ થયાં. પ્રથમથી જ સુરેન્દ્રભાઈએ બબ્બે દિવસના કાર્યક્રમો પૂરા ઇંગ્લૅન્ડમાં ગોઠવી દીધેલા. આ પ્રમાણે ઘણી દોડાદોડી થઈ. બેત્રણ દિવસમાં થોડોક પ્રચાર થાય, લોકોની ભીડ જામવા માંડે ત્યાં તો અમારે બીજે જવાનું નક્કી હોય. બધા જ પ્રવાસમાં સુરેન્દ્રભાઈ સાથે હોય. તેમની

મર્સીડીઝ ગાડી, તેમનું પેટ્રોલ અને તે પોતે ડ્રાઇવર. અમે તો બધે ફર્યા કરીએ. ઘણી વાર નજીકના નગરથી કાર્યક્રમ પતાવીને પાછા લંડન આવી જઈએ. સુરેન્દ્રભાઈ બહુ જ તેજ ગાડી ચલાવે. પોલીસ પકડશે તેવી સૂચના આપું પણ કોણ માને! બ્રિટનના રોડ બહુ સારા. બસ આંખ મીંચીને ચલાવો. પોલીસ સિવાય બીજો કોઈ ડર નહિ. ન કોઈ સામું વાહન આવે, ન માણસ આવે. પશુઓનું તો નામ જ નહિ. કેટલીક વાર લાંબો પ્રવાસ હોય તો સુરેન્દ્રભાઈ જૂનાં ફિલ્મી ગીતો ગણગણાવે. તેમનો કંઠ સારો અને મૂળ ગીત જેવું જ ગાય. ઘણી વાર તો મૂળ ગીતની સંગીતરચના પણ ગણગણાવે. મને સંગીત ગમે તેમાં પણ જૂનાં ગીતો બહુ જ ગમે. હું તેમને ગીતોના અર્થ પૂછું તો કહે કે બહુ ખબર ન પડે. પછી હું તેના શબ્દાર્થ અને ભાવાર્થ બન્ને સમજાવું, તેમને બહુ મજા પડે. આવી રીતે જોતજોતામાં રસ્તો પૂરો થઈ જાય. તેમની કારમાં બેત્રણ વાર બ્રિટનના ચારે ભાગોમાં ફરવાનું થયું. પછી તો તે કંપનીના ડિરેક્ટર પદેથી નિવૃત્ત થયા. થોડુંઘણું કાંઈક પેન્શન મળે. પણ જીવનશૈલી તો પૂર્વના જેવી જ.

પ્રેસ્ટન મંદિરના કાર્યક્રમમાં ભારતના હાઇકમિશનર લછ્છીમલ સીંઘવી પધારેલા. મારા પ્રવચનથી તેઓ બહુ જ પ્રભાવિત થયેલા. લંડન આવીને તેમણે પોતાને ત્યાં એક રાષ્ટ્રીય કાર્યક્રમ ગોઠવ્યો. મુખ્ય વક્તા તરીકે મને બોલાવ્યો. મેં હિન્દીમાં પ્રવચન કર્યું. શ્રી સીંઘવીજી વધુ પ્રભાવિત થઈ ગયા. મેં યુરોપની તો બે વાર યાત્રા કરી હતી (એક વાર કોસમસ ટૂરમાં અને બીજી વાર યુરો રેલમાં.) પણ મેં ઉત્તરના સ્ટૅન્ડેનેવિયન દેશો જોયા ન હતા. હવે નિયમ એવો થઈ ગયેલો જે દેશનો પાસપોર્ટ હોય ત્યાંથી જ વિઝા લેવા જોઈએ. રસ્તામાંથી બીજા કોઈ દેશમાંથી વિઝા મળે નહિ, એટલે વિઝા મળવાની કોઈ શક્યતા ન હતી. પણ સુરેન્દ્રભાઈના નાનાભાઈ રાજેન્દ્ર બહુ બાહોશ કાર્યકર્તા. એમણે કહ્યું કે વિઝાની જવાબદારી મારા ઉપર છોડી દો. તે તો સીધા લછ્છીમલ સીંઘવીજી પાસે પહોંચી ગયા અને મારી વાત કરી. શ્રી સીંઘવીજી મારાથી પ્રભાવિત હતા જ. તેમણે તરત જ સ્વીડનના રાજદૂતને ફોન કર્યો, રાજદૂતે તરત જ વિઝા આપી દીધા. આ રીતે મેં સ્વીડન, નોર્વે અને ડેન્માર્કનો પ્રવાસ કર્યો. તેનું પુસ્તક છે 'યુરોપની અટારીએથી'. મારે શ્રી રાજેન્દ્ર અને સુરેન્દ્ર બન્નેની સાથે શ્રી સીંઘવીજીનો પણ આભાર માનવો જોઈએ.

લંડનમાંથી 'ગુજરાત સમાચાર' સાપ્તાહિક સમાચારપત્ર પણ પ્રગટ થાય. તેના તંત્રી શ્રી સી. બી. પટેલ, તે પણ ભાદરણના પટેલ. તેમને પણ મારામાં રસ પડ્યો અને તેમણે પ્રચારમાં સારું પ્રદાન કર્યું.

સુરેન્દ્રભાઈને મારા વિચારોમાં વધુ ને વધુ રસ પડતો ગયો. વારંવાર કહેતા કે પહેલાં હું ધર્મની પ્રાથમિક શાળામાં ભણતો હતો, હવે હું ધર્મની કોલેજમાં ભણી રહ્યો છું. તેમણે પુસ્તકો અને કૅસેટોનો પ્રચાર શરૂ કર્યો. હજારો કૅસેટો અને પુસ્તકો તેમણે ઘણા લોકો સુધી પહોંચતાં કર્યાં. તેમનાં ધર્મપત્ની ભામિનીબહેન પણ સારો રસ લે અને પ્રચારમાં સહાયક બને.

મારી ચીનયાત્રામાં પણ સુરેન્દ્રભાઈ જોડાયા. તેનું પુસ્તક છે 'ચીન મારી દૃષ્ટિએ'. આ છેડાથી છેક પેલા છેડા સુધી અમે સાત-આઠ જણાએ ચીનની યાત્રા કરી.

પછી મારે રશિયા જવાનું થયું. પ્રથમ બ્રિટન પછી અમેરિકા (અલાસ્કા સહિત) અને પછી રશિયાનો લાંબો પ્રવાસ કરવાનો થયો. ત્યારે પણ સુરેન્દ્રભાઈ સાથે રશિયાના વિઝા તો રાજેન્દ્ર જ લાવી શકે. કેમે કરીને વિઝા આપે નહિ. વારંવાર ધક્કા ખવડાવે. રાજેન્દ્ર, અમદાવાદ અને મુંબઈ વચ્ચે ધક્કા ખાતા રહે. વચ્ચે તો કંટાળીને મેં કહ્યું કે રહેવા દોને, કાંઈ જવું નથી. પણ રાજેન્દ્ર માને નહિ. અંતે તે વિઝા લાવીને જ જંપ્યા.

આ રીતે આ બન્ને ભાઈઓએ મારા ઉપર બહુ ઉપકાર કર્યો છે. આજે પણ સુરેન્દ્રભાઈ કૅસેટો-પુસ્તકોનું કામ કર્યા કરે છે. મારે સ્વીકારવું જોઈએ કે સ્કેન્ડેનેવિયન દેશો, ચીન અને રશિયા વગેરે દેશોના પ્રવાસમાં આ બન્ને ભાઈઓનો બહુ મોટો સહારો રહ્યો. લંડનથી અમેરિકાના પ્રવાસમાં પણ સુરેન્દ્રભાઈ સાથે રહ્યા. પ્રવચનોની કૅસેટોની એટલી બધી માગણી રહે કે મોડી રાત સુધી જાગીને સુરેન્દ્રભાઈ કૅસેટો ઉતારે (મશીન સાથે રાખે) અને વિતરણ કરે.

તા. 5-1-04

# 16. રાજેન્દ્રકુમાર ઈશ્વરભાઈ પટેલ

જીવન એક સંયોગ છે. માતાપિતાના સંબંધથી એક નવા જીવનનો સંજોગ બની જાય છે. જાણતાં કે અજાણતાં બનેલો આ સંયોગ એક નવા જીવનને પ્રગટ કરે છે. નવા જીવનને ક્યાં પ્રગટવું, ક્યારે પ્રગટવું એ બધું તેના હાથમાં નથી. બસ કુદરતની પ્રક્રિયા પ્રમાણે તે પ્રગટ્યું. પણ તે પછી પણ તેના જીવનમાં જાણતાં-અજાણતાં આવેલા સંયોગો બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમાં જાણતાં કરતાં અજાણતાં મળેલા સંજોગો તો બહુ જ મહત્ત્વના થઈ જતા હોય છે. અજાણતાં કે અનિચ્છાએ થયેલા સંજોગોને કાર્યકારણ નથી હોતું. એટલે લોકો તેને નસીબ કે પ્રારબ્ધ કહે છે. આવા જ કોઈ પ્રારબ્ધવશ મને શ્રી રાજેન્દ્રકુમારની પ્રાપ્તિ થઈ.

બન્યું એવું કે દંતાલીના શ્રી મનુભાઈ પટેલ બ્રિટનમાં રહે. તેમનાં ધર્મપત્ની કમળાબહેન અને દીકરા-દીકરીઓનો પરિવાર પણ સાથે રહે. મનુભાઈ અને કમળાબહેન જ્યારે લંડન ગયેલાં ત્યારે તેમનાં નાનાં નાનાં બાળકો દંતાલીમાં મૂકીને ગયેલાં. આ બધાંનો થોડોક આશ્રમ સાથે સંબંધ. પછી તો બાળકો પણ લંડન ગયાં. બીજી બાજુ ખેડા જિલ્લાના નરસંડા ગામના પણ નાગપુર પાસે વણીમાં તમાકુનો વ્યાપાર કરનાર શ્રી ઈશ્વરભાઈનો પુત્ર રાજેન્દ્ર, ભણવાની તીવ્ર લાલસામાં અમેરિકા પહોંચ્યો. એક વણિકમિત્રના ત્યાં ઉતારો કર્યો. ત્યારે અમેરિકામાં ખાસ કોઈ ગુજરાતી વસ્તી નહિ. ત્રણ દિવસ પછી પેલા મિત્રે રાજેન્દ્રની બૅગ રોડ ઉપર મૂકીને કહ્યું કે, ‘આ અમેરિકા છે. મેં તને ત્રણ દિવસ રાખ્યો, હવે તારે તારી વ્યવસ્થા કરી લેવાની. અહીં તો સગો બાપ પણ છોકરાને રાખતો નથી.’ કહીને મિત્ર ચાલતો થયો. હવે શું કરવું? ન તો પાસે ડોલર કે ન બીજી કોઈ ઓળખાણ. પણ ખરા જીવનની શરૂઆત અણધારી મુસીબતમાંથી થતી હોય છે. હિંમત હાર્યા વિના તેણે પગ મૂકવાની જગ્યા શોધવા માંડી. અમેરિકા બહુ દયાળુ દેશ પણ છે. તમને જગ્યા-જગ્યાએ સાથ-સહકાર આપનાર માણસ મળી રહે. સહુથી વધુ મહત્ત્વની વસ્તુ એ છે કે તમને તરત જ જોબ મળી રહે. હા, તમારામાં કામ કરવાની વૃત્તિ હોવી જોઈએ. રાજેન્દ્રને સાથ મળ્યો, જોબ મળી અને સાથે સાથે શિક્ષણમાં પ્રવેશ પણ મળ્યો. અમેરિકામાં ઘણા છાત્રો જોબ કરીને પોતાની કમાણીના પૈસાથી ભણતા હોય છે. રાજેન્દ્ર ભણવામાં અને કામ કરવામાં હોશિયાર. પાછો પૂરેપૂરો પ્રામાણિક.

માણસના સદ્ગુણો જ એની ખરી મૂડી છે. પહેલાં કષ્ટ પડે પણ પછી સદ્ગુણો આપોઆપ મિત્રો-ચાહકોને ખેંચી લાવે. એક પછી એક વર્ષ પૂરાં થતાં ગયાં. શિક્ષણ કોલેજ કક્ષાએ પહોંચ્યું. ત્યાં મનુભાઈની મોટી દીકરી યામિની સાથે મળવાનું થયું. બન્ને યુવાન એટલે પ્રેમ થઈ ગયો. અમેરિકા પ્રેમનો દેશ છે. અહીં ચારે તરફ પ્રેમ કરતાં નર-નારીઓ જોવા મળે છે. પ્રેમને અહીં ઘૃણાથી નથી જોવાતો. રસ્તામાં, બગીચામાં, સ્ટેશનો ઉપર કે ગમે ત્યાં યુવક-યુવતીઓ જ નહિ, પ્રૌઢો અને વૃદ્ધો પણ આલિંગન-ચુંબન કરતાં જોવા મળે. કોઈ તેમની નોંધ પણ ન લે. સામું પણ ન જુએ. જાણે આ કોઈ સહજ પ્રક્રિયા ચાલતી હોય તેમ લાગે. અમે એક વાર પોર્ટલૅન્ડના ગુલાબોનો બગીચો જોવા ગયેલા. જોયું તો સેંકડો નર-નારીઓ પ્રેમ કરી રહ્યાં છે. તેમાં પ્રૌઢો અને વૃદ્ધો પણ ખરાં. અમે કોઈ દિવસ આવાં દશ્યો જોયેલાં નહિ એટલે ટીકીટીકીને ટગર ટગર જોઈએ પણ પેલાંને કશી પડી નહિ, તે તો તેમની મસ્તીમાં અગાધ પ્રેમજળમાં ડૂબેલાં હોય. મેં એક અમેરિકનને પૂછ્યું કે તમે આટલો બધો પ્રેમ ખુલ્લેઆમ કેમ કરો છો? તો કહે કે “સૅક્સ ફોર હેલ્થ” અર્થાત્ આમ કરવાથી આરોગ્ય સારું રહે છે. જો તમે ખૂબ ઊંડાણથી પરસ્પરમાં પ્રેમ કરો તો તન-મનમાં એવી રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય કે તેનાથી શરીરના હોર્મોન સારા થવા લાગે. આ ઉત્તમ હોર્મોન જ આરોગ્ય આપે છે. મેં જોયું કે લગભગ બધાના ચહેરા તાજા ગુલાબ જેવા લાગતા હતા. તેની વાતમાં કાંઈક દમ લાગતો હતો. મેં ફરી પૂછ્યું કે “ભલે તમે પ્રેમ કરો, પણ જાહેરમાં તો ન કરો, ખાનગીમાં એકાંતમાં કરો ને?” તો કહે કે “પ્રેમ કરવો એ કોઈ પાપ નથી. શા માટે છુપાવવો જોઈએ? તમે જાહેરમાં પેશાબ કરો, સંડાસ કરો, જાહેરમાં થૂંકો કે ધક્કાધક્કી કરો તો કાંઈ વાંધો નથી આવતો, કશી શરમ નથી લાગતી. બસ આપણા બન્નેમાં આ જ ફરક છે. અમને જાહેરમાં પેશાબ-સંડાસ કરતાં શરમ આવે છે, અમે કદી એવું કરતા નથી. તમને પ્રેમ કરતાં શરમ આવે છે. સૌ-સૌની અલગ અલગ મર્યાદા છે. અમે આ સ્વીકારી લીધું છે, તમે પેલું સ્વીકારી લીધું છે.” હું ચૂપ થઈ ગયો, પણ વિચારતો તો જરૂર થયો.

આપણે ત્યાગ-વૈરાગ્યના ઉપદેશમાં પહેલાં વિષયવાસનાને ત્યાગવા ઉપર ભાર મૂક્યો. વિષયવાસનાને સદંતર ત્યાગવા બ્રહ્મચારીઓ

ઊભા કર્યા. અને બ્રહ્મચારીઓએ વિષયનો ત્યાગ કરાવતાં કરાવતાં પ્રેમનો જ ત્યાગ કરાવી દીધો. આપણે જીવનદ્રોહી થઈ ગયા. કારણ કે પ્રેમ એ જ જીવન છે. તેનાં પરિણામ પણ ભોગવ્યાં. મોટા ભાગના બ્રહ્મચારીઓના ચહેરા નૂર વિનાના, બેસી ગયેલાં ડાચાં અને ઊંડી ઊતરી ગયેલી આંખો સ્પષ્ટ કહે છે કે કાંઈક ભૂલ થઈ રહી છે. આ લોકો બધાં લાલ-ગુલાબી—ગુલાબ જેવાં દેખાય છે. કારણ કે આ જીવનદ્રોહી નથી. પણ આમનામાં પણ કાંઈક ખૂટે છે. તે છે, પ્રેમનું અદ્વૈત. નર-નારી વચ્ચે પ્રેમ અને વાસના એકબીજાનાં પૂરક છે. બન્નેની માત્રાનું સાચું મિશ્રણ કર્યું હોય તો જીવન ધન્ય ધન્ય થઈ જાય. પણ અહીં અદ્વૈત ઓછું થાય છે. વિકલ્પો વધે છે. પાત્રો બદલાયા કરે છે. અદ્વૈત જામતું નથી. પ્રેમનું અદ્વૈત લગ્નસંસ્થાથી જામે છે. જો તે તૂટવા લાગે તો પ્રેમ ન્યૂન થઈ જાય અને વાસના વધી જાય. કોરી વાસના એક પ્રકારનું શારીરિક યાંત્રીકરણ છે. લાગણીની ચીકાશ વિનાનું આ યાંત્રીકરણ જલદીથી ઘસાઈને ખડબડાટ કરવા લાગે છે. જરૂર છે બન્નેના સુમેળની.

મૂળ વાત ઉપર આવીએ. રાજેન્દ્ર અને યામિનીને પ્રેમ થઈ ગયો. બન્નેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. પ્રેમનો દસ્તાવેજ લગ્ન છે. લગ્ન વિનાનો પ્રેમ કદાચ દસ્તાવેજ વિનાનો સોદો થઈ જતો હોય છે. વાગી ત્યાં સુધી ગાજરની પિપૂડી વગાડવાની અને નહિ તો ફેંકી દેવાની. મોટા ભાગે તેમાં બહુ ટકાઉપણું આવતું નથી. કારણ કે પતિ-પત્નીના સંબંધોમાં કેટકેટલીયે વૈતરણીઓ આવતી હોય છે. તે બધી પાર ઊતરવી કઠિન હોય છે. રાજેન્દ્ર બીજા ગોળના એટલે યામિનીનાં માતાપિતા આવાં લગ્ન સ્વીકારવા તૈયાર ન હતાં.

આપણે ત્યાં માત્ર જ્ઞાતિભેદ જ નથી, ગોળભેદ પણ છે. ગોળના દ્વારા પણ ચઢ-ઊતર કક્ષાઓ થાય છે. બન્ને પટેલ હોવા છતાં મહામુશ્કેલી થઈ ગઈ. કન્યાપક્ષે નક્કી કર્યું કે કન્યાને જલદી જલદી આપણા ગોળમાં ક્યાંક પરણાવી દો. મહત્ત્વ વર-કન્યાના પ્રેમનું નથી. મહત્ત્વ ઇજ્જત-આબરૂનું છે. આપણે ઘણી વાર કાલ્પનિક આબરૂમાં જીવતા હોઈએ છીએ. સાચી આબરૂનું રક્ષણ તો થવું જ જોઈએ, પણ આ તો કાલ્પનિક આબરૂ છે.

યામિનીએ મને પત્ર લખ્યો કે મને બચાવી લો. મારાથી બીજું લગ્ન સ્વીકારી શકાશે નહિ. જો અમારાં પ્રેમલગ્ન નહિ થવા દેવાય તો હું આત્મહત્યા કરી નાખીશ, પણ બીજે તો નહિ જ પરણું. પ્રેમમાં મક્કમતા હોય છે અને બલિદાન થઈ જવાની હિમ્મત પણ હોય છે. મને થયું કે હવે મારે નિષ્ક્રિય ન રહેવું જોઈએ. મેં કમળાબહેન તથા મનુભાઈને પત્ર લખ્યો. બન્નેને મારા પ્રત્યે ખૂબ શ્રદ્ધા. મારી વાત માને. પત્ર મળ્યા પછી બન્નેનું વલણ બદલાયું અને બન્નેનાં લગ્ન સારી રીતે કરાવ્યાં. મને શાંતિ થઈ. હું બધું તો જોઈ શકું છું પણ પ્રેમહત્યા નથી જોઈ શકતો.

રાજેન્દ્ર 3 M. (થ્રી એમ)માં ઊંચી પોસ્ટ ઉપર નોકરી કરે. ખૂબ સારો પગાર અને લગ્નમાં વાલની વીંટી પણ ન માગી. થોડા જ સમયમાં કન્યાપક્ષનાં બન્ને માતાપિતા મને કહેવા લાગ્યાં કે, ‘ભલું થજો તમારું તે અમને તમે સમજાવ્યાં. આવા જમાઈ તો અમારા ગોળમાં ગોત્યાયે ન જડે. સો તોલા સોનું તો આપવું જ પડત અને બીજું બધું કેટકેટલું આપવાનું થાત. આ તો એવા સાદા છે કે બે જોડી કપડાં સિવાય કશું ન જોઈએ.’ બન્નેને જમાઈ ખૂબ ગમી ગયા. હું પણ ધન્ય થઈ ગયો. ચાલો એક જોડું તો ખંડિત ન થયું.

આજે યામિની અને રાજેન્દ્ર બન્ને બહુ જ સુખી છે. બે બાળકો છે. બન્ને સ્માર્ટ છે. મોટો અમિત તો હવે છ ફૂટ કરતાં પણ ઊંચો અને તગડો થયો છે. કોલેજ કરી ચૂક્યો છે અને હવે સારી જોબ મેળવશે. નાની મીરાં તો જાણે ડહાપણનો દરિયો જોઈ લ્યો. ધીમે ધીમે મીઠી મીઠી ભાષામાં એવી સુંદર સલાહ આપે કે હું ઘણી વાર કહું કે આવી સુંદર હિતકારી સલાહ તો અનુભવી વૃદ્ધ ડોશી પણ ન આપે. અમિતને ઇંગ્લિશ સંગીત ગમે, તો મીરાંને ભારતીય સંગીત બહુ ગમે. શંકર જયકિશનની રાજકપૂરવાળી કૅસેટો બહુ સાંભળે. અને ગાય પણ ખરી. હવે તો તે પણ પરણાવવાને લાયક થઈ છે. યામિનીને તેની બહુ ચિંતા નથી થતી.

શ્રી રાજેન્દ્ર અને યામિની બન્ને ભેગો પત્ર લખે. વારંવાર એક જ વાત—‘તમે અમેરિકા આવો.’ અંતે મેં તેમનો આગ્રહ માન્ય રાખ્યો અને અમેરિકા પહોંચ્યો. સ્પોન્સર તથા ટિકિટની બધી જવાબદારી રાજેન્દ્રે લીધી હતી. પહોંચતાં જ રાઉન્ડ અમેરિકાની પણ ટિકિટ લઈ લીધી જેથી ત્રણ મહિના સુધી પૂરા અમેરિકામાં હવાઈ યાત્રા દ્વારા ભ્રમણ કરી શકાય. પ્રથમ યાત્રામાં મને અમેરિકા વિશે ખૂબ જાણવા-

સમજવાનું મળ્યું. આ પ્રજા કર્તવ્યપરાયણ છે, દયાળુ છે. પ્રામાણિક છે. અનુશાસિત છે. કાયદાનું પાલન કરનારી પણ છે. અનિષ્ટો સામે સંઘર્ષ કરનારી પણ છે. તેનાં શરીર ઊંચાં-પહોળાં અને ખડતલ પણ છે. તે ગમે તેવું સાહસ કરી શકે છે. ચુસ્ત રાષ્ટ્રપ્રેમી છે.

*

## જો અમેરિકા ન હોત તો ?

હું ઘણી વાર વિચાર કરું છું કે આપણે આટલા પ્રશ્નોના એવી રીતે ઉત્તર આપવા જોઈએ કે—માનો કે અમેરિકા ન હોત તો?

1. દ્વિતીય વિશ્વયુદ્ધ થયું અને હિટલરે જોતજોતામાં યુરોપના ઘણા દેશો કબજે કરી લીધા પછી બ્રિટન ઉપર બોમ્બ ઝીંકવા માંડ્યા. જો અમેરિકા આ યુદ્ધમાં કૂદી પડ્યું ન હોત તો શું થાત? હિટલર વિશ્વવિજયી થઈ જાત. વિશ્વને અમેરિકાએ (મિત્ર રાષ્ટ્રોએ) બચાવ્યું અને હિટલરના નાઝીવાદનો નાશ કર્યો.

2. બીજા વિશ્વયુદ્ધ પછી સામ્યવાદીઓએ જોતજોતામાં વિસ્તરવા માંડ્યું. અડધું વિશ્વ લાલ રંગે રંગાઈ ગયું. અમેરિકાએ નાટો, સીટો, સેન્ટો વગેરે કેટલીયે સંધિઓ કરીને સામ્યવાદને ચારે તરફથી ઘેરી લીધો. તેને આગળ વધતો અટકાવી દીધો. જો અમેરિકા ન હોત તો ભારત વગેરે કેટલાય દેશો લાલ રંગે રંગાઈ ગયા હોત.

3. ઇરાકના સદ્દામ હુસેને કુવૈત ઉપર હુમલો કર્યો અને જોતજોતામાં કુવૈત લઈ લીધું. કુવૈતના શેખ ભાગ્યા અને આરબ દેશમાં શરણું લીધું. અમેરિકા અને બ્રિટન આરબોની વહારે ચડ્યા અને સદ્દામના લશ્કરને પાછું ખદેડી દીધું. નષ્ટ કરેલા તેલના કૂવા ફરી ચાલુ કર્યા. શેખની પુનઃ પ્રતિષ્ઠા કરી. આજે કુવૈત ફરી પાછું હતું તેવું જ ધમધમી રહ્યું છે. માનો કે અમેરિકા-બ્રિટન ન હોત તો? સદ્દામ માત્ર કુવૈત જીતીને જ અટકી જવાના ન હતા. તે પૂરા આરબ પ્રદેશને કબજે કરી લેત. તે બીજા હિટલર થવાની મહેચ્છાવાળા હતા.

4. અફઘાનિસ્તાનમાં રશિયા પેસી ગયું. પૂરું અફઘાનિસ્તાન કબજે કરી અરબી સમુદ્ર સુધી પહોંચીને કોઈ બંદર સ્થાપવાની તેની યોજના હતી. અમેરિકા-બ્રિટન ચૂપ ન રહ્યાં. અફઘાનોને એવાં એવાં શસ્ત્રો આપ્યાં કે રશિયાનું રહેવું કઠિન શું, અસંભવ થઈ ગયું. સાત વર્ષ સુધી કબજો જમાવીને પણ રશિયાને પાછા ભાગવું પડ્યું. અમેરિકા-બ્રિટનની મદદ ન હોત તો શું રશિયાને ભગાડી શકાયું હોત ખરું?

5. સામ્યવાદીઓને આગળ વધતા અટકાવવા માટે અમેરિકા કોરિયા તથા વિએટનામમાં કૂદી પડ્યું. ઘણી પાયમાલી સહન કરી પણ જો તે ન કૂદ્યું હોત તો લાલસેના ત્યાં અટકી ગઈ ન હોત. જોતજોતામાં તેણે બીજા કેટલાય પ્રદેશો પચાવી પાડ્યા હોત. દક્ષિણ કોરિયા, થાઇલૅન્ડ સિંગાપોર વગેરે દેશોનું રક્ષણ કર્યું. એટલું જ નહિ, આ બધા દેશોના અર્થતંત્રને એટલું સમૃદ્ધ બનાવ્યું કે સામ્યવાદી દેશોની તુલનામાં તે ઘણા સુખી થયા. અફઘાનિસ્તાનથી રશિયા તો ચાલ્યું ગયું, પણ ત્યાં જે નવું શાસન આવ્યું તે રશિયા કરતાં પણ વધુ ખતરનાક નીવડ્યું. કટ્ટર ઇસ્લામવાદી તાલિબાનોએ હાહાકાર મચાવી દીધો. સ્ત્રીઓ ભણી ન શકે. નોકરી ન કરી શકે, બુરખો પહેર્યા વિના બહાર નીકળી ન શકે, સાથે કોઈ સગો માણસ તો હોવો જ જોઈએ. સ્ત્રીઓ માટે તો જીવતું દોજખ થઈ ગયું. પુરુષોએ દાઢી રાખવી ફરજિયાત. દાઢી વિનાના પુરુષોને જેલમાં પૂરી દેવાના અને ઘરનું ટિફિન મંગાવીને ખાવાનું. નમાજ ફરજિયાત કરી દીધી. ખ્રિસ્તી ધર્મપ્રચારક પાંચ-સાત પાદરીઓને ફાંસીની સજા થઈ જાય તેવી સ્થિતિ કરી દીધી. બિચારા માંડ બચીને ભાગ્યા.

સેંકડો વર્ષોથી અડીખમ ઊભેલી બામિયાન પર્વતમાળામાં બુદ્ધની અનેક મૂર્તિઓ જે વિશ્વની અદ્ભુત ધરોહર હતી તે બધી પ્રતિમાઓને ઇસ્લામ વિરોધી બનાવીને તોપના ગોળા મારી મારીને તોડી નાખી. આખું વિશ્વ આવું નહિ કરવા સમજાવતું રહ્યું પણ મહમંદ ગઝનવીની માફક તેઓ પણ જરાય માન્યા નહિ. દેશમાં સંગીત-સિનેમા થિયેટરો બંધ કરાવી દીધાં. આ જ સાચો ઇસ્લામ ધર્મ છે તેમ માનવા લાગ્યા. હિન્દુઓની અલગ ઓળખાણ કરવા માટે તેમને પીળો કે કેસરી પટ્ટો ધારણ કરવા જણાવ્યું. સદીઓથી રહેનારા હિન્દુ-શીખ વ્યાપારીઓ ભાગવા માંડ્યા. પૂરા દેશની પ્રજા આવા શાસનથી ત્રાહિ ત્રાહિ પોકારવા લાગી.

તાલિબાનોનું મૂળ પ્રેરણાસ્રોત ઓસામા બિન લાદેન હતા. આ અબજોપતિ આરબે વિશ્વભરમાં ઇસ્લામિક સત્તા સ્થાપવા માટે "અલ કાયદા" નામની સંસ્થા સ્થાપી. ઇસ્લામિક સત્તાની મુખ્ય અવરોધક શક્તિ અમેરિકા હતું. પ્રથમ તેનો નાશ કરવો જોઈએ. અલ કાયદામાં હજારો ફિદાઈ (ધર્મ માટે શહીદ થઈ જનારા) પેદા કર્યા અને મિત્રરાષ્ટ્રોના દૂતાવાસો ઉપર હુમલા કરાવ્યા. નૈરોબી અને દારેસલામમાં બોમ્બ ફોડીને સેંકડો માણસો મારી નાખ્યા. મિત્રરાષ્ટ્રો ચોંક્યાં. તેમણે અલ કાયદાનું ષડ્યંત્ર શોધી કાઢ્યું. અમેરિકન નૌસેનાએ અરબી સમુદ્રમાંથી ક્રૂઝ મિસાઈલ છોડ્યાં પણ ઓસામા બચી ગયો. સંઘર્ષ ઉગ્ર બન્યો. 11મી સપ્ટેમ્બરના દિવસે એક પછી એક બે વિમાનો વર્લ્ડટ્રેડ સેન્ટર સાથે ટકરાયાં અને જોતજોતામાં 110-110 માળની બન્ને ઇમારતો પીગળીને ખાખ થઈ ગઈ. અમેરિકાના નાક ઉપર આ મુક્કો હતો. અમેરિકાએ પગલાં લીધાં. પાકિસ્તાને સાથ આપ્યો. જોતજોતામાં તાલિબાનોનો ખાત્મો બોલાવી દીધો. કેટલાય પકડાયા, કેટલાય માર્યા ગયા, કેટલાય ભાગી છૂટ્યા. અફઘાનિસ્તાનમાં હમીદ કરજઈની નવી લોકતાંત્રિક સરકાર આવી. ફરીથી સ્ત્રીઓ બહાર નીકળવા માંડી. સંગીત વગેરે શરૂ થયાં. લોકોએ ભારે ઉત્સાહ સાથે તાલિબાનોની સરકારને ધકેલી દીધી અને નવી સરકારને સ્વીકારી લીધી. ઓસામા ભાગીને સંતાઈ ગયો.

પ્રશ્ન એ થાય છે કે જો અમેરિકા ન હોત તો તાલિબાનોને નાથી શકાત ખરા? ઓસામાનો આતંકવાદ વિશ્વભરમાં પ્રસરી રહ્યો છે તેને નાથી શકાત ખરો? આતંકવાદનું મોટું મથક હવે પાકિસ્તાન થઈ રહ્યું છે તેના ઉપર નિયંત્રણ કરી શકાત ખરું? ભારતના સામ્યવાદીઓ તો અમેરિકાની ટીકા કરે તે તો સમજી શકાય પણ બીજા કેટલાય પક્ષો અને મીડિયા જ્યારે જુઓ ત્યારે વિશ્વનાં બધાં અનિષ્ટોનું મૂળ અમેરિકાને ગણાવી ટીકા કરતા રહે છે. તેમણે આટલું જ વિચારવાનું છે કે અમેરિકા અને તેના મિત્રો ન હોય તો આ વિશ્વ કેવું બને? અત્યારે આતંકવાદનો પ્રશ્ન વિશ્વભરને દુ:ખી કરી રહ્યો છે. અમેરિકા સિવાય આનો કોઈ ઉકેલ કોઈની પાસે છે? ભારતમાં પણ કાશ્મીર જ નહિ, બધા જ તાલિબાનો જેવાં સંગઠનો હજારો નિર્દોષ લોકોની હત્યાઓ કરી રહ્યાં છે. લોકો ભાગી રહ્યાં છે. કોની પાસે છે આનો ઉકેલ?

7. વિશ્વમાં આતંકવાદનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું લિબિયા. તેના શાસક કર્નલ ગદ્દાફી એટલે જાણે બીજા ઓસામા. પાકિસ્તાનમાં વૈજ્ઞાનિકોને ફોડીને તેઓ અણુબોમ્બ બનાવવાની તૈયારીમાં હતા. આ અણુબોમ્બ ચોક્કસ રીતે આતંકવાદીઓના હાથમાં જવાનો જ હતો, ત્યાં અમેરિકાએ તેમને દબાવી દીધા. હવે ગદ્દાફીએ જાહેરમાં અણુબોમ્બ નહિ બનાવવાની અને અણુ રીએક્ટરો આંતરરાષ્ટ્રીય પંચ માટે ખુલ્લાં મૂકવાની તૈયારી બતાવી તે કોના દ્વારા? અમેરિકા ન હોત તો લિબિયા સીધું થવાનું હતું ખરું?

આવું જ ઉત્તર કોરિયાનું છે. તે પણ વિશ્વ માટે ખતરો થઈ ચૂક્યું છે. પાકિસ્તાનનાં બધાં મિસાઈલો ઉ. કોરિયાનાં છે અને તે ભારતની સામે તકાયેલાં છે. ભારત માટે તો પાકિસ્તાન કરતાં પણ મોટો ખતરો ઉ. કોરિયાથી છે. અમેરિકા વિના આ ખતરો કોઈ દૂર કરી શકે તેમ છે? લિબિયા પછી જોજો કોરિયાનો વારો અને પછી પાકિસ્તાનનો પણ વારો આવવાનો જ છે.

8. 1962માં ચીને ભારત ઉપર આક્રમણ કર્યું, આપણી સેના ટકી ન શકી અને જોતજોતામાં ચીન છેક બોમદીલા સુધી પહોંચી ગયું. તેજપુરના પતનની ઘડીઓ ગણાતી હતી. અમેરિકા-બ્રિટને તરત જ મદદ શરૂ કરી. ચીનને થયું કે હવે અમેરિકા કૂદી પડવાની તૈયારીમાં છે. જો અમેરિકા કૂદી પડશે તો તિબેટ ખોવું પડશે. આવા સાચા ડરથી ચીન આપમેળે પાછું ખસી ગયું. જો અમેરિકા ન હોત તો ચીન છેક કલકત્તા સુધી પહોંચી ગયું હોત.

9. વારંવાર દુષ્કાળ અને ઓછા અન્નના ઉત્પાદનથી ભારતની પ્રજા અન્ન વિના ટળવળતી હતી. ત્યારે P.L. 480 પ્રમાણે અમેરિકાની સ્ટીમરો હજારો ટન અનાજ લઈને ભારત પહોંચતી અને તેના અનાજથી દેશની પ્રજા પેટ ભરતી. આવા લાખ્ખો ટન અનાજના કરોડો-અબજો ડોલર અમેરિકાએ માંડી વાળ્યા. વર્ષો સુધી જો આ અનાજ ન આવ્યું હોત તો પ્રજાનું શું થાત? બીજો કોઈ દેશ આટલું અનાજ મફત આપે તેવો હતો?

10. કારગીલના યુદ્ધમાં પાકિસ્તાનના સૈનિકોને પાછા બોલાવી લેવા પ્રમુખ ક્લિન્ટને પ્રધાનમંત્રી નવાજ શરીફને ધમકી આપી હતી.

પાકિસ્તાને સૈનિકો પાછા બોલાવી લીધા. આપણે પેસેજ આપવાના ન હતા પણ પછી આપ્યો. આપણે કારગીલ વિજયદિવસ મનાવીએ છીએ પણ તેમાં અમેરિકાનો પણ હાથ હતો તે ભુલાવું ન જોઈએ.

11. હમણાં એક જ વર્ષ ઉત્તર ભારતે અને પાકિસ્તાને પોતપોતાની સેનાને આમનેસામને ગોઠવી દીધી હતી. આરપારની લડાઈ થવાની તૈયારીમાં જ હતી. આ વખતે અણુબોમ્બનો પ્રયોગ નિશ્ચિત હતો. બન્ને તરફ કેટલાંય નગરો અને કેટલાંય (કરોડો) માણસો સ્વાહા થઈ જવાનાં હતાં. અમેરિકાના મંત્રીઓ બન્ને દેશોના આંટા મારવા લાગ્યા, અને અંતે બન્ને તરફથી સેના પાછી ખેંચાઈ. અમેરિકા જો વચ્ચે ન પડ્યું હોત તો આ આરપારની લડાઈ જરૂર ફાટી નીકળવાની હતી. કરોડો માણસો જો બચી ગયાં તો તેનો યશ અમેરિકાને જાય છે.

અમેરિકાના પક્ષમાં આટલું બધું લખવાનું કારણ એ છે કે પહેલાં અને અત્યારે ચારે તરફ બધા અમેરિકાની ટીકા કરતા રહે છે. તાલિબાનો તો તેને શેતાન માને તે સમજી શકાય છે. પણ આપણે પણ તેમાં ભળીએ તો તે મહામૂર્ખતા જ કહેવાય. જો અમેરિકા ન હોત તો વિવેકાનંદ વિવેકાનંદ ન થઈ શક્યા હોત અને રામતીર્થ રામતીર્થ ન થઈ શક્યા હોત. આપણા હજારો બુદ્ધિશાળી—પ્રતિભાશાળી—વૈજ્ઞાનિકો—ડોક્ટરો વગેરેને ક્ષેત્ર મળ્યું તે ન મળી શક્યું હોત. આજે લાખ્ખો નહિ કરોડો ડોલરનું હૂંડિયામણ આવે છે તે અમેરિકાથી આવે છે. મારે કેટલીયે વાર અમેરિકા જવાનું થયું છે, પણ એક પણ ખરાબ અમેરિકન મળ્યો નથી. હા, છેલ્લાં કેટલાંક વર્ષોથી બહારની ઘણી પ્રજા અમેરિકામાં આવીને કાયદેસર કે બિનકાયદેસર વસી છે. તેમાંથી કેટલાકે અપરાધવૃત્તિ વધારી દીધી છે, તોપણ બિહાર જેવાં રાજ્યો કરતાં તો ઘણું સારું છે. કેટલીક પ્રજા એવી થઈ છે. સરકાર એવી નથી થઈ. આ ભેદ સમજવો જોઈએ. આ બધું લખવાનો હેતુ એટલો જ છે કે બીજા કે ત્રીજા નંબરનાં જે રાષ્ટ્રો છે, તેમના પ્રશ્નો તે પોતે ઉકેલી શકતાં નથી. ખાસ કરીને ધાર્મિક—આતંકવાદનો ભયંકર પ્રશ્ન તો અણઉકેલ્યો જ ચાલ્યો આવે છે. તેનો ઉકેલ તો માત્ર અને માત્ર અમેરિકા-બ્રિટન વગેરે પશ્ચિમી રાષ્ટ્રોના દ્વારા જ થશે એવું મારું માનવું છે. એટલે જે જે તેની સાથે મૈત્રીભર્યો સહયોગ કરશે તે લાભમાં રહેશે, જે તેની સાથે શત્રુતાભર્યો સંબંધ રાખશે તે હાનિમાં રહેશે. કદાચ આપણે તેને મિત્ર ન બનાવીએ તો કાંઈ નહિ, શત્રુ તો ન જ બનાવીએ. યાદ રહે, ઇસ્લામિક આતંકવાદથી પશ્ચિમી રાષ્ટ્રો ભારે ક્રુદ્ધ છે. તેના કારણે સૌથી વધુ નુકસાન અને સહન કરવાનું તો મુસ્લિમોને થઈ રહ્યું છે. તેઓને હવે બધા શંકાની નજરે જુએ છે. તેમને જોબ નથી મળતી. મકાનો નથી મળતાં. તે બધા દુઃખી છે. તેનો લાભ આતંકવાદ વિનાની પ્રજાને એટલે કે આપણને મળે છે. તેનો લાભ ઉઠાવવો જોઈએ.

મારે જેટલી વાર અમેરિકા જવાનું થાય તેટલી વાર મોટા ભાગે ટિકિટ તો રાજેન્દ્રની જ હોય. ત્યાંના ભ્રમણનો ખર્ચ વગેરે તે જ વધુ ઉઠાવે. બન્નેનો પ્રેમભાવ અદ્‌ભુત છે. યામિની બહુ જ લાગણીશીલ, આખી દુનિયાની તેને ચિંતા રહ્યા કરે. બળતરિયો સ્વભાવ, હાથ વધુ પડતો ઉદાર, ખર્ચાળ. પણ રાજેન્દ્રના તરફથી બધી છૂટ. હું યામિનીને ઘણી વાર કહું કે ઘણી ગોર્યો પૂજી હોય તેને આવા પતિ મળે. તે સ્વીકાર પણ કરે. કહે કે તમારી વાત બિલકુલ સાચી. રાજેન્દ્રને મેળવીને હું ન્યાલન્યાલ થઈ ગઈ છું. તમારા આશીર્વાદથી જ મને રાજેન્દ્ર મળ્યા છે. અમે બહુ જ સુખી છીએ. આવા રાજેન્દ્ર અને યામિનીનો જે સાથ સહકાર મળ્યો તેનાથી મારું કામ સરળ બન્યું. રાજેન્દ્રે યામિનીને કૅસેટોની નકલ કરવાનું મશીન લાવી આપ્યું છે. લોકોના ઓર્ડર પ્રમાણે યામિની કૅસેટો કરી કરીને મોકલાવે. તેમાંથી કદાચ થોડો નફો થાય તે પૈસા રાખી મૂકે અને હું જાઉં ત્યારે મને આપી દે. આ તો તમારા જ છે. તમે વાપરજો એમ કહે. બાળકો સહિતનું આખું ઘર ભાવથી ઊભરાતું હોય. વર્ષે બે વર્ષે તેઓ ભારત આવે તો આશ્રમમાં જ ઊતરે. આશ્રમને યામિની પોતાનું પિયર માને છે. ઘણી વાર કહે કે મારા પપ્પાના ત્યાં મને જે ભાવ નથી થતો તે અહીં થાય છે. રાજેન્દ્ર મારી સાથે ચીન, રશિયા, દક્ષિણ અમેરિકાના ઘણા દેશો અને યુરોપના દેશોના પ્રવાસમાં પણ જોડાયા. તે હોય એટલે મારે કશો ખર્ચ કરવાનો હોય જ નહિ. યામિનીનાં માતુશ્રી કમળાબહેન અને પિતાશ્રી મનુભાઈનો પણ ખૂબ ભાવ. આ આખું કુટુંબ મારી સાથે ઓતપ્રોત થઈને રહે. આ બધાનો હું જેટલો આભાર માનું તેટલો થોડો કહેવાય.

તા. 5-1-04

# 17. અંબાલાલ રાવજીભાઈ પટેલ

કેટલાક લોકો જન્મજાત સંત હોય છે. આમ તો ખરું પૂછો તો માણસ જે કાંઈ હોય છે તેમાં મોટો ભાગ તે જન્મજાત જ હોય છે. જે જન્મજાત સંત નથી હોતો તેને હજાર મણ ઉપદેશ આપીને પણ સંત બનાવી શકાતો નથી. વાલિયા લૂંટારાની કે જેસલ બહારવટિયાની આપણે જે વાતો કરીએ છીએ તેમાં આવાં તત્ત્વો મૂળમાં જન્મથી જ વિશિષ્ટ હોય છે, પણ કોઈ મેણાંટોણાં કે કુસંગ વગેરેના કારણે તે લૂંટારા વગેરે થઈ જતા હોય છે. તેમને સુધરવાની તક મળતાં જ તે સુધરી જતા હોય છે. મૂળમાં તો તે સુધરેલા હોય છે એટલે સુધારી શકાતા હોય છે. જે લોકો મૂળમાંથી જ આસુરી વૃત્તિના હોય છે તે પરિસ્થિતિવશ કદાચ સાધુ થાય કે સાધુઓના સંગમાં રહે તોપણ તે અસુર જ રહેતા હોય છે.

મને જે નખ-શિખ સજ્જન માણસો મળ્યા, તેમાંના એક શ્રી અંબાલાલ (ચિમનભાઈ) રાવજીભાઈ પટેલ. અંબાલાલ દંતાલીના વતની. ત્રીસેક વર્ષથી અમેરિકામાં શિક્ષણ વિભાગમાં ન્યૂયોર્કમાં નોકરી કરે. સારો પગાર અને સારી સર્વિસ. ન્યૂયોર્ક એટલે ભારતથી આવતા અને જતા ભારતીયોનું કેન્દ્ર. આ હિસાબે અંબાલાલના ત્યાં મહેમાનોની ભીડ વધારે રહે. કોઈ પણ પુરુષ ગમે તેટલો સારો હોય પણ જો તેની ધર્મપત્ની સારી ન હોય અને તેનો પૂરેપૂરો સાથ ન હોય તો તે મહેમાનોનું બરાબર સ્વાગત કરી શકે નહિ. અંબાલાલનાં ધર્મપત્ની સવિતાબહેન પણ અંબાલાલ જેવાં. ગમે તેટલા મહેમાન આવે તોપણ કદી મોઢું બગાડે નહિ. પોતાનો સૂવાનો રૂમ ખાલી કરીને પોતે બેઠકરૂમમાં સૂઈ જાય, પણ મહેમાનને તકલીફ ન પડવા દે. મારે જ્યારે જ્યારે અમેરિકા જવાનું થાય ત્યારે ત્યારે ન્યૂયોર્કમાં મારો ઉતારો શ્રી અંબાલાલના ત્યાં જ હોય. મારા કારણે લોકોની અવરજવર વધી જાય તોપણ બધાને ચાપાણી-નાસ્તો, જમવાનું બધું હસતા મોઢે સવિતાબહેન કરે. તેમની બાજુમાં જ મહેળાવના વિષ્ણુ—તે અને તેમનાં ધર્મપત્ની યશુબહેન પણ તેવાં જ. તરત જ મદદમાં આવી જાય. ન્યૂયોર્કની આજુબાજુ ગમે ત્યાં મારે જવાનું હોય તો વિષ્ણુભાઈની મર્સીડીઝ હાજર હોય. પેટ્રોલ તેમનું અને ડ્રાઇવર તેઓ. અંબાલાલની સાથે અમે ઊપડીએ અને બેચાર-દશ દિવસનો પ્રવાસ પતાવીને પાછા ફરીએ. વિષ્ણુભાઈ બહુ ગમ્મતી માણસ. એ હોય એટલે અમારી 'લાફિંગ ક્લબ' ચાલુ થઈ જાય.

અંબાલાલ માત્ર ઉદાર જ નહિ પણ તેમની સૌથી જમાબાજુ તેમની શુભ દૃષ્ટિ. કોઈની પણ ટીકા ન કરે. કોઈ કરતું હોય તોપણ તે નવા અને જુદા ઍંગલથી બચાવ કરે, આપણને એમ લાગે કે આ માણસને આખી દુનિયામાં કોઈ ખરાબ માણસ દેખાતો જ નથી. બધા સારા જ સારા દેખાય છે. અંબાલાલ પોતે સાદું અને બિનખર્ચાળ જીવન જીવે પણ સગાંવહાલાં અને મિત્રોને બહુ મદદ કરે. પોતાના પગાર સિવાય પણ તેઓ સાઇડમાં બીજા ધંધા કરે અને કમાય, પણ જેને ભીડ પડી હોય તેને મદદરૂપ થવામાં ખર્ચી નાખે. જરાય અફસોસ નહિ, તેમ કશું અહેસાન પણ નહિ. ન્યૂયોર્કના હવાઈ મથકે જે આવે તે અંબાલાલને ફોન કરે. દિવસ-રાત જોયા વિના અંબાલાલ તેને લેવા દોડી જાય. દંતાલીમાં કોઈ પણ નવું કામ શરૂ કરવાનું હોય એટલે અંબાલાલનો સારો એવો ફાળો હોય જ. એટલું જ નહિ, ઘરના ખર્ચે ફોન કરીને કેટલીયે રકમ ઉઘરાવી આપે. અંબાલાલ વિના ફાળાનું કામ આગળ ચાલે નહિ. ગુજરાતી સમાજમાં તેમની સારી પ્રતિષ્ઠા, પૈસા વિના કામ અટક્યું હોય એટલે કાર્યકર્તાઓ અંબાલાલને ખોળે. અંબાલાલ કામ પાર પડાવી આપે. પોતે પરંપરાથી અગાસ જૈનપંથી પણ જરાય કટ્ટરતા નહિ. બધાને માને અને બધાના સદ્‌ગુણોને સ્વીકારે. મારું સૂત્ર છેઃ "સંપ્રદાયમુક્ત ધાર્મિકતા." અંબાલાલને તે પૂરેપૂરું લાગુ પડે.

અંબાલાલને એક જ સંતાન. દીકરો નિમિષ. હવે તો તે ડોક્ટર થઈ ગયો છે અને સારી રીતે સેટ થઈ ગયો છે, અંબાલાલે મિત્રની માફક તેને ભણાવ્યો અને પૂરી સગવડ આપી. દંતાલીમાં ઘણાં કુટુંબો ન્યૂયોર્કમાં અને પૂરા અમેરિકામાં રહે છે. બધાની સાથે અંબાલાલનો સંબંધ સારો. સૌનાં સુખદુઃખમાં કામ કરે. આવા અંબાલાલને ત્યાં મારે અનેક વાર ઊતરવાનું થયા કરે છે. મારી પાછળ તે સમય તો આપે, સાથે સાથે પૈસાથી પણ ઘસાય. જ્યારે જ્યારે તેમને ભારત આવવાનું થાય ત્યારે ત્યારે અનેક વાર ફોન કરીને પૂછે, "શી જરૂર છે?" "શું લાવું?" મારો એક જ જવાબ હોય, "કાંઈ લાવવાનું નહિ, હવે દેશમાં બધું મળે છે." મારા પ્રત્યે તેમની ખૂબ લાગણી અને

આત્મીયતા. આવા અંબાલાલનો અને પરિવારનો જેટલો આભાર માનું તેટલો થોડો કહેવાય.

તા. 7-1-04

*

# 18. ડો. નારણભાઈ એલ. પટેલ

પાટણની પાસે બાલીસણા ગામના ડોક્ટર નારણભાઈ પુસ્તકો અને કેસેટોના દ્વારા મારા સંપર્કમાં આવ્યા. ઘણી આત્મીયતા થઈ ગઈ. પછી તો જેટલી વાર ભારત આવે તેટલી વાર અમેરિકા આવવાનો આગ્રહ. અતિ આગ્રહ કરતા જ રહે. આમ પણ બાલીસણા ગામ સાથે મારે સારો પરિચય. એટલે પણ સંબંધ વિકસ્યો. ટિકિટ માટેની તેમની ઓફર કાયમ માટે ચાલુ જ હોય. હું જ્યારે જ્યારે અમેરિકા જાઉં અને કેલિફોર્નિયા જવાનું થાય ત્યારે તેમના ત્યાં જ ઊતરવાનું થાય. તેમનાં ધર્મપત્ની નીરુબહેનનું પિયર વાલમ. વાલમ પણ મારું પરિચિત ગામ. પતિ-પત્ની બન્ને મારી ખૂબ સેવા કરે. બધા કાર્યક્રમો ગોઠવે. મને હૃદયની થોડી તકલીફ થયેલી તો તરત જ અમેરિકામાં એક ડોક્ટર પાસે એંજોપ્લાસ્ટી કરાવડાવી. ડોક્ટરે બલૂન મૂકી આપ્યું. એ પછી દશ જ દિવસમાં મારે દક્ષિણ અમેરિકાના પ્રવાસે જવાનું થયું. ગ્વાટેમાલા, પેરૂ, અર્જન્ટીના, ઉરૂગ્વે વગેરે દેશોનો પ્રવાસ અમે સાથે કરેલો. તેમના પિતાશ્રીના અવસાન પછી તેમણે ઊંઝા આશ્રમના દરવાજા ઉપર ટાવર બંધાવી આપેલો. એક વાર તેમણે મને કહ્યું કે હું જ્યારે ભણતો હતો ત્યારે મારી સાથે એક દલિત (હરિજન) છોકરો પણ ભણતો, હવે તો તે પણ ડોક્ટર થઈ ગયો છે, મારે તેને હોસ્પિટલ બાંધવામાં મદદ કરવી છે. આ સમયે ભારતમાં અનામતના નિમિત્તે સવર્ણો-દલિતો વચ્ચે થોડો સંઘર્ષ ચાલતો હતો એટલે કેટલાયે લોકોએ તેમને આવી મોટી રકમ કોઈ પટેલ ડોક્ટરને આપવા જણાવ્યું પણ નારણભાઈ માન્યા નહિ. તેમણે કહ્યું કે મારે તો દલિતને જ મદદ કરવી છે. મને લાગે છે કે તેમણે તે મદદ કરી હશે. બાલીસણામાં પણ કોઈ સારું કામ થતું હોય તો નારણભાઈની મદદ જરૂર હોય, તે થોડોક યોગ પણ કરે, સ્વાધ્યાય પરિવાર સાથે તેમને સારો સંબંધ પણ ઉત્તરાધિકારીના પ્રશ્ને તે બીજા ઘણાની માફક મૂંઝવણમાં મુકાઈ ગયેલા. આવા શ્રી નારણભાઈ અને નીરુબહેને મારી ઘણી ઘણી સેવા કરી છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

તા. 7-1-04

*

# 19. અજિત દેસાઈ

કેટલાક માણસો અમેરિકા જતાં પહેલાં જ વસ્ત્ર અને વ્યવહારમાં અમેરિકાના રંગે રંગાઈ જતા હોય છે. પણ બીજા કેટલાક એવા પણ હોય છે કે વર્ષો સુધી અમેરિકામાં રહ્યા પછી પણ પોતાનો રંગ બદલતા નથી. આમાં શ્રી અજિત દેસાઈનું નામ મૂકી શકાય. અજિત, નડિયાદના પટેલ. દેસાઈગીરી કરવાના કારણે તેમના પૂર્વજોને દેસાઈની પદવી મળેલી. જે હવે અટક બની ગઈ છે. અજિત હાલ ડીટ્રોઇટ શહેરમાં રહે છે, તેમની પાસે કેટલીયે ડિગ્રીઓ છે. તે ઉત્તમ સ્કોલર છે. મારા વિચારોથી તે બહુ જ પ્રભાવિત રહે છે. ત્યાં બેઠા બેઠા આજે પણ પુસ્તકો અને કેસેટોનો ખૂબ પ્રચાર કરે છે. ઘણા પ્રસંગોમાં તો તે લોકોને ભેટમાં કેસેટો આપે છે. જ્યારે જ્યારે મારે અમેરિકા જવાનું થાય ત્યારે ત્યારે ડીટ્રોઇટ જવાનું જરૂર થાય. ડીટ્રોઇટમાં હું કાં તો અજિતના મામા અરુણ પટેલના ત્યાં ઊતરું કે પછી અજિતના ત્યાં ઊતરું. મારા આરોગ્યની સૌથી વધુ ચિંતા અજિતને રહે છે. અઠવાડિયામાં એક ફોન તો આવે જ. તબિયત અને દવાનો આગ્રહ હોય જ.

તેમને એક દુઃખ ભારે રહે છે કે તે મારા આશ્રમનો વહીવટી ભાર ઉપાડી શકતા નથી. તેમની ઇચ્છા છે કે અમેરિકાથી નિવૃત્ત થઈને ભારત આવવું અને આશ્રમનો ભાર ઉપાડી લેવો. તેમની ઇચ્છા પરમાત્મા પૂરી કરે તો હું ભારમુક્ત થઈ શકું. અવારનવાર તે મારા માટે કાંઈનું કાંઈ મોકલતા જ હોય. હું ના પાડું તોપણ મોકલે. “આ વખતનો બધો ખર્ચો મારો” તેવો આગ્રહ તો હોય જ. અમેરિકામાં પણ તે ઝભ્ભો અને સુરવાલ પહેરે. દેશી ભાષા અને દેશી વ્યવહાર કરે. તેઓ ડોલરને રૂપિયો કહે છે. અર્થાત્ દશ ડોલર બોલવું હોય તો દશ રૂપિયા બોલે. અજાણ્યા માણસને ગેરસમજ થઈ શકે પણ જાણીતા લોકો જાણે કે અજિતનો રૂપિયો એટલે ડોલર. તેમને ધર્મની વીરતા બહુ ગમે છે. એટલે દીકરાનું નામ બહાદુર રાખ્યું છે. તેઓ વારંવાર કહે છે કે આપણા બધા સંપ્રદાયો ભક્તો પેદા કરે છે. ભક્તોને તાબોટા પાડતાં શિખવાડે છે પણ બહાદુર નથી બનાવતા. માળાના પ્રચાર કરતાં તલવારનો પ્રચાર વધુ જરૂરી છે. એક વાર મને પૂછ્યું કે “ગુરુ ગોવિંદસિંહમાં અને આપણા આચાર્ય ગુરુઓમાં શું ફરક છે?” મેં કહ્યું કે તમે જ ફરકને જાણી લો. એકે એવું ઘડતર કર્યું કે એક શીખ હજારને ભારે પડે. બીજાએ એવું ઘડતર કર્યું કે એક આતંકવાદી સામે હજાર ભક્તો ભાગી છૂટે. કારણ કે ક્યાંય વીરતા શિખવાડવામાં આવતી નથી. ધાર્મિક ઘડતરના કારણે હિન્દુ પ્રજા માર ખાતી પ્રજા બની છે. અને અનેક સંપ્રદાયોના કારણે તે વિભાજિત પ્રજા પણ બની છે. બન્ને રીતે તે કમજોર પ્રજા બની છે.

અજિતે અમદાવાદમાં પોતાના સગાને ત્યાં એવી વ્યવસ્થા કરી છે કે દર અઠવાડિયે અમારા કોબા આશ્રમમાં આખું અઠવાડિયું ચાલે એટલું શાકભાજી આવી જાય. તેમનાં પત્ની ગિરાબહેન, માતુશ્રી, ભાઈ, ભાભી વગેરે બધાં જ મારા પ્રત્યે પૂરી આત્મીયતાનો વ્યવહાર રાખે છે. હમણાં જ અજિતનો ફોન આવ્યો કે “તમે ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ જવાના છો તે બધો ખર્ચ મારા તરફથી રાખજો. તમે કહો તે ટ્રાવેલવાળાને ચેક મોકલી આપું.” મેં કહ્યું કે “મારે ખર્ચ થવાનો જ નથી. કારણ કે પંદર ટિકિટ ઉપર એક ટિકિટ મફત મળતી હોય છે. અમે લગભગ પચીસ જેટલા છીએ, એટલે મારી તો ટિકિટ મફત રહેવાની છે. કશી જરૂર પડવાની નથી. તમારે કશું મોકલવાનું નથી” અજિતની આવી આત્મીયતા અને ઉદારતાથી હું હંમેશાં પ્રભાવિત રહ્યો છું. તેમનો ખૂબ ખૂબ આભાર.

તા. 7-1-04

*

# 20. રમણભાઈ ટી. પટેલ

મારી બાજુમાં જ આવેલું ગામ 'રણોલી'. રણોલીઓ ઘણી એટલે લોકો તેને ધર્મજ-રણોલી કહે. ત્યાંના શ્રી રમણભાઈ, પરિવાર સાથે અમેરિકા રહે. ટેક્ષાસના એમરિલ્લોમાં તેમની મોટેલ. મારો ઉતારો અરુણભાઈના ત્યાં. પ્રવચનો ચાલે. અનેક લોકોની સાથે રમણભાઈ પણ આવે. પરિચય થયો અને વધ્યો. રમણભાઈ બહુ ઉદાર પ્રકૃતિના એટલે પોતાના પરિવારની સાથે સાથે સાધુસંતો માટે પણ ખર્ચા કર્યા કરે. મારાં જેટલાં નવાં પુસ્તકો છપાય તે બધાંની એક હજાર પ્રતો તેમના તરફથી ભેટ આપવા માટે હોય જ. તેમણે કહી રાખેલું, "મને પૂછવાનું નહિ, તમે તમારે છપાવી દેજો અને બિલ મોકલાવી દેવાનું." એમરિલ્લોની મોટેલ વેચીને તેઓ લબક આવ્યા. અને ત્યાંથી અત્યારે ડલાસમાં રહે છે. સ્થાવર સંપત્તિની લે-વેચ કરવામાં બહુ કુશળ. મારે તેમના ત્યાં ઘણી વાર ઊતરવાનું થયું છે. છેલ્લા પ્રવાસમાં મારે રશિયા જવાનું હતું. હું કોઈની પાસે કશું માગું નહિ. કોઈ ફંડફાળો કરું નહિ તેની તેમને ખબર એટલે તેઓ મારી સવિશેષ કાળજી રાખે. એક દિવસ મને કહે કે ચાલો, આપણે નજીકની બૅન્કમાં જઈએ. મેં કારણ પૂછ્યું તો કહે કે રશિયા જાવ છો તો હાથખર્ચો તો જોઈશે ને? ચાલો, ટ્રાવેલર ચેક કઢાવી લઈએ. અમે તો બૅન્કમાં ગયા. દશ જ મિનિટમાં ત્રણ હજાર ડોલરના ચેક કઢાવીને મારા હાથમાં મૂકી દીધા. અમે અલાસ્કા થઈને રશિયા ગયા અને પ્રવાસ પૂરો કર્યો. પેલા ચેક તો વપરાયા નહિ, એમ ને એમ અકબંધ રહ્યા. મેં આવીને તેમને વાત કરી કે "લો, આ ચેક પાછા લઈ લો. વપરાયા નથી." તો કહે કે "પાછા લેવા થોડા આપ્યા હતા? મારે ન જોઈએ." બહુ જીદપૂર્વકનો આગ્રહ કરીને મેં પાછા આપ્યા. તેમણે એવી શરત મૂકી કે ફરી પાછું ક્યાંક જવાનું થાય ત્યારે તમારે આ રકમ વાપરવા લઈ જવાની." મેં કહ્યું કે "જેવી હરિઇચ્છા."

રમણભાઈએ પોતાના વતન રણોલીમાં પણ સારું એવું દાન આપેલ છે. તેમની દીકરીઓ-જમાઈઓ સૌને યથાયોગ્ય ધંધામાં લગાવીને સૌને સુખી કર્યાં છે.

એક વાર એક પત્ર લઈને તેઓ મારી પાસે આવ્યા. મને કહે કે "લો, વાંચો." પત્ર એક મહામંડલેશ્વર મહાત્માનો હતો. તેમણે લખ્યું હતું કે "પૈસાનો ઢગલો કરી આપવાની વિદ્યા મારી પાસે છે. જો તમારે ઘણા પૈસાની જરૂર હોય તો હું કહું તેવો યજ્ઞ કરવાનો અને પછી જુઓ કે તમારા ઘરમાં કેટલો ઢગલો થાય છે." પત્ર વાંચીને હું હસ્યો. આ ઢગલો કરી આપનારા પોતે પોતાના આશ્રમમાં ઢગલો કરતા નથી, અને પૈસા માટે દેશ-વિદેશમાં જાત-જાતનાં પ્રલોભનો આપીને લોકોને શીશામાં ઉતારે છે. મને ખાતરી હતી કે રમણભાઈ આવી લાલચમાં આવવાના નથી. કારણ કે તેમણે મારા વિચારો પચાવ્યા છે. ખરેખર તેવું જ થયું. પણ પેલા સ્વામીજી આવા તો કેટલાય લોકોને પત્ર લખતા હશે. કોઈ ને કોઈ તો ઢગલો કરાવવા લલચાઈ જ જતા હશે. બસ, બેચાર બકરા મળે તોય કામ ચાલતું રહે. આ કેવી કરુણ દશા કહેવાય કે સાધુ-સંતો પાસે લોકો પૈસાની અપેક્ષા લઈને આવે. અને સાધુ-સંતો કોઈ ને કોઈ રીતે તેમની અપેક્ષા પૂરી કરવાની ક્રિયા કરે—પછી તે યજ્ઞ કરીને કે ધબ્બો મારીને કે પછી બીજી કોઈ રીતે. આને મહાઅનર્થ માનવો જોઈએ. પ્રજાને આવાં લોભ-લાલચમાંથી છોડાવીને સાચા ધર્મ તરફ વાળવી જોઈએ. શ્રી રમણભાઈએ ઘણી વાર ઉપકારભાવ બતાવ્યો છે. તે માટે આભાર.

તા. 7-1-04

*

# 21. દંતાલીની બહેનો

## કુદરતી અને માનવીય વિપત્તિઓ

ઘણા લોકો ઈશ્વરને નથી માનતા હોતા. ન માનવામાં મુખ્ય કારણ એ હોય છે કે દુનિયામાં આટલું બધું અંધેર કેમ છે? અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, જ્વાળામુખી, આંધીઓ, તોફાનો વગેરે કુદરતી વિપત્તિઓમાં હજારો નિર્દોષ માણસો માર્યા જાય છે, તો રાજવિપ્લવ, યુદ્ધો, હુલ્લડો, ધર્મનો ત્રાસ, સમાજનો ત્રાસ, ચોરી-લૂંટ-બળાત્કાર વગેરે માનવીય આપત્તિઓથી લોકો દુ:ખી દુ:ખી થઈ રહ્યા છે. આ બધું ઈશ્વરથી સહન થાય જ કેમ? તે કેમ રોકતો નથી? આવા પ્રશ્નો ઘણાને થતા હોય છે અને આ બધાનું સમાધાન ન થવાથી લોકો એવા તારણ ઉપર પહોંચે છે કે ઈશ્વર જેવી કોઈ વસ્તુ જ નથી.

જરા વિચારીએ. માનો કે કુદરતી આપત્તિઓ હોત જ નહિ તો? માનવીય પુરુષાર્થને કોઈ સ્થાન જ ન હોત. બંધો બાંધવા, નહેરો કાઢવી, સારાં બિયારણ બનાવવાં, સારું ઉત્પાદન મેળવવું વગેરે કશું કરવાનું જ ન હોત. વિપત્તિમાંથી વિકાસ થતો હોય છે. જો કોઈ કુદરતી વિપત્તિ જ ન હોત તો આપણે અત્યાર સુધી જે વિકાસ કર્યો છે તે પણ ન હોત. માણસ, પશુ જેવું જીવન જીવતો હોત. આ વિપત્તિઓથી બચવા માટે બધા પ્રકારની પ્રતિકારક યોજનાઓ બનાવી. જેણે બનાવી તે પ્રકૃતિને નિયંત્રિત કરતા થઈ ગયા. સુખી થયા. જેણે ન બનાવી તે દુ:ખી થતા રહ્યા. પ્રકૃતિની પ્રક્રિયાને રોકી શકાતી નથી. પ્રથમ અહિતકર દેખાતું કર્મ લાંબા ગાળે હેતુપૂર્વકનું અને વિશ્વને લાભ આપનારું થતું હોય છે.

માનવીય વિપત્તિઓ, માનવસર્જિત હોય છે. માનો કે અયોગ્ય રાજા કે રાજનેતા આવે તો પ્રજા દુ:ખી થાય. એટલે યોગ્ય રાજનેતા ચૂંટવો જરૂરી છે. અયોગ્ય પ્રજા પ્રથમ અયોગ્ય માણસને ચૂંટે છે અને પછી દુ:ખી થાય છે. એટલે મૂળમાં તો પ્રજાનો જ દોષ કહેવાય. યોગ્ય-અયોગ્ય રાજનેતાના ભેદ જ ન હોય તો પ્રજાને કશું કરવાનું રહેતું નથી. પણ આવા ભેદ અને તેનાં પરિણામો હોય જ છે. વિશ્વમાં કેટલાંય રાજ્યોમાં ચોરી-લૂંટ-બળાત્કારો વગેરે થતાં જ નથી. આ ઉત્તમ રાજવ્યવસ્થાનું પરિણામ કહેવાય.

આવી જ રીતે અયોગ્ય ધર્મવ્યવસ્થાથી પણ પ્રજા દુ:ખી થતી હોય છે. ધર્મે અસ્પૃશ્યતા, ગુલામપ્રથા, કાફરપ્રથા, ઘૂંઘટ કે બુરખાપ્રથા, વિધવાપ્રથા, સતીપ્રથા, નરબલિપ્રથા કે એવી જ પ્રથાઓ ઊભી કરી હોય તો પ્રજા કે પ્રજાનો એક વર્ગ જરૂર દુ:ખી થાય. તેને સુધારવાથી પ્રજા સુખી થાય. તે માટે જરૂરી છે ધર્મવ્યવસ્થાને સુધારવાની. જ્યાં જ્યાં સતત ધર્મસુધારકો થતા રહે છે, ત્યાં ત્યાં ધર્મ સુધરતો રહે છે. આ ધર્મ હવે છેક પ્રલય સુધી આવો ને આવો જ રહેશે તેવી વ્યવસ્થા કરવામાં આવી હોય તે ધર્મ સુધારી શકાતો નથી, એટલે તેના દ્વારા થનારાં દુ:ખો પણ નિવારી શકાતાં નથી. ખરેખર તો લોકોએ વિશ્વના પ્રસિદ્ધ મોટા મોટા ધર્મોની સામે આ પ્રશ્ન મૂકવો જોઈએ કે તમારા ધર્મપાલકોમાંથી કેટલા ટકા સુખી છે અને કેટલા ટકા દુ:ખી છે? જે ધર્મમાં સૌથી વધુ દુ:ખી પ્રજા રહેતી હોય તે ધર્મને માનવજાતિ માટે હિતકારી નહિ પણ હાનિકારક માનવો જોઈએ. તેમાં પણ જો તે જરા પણ સુધરવા તૈયાર ન હોય તો તો તેનાથી પ્રજાનું અહિત જ અહિત થયા કરશે.

ભારતીય ધર્મો અને સંપ્રદાયોના પ્રવર્તકોની આગળ પ્રશ્ન મૂકવો જોઈએ કે તેમણે પ્રજાને કેવો સંદેશો આપ્યો? તેમના સંદેશા અને ઉપદેશથી પ્રજા કેવી ઘડાઈ? તેણે પ્રશ્નો ઉકેલવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું કે પછી પ્રશ્નો ઊભા કરવાનું કાર્ય કર્યું? થોડાં ઉદાહરણો જોઈએ.

1. બુદ્ધ—અને તેમની ઘડાયેલી પ્રજા કેવી રહી? હજારો ભિક્ષુ-ભિક્ષુણીઓ પેદા કરીને બહુ મોટો પરાવલંબી વર્ગ પેદા કર્યો કે તેમણે પ્રજાના પ્રશ્નો ઉકેલ્યા?

2. મહાવીર: સર્વસ્વના ત્યાગથી કયા પ્રશ્નો ઉકેલાયા? અન્ન-પાણી, સુરક્ષા માટે સેના-શસ્ત્રો, વિકાસ માટે નવું નવું વિજ્ઞાન અને યાંત્રિક ઉદ્યોગો વગેરેને તેનાથી પ્રોત્સાહન મળ્યું કે વિરોધ થયો? જો વિરોધ થયો હોય તો તેનાથી પ્રજાનાં દરિદ્રતા તથા ગુલામી વગેરેના પ્રશ્નો

ઉકેલાયા કે વધ્યા?

3. ગુરુગોવિંદસિંહજીઃ બુદ્ધ અને મહાવીર જ નહિ, શંકરાચાર્યથી માંડીને બધા આચાર્યો વગેરેને એક તરફ રાખો. તેમણે પ્રજાનું કેવું ઘડતર કર્યું? શું પ્રજા વીર બની? શું પ્રજા બળવાન બની? શું પ્રજા અસ્પૃશ્યતાથી મુક્ત બની કે વધુ અસ્પૃશ્ય બની? શું પ્રજામાં એકતા વધી કે વધુ ભેદભાવ થયા? શું પ્રજા માનવતા-વાદી બની કે વધુ ને વધુ વર્ણવાદી બની? પ્રજાનું દાન કઈ તરફ વાળી દેવામાં આવ્યું? લોકોના હિત તરફ કે પછી ભગવાન-ઠાકુરજી, નિર્વાણ કે મોક્ષ તરફ? હિન્દુપ્રજા શસ્ત્ર વિનાની, વીરતા વિનાની થઈ અને માર ખાતી થઈ. સેંકડો વર્ષ સુધી વિદેશીઓ અને વિધર્મીઓએ રાજ્ય કર્યું તો કેમ પ્રજા સામી ન થઈ? કોઈ ઘડતરમાં ખામી હતી કે શું? માનો કે ગુરુ ગોવિંદસિંહજીએ જેવા શીખોને ઘડ્યા તેવું જ ઘડતર બધાએ કર્યું હોત તો પ્રજા વધુ બળવાન બની હોત કે નહિ? તો બળવાન પ્રજા માર ખાતી હોત ખરી? તો પ્રજા ગુલામ બની હોત ખરી? બન્નેના ઘડતરમાં શું ફરક છે અને પરિણામોમાં કેવો ભેદ આવે છે? જરા વિચાર કરો. પ્રજાને વધુ પડતી અહિંસાવાદી બનાવવાથી તે કાયર તો નથી થતી ને? તેને વીરતાવાદી બનાવો તો શું વાંધો આવે?

માનવીય વિપત્તિઓ, માનવીય અવ્યવસ્થાથી આવતી હોય છે. તે અવ્યવસ્થાને દૂર કરવા સતત પુરુષાર્થની જરૂર રહે છે. માનો કે આ માનવીય અવ્યવસ્થા જ ઈશ્વર ન થવા દે તો માનવ કરશે શું? માનવજીવનનો હેતુ જ શું રહે? માનવ ધારે તો ધર્મને કલ્યાણકારી બનાવી શકે છે અને ધારે તો હાનિકારક પણ બનાવી શકે છે. તેને મૂળ ધર્મપુરુષ કેવા મળ્યા છે તથા તેના વ્યાખ્યાતાઓ તેને કેવા મળ્યા છે તેના ઉપર આધાર છે.

સામાજિક અવ્યવસ્થાથી, સામાજિક દુઃખો આવતાં હોય છે. તેના માટે સતત સમાજસુધારકોની જરૂર રહે છે. જો સમાજસુધારકો પેદા જ ન કરી શકાતા હોય તો સામાજિક અવ્યવસ્થા પ્રજાને દુઃખી કરશે જ. દહેજપ્રથા, વિધવાપ્રથા કે પછી વર્ણપ્રથા જેવી અનેક કુપ્રથાઓ માનવસર્જિત છે. તેને સુધારી શકાય છે અને સુધારવી જ જોઈએ. જે લોકોએ ધર્મ અને સમાજને સુધારવા માટે કષ્ટો સહન કર્યાં છે, તે મહાન છે. તે ખરા તપસ્વીઓ છે. તે મહાપુરુષો છે. તેમની પૂજા થવી જોઈએ. જેમણે ધર્મ, સમાજ અને રાજકારણને વધુ ને વધુ વિકૃત કરવામાં કામ કર્યું છે, તે ભગવાન તો શું મહાપુરુષો પણ નથી. તેમને પૂજનારી પ્રજા પથ્થરની નાવમાં બેસીને ડૂબવાની જ છે. કારણ કે મહાપુરુષોની જગ્યાએ તેમને ગુરુઓના રૂપમાં પથ્થરો મળી ગયા છે. એ ડૂબશે અને ડુબાડશે.

ગુજરાતમાં અવારનવાર દુષ્કાળ પડતા જ હોય છે. પણ એક વાત ખૂબ ધ્યાનથી સમજવી જોઈએ કે ચેરાપુંજી જેવાં 500 ઇંચ વરસાદવાળાં ક્ષેત્રોની તુલનામાં આ અનાવૃષ્ટિવાળા પ્રદેશો વધુ સુખી હોય છે. લગભગ બધી નદીઓના કિનારે વસતી પ્રજા, નદીઓથી દૂર સામાન્ય ક્ષેત્રમાં વસનારી પ્રજા કરતાં વધુ ગરીબ અને પછાત હોય છે. જેને ખાતરી કરવી હોય તે ગંગા-જમુના-નર્મદાની પરિક્રમા કરી જુએ.

## દુઃખી થઈને પણ સેવા કરવામાં સુખ છે

1971-72ના દુષ્કાળમાં અમે થોડુંક કામ બનાસકાંઠાના સૂઇગામ તરફ કર્યું. તેનાથી બહુ પ્રેરણા મળી. કેટલાક લોકો કહે છે કે જીવનનું એકમાત્ર ધ્યેય મોક્ષ છે. તો બીજા કેટલાક કહે છે કે જીવનનો એક માત્ર હેતુ આનંદ-પ્રમોદ અને મજા કરવાનો છે. મારી દૃષ્ટિએ બન્ને બરાબર નથી. મોક્ષ તો છે જ નહિ. પણ કદાચ હોય તોપણ તેના માટે સર્વસ્વના ત્યાગની જરૂર નથી. જરૂર છે એક સજ્જન વ્યક્તિ તરીકેનું જીવન જીવવાની. બીજી તરફ ભોગવાદી નાસ્તિકો માત્ર આનંદપ્રમોદ અને મજા કરવાનું લક્ષ્ય કહે છે તે પણ યોગ્ય નથી. માનો કે તમે મજા કરી શકો છો પણ બીજાનું શું? જે મજા નથી કરી શકતા તેમના માટે શું? અને મજા કરવા માટે કોઈ નીતિનિયમોનું પાલન કરવાની જરૂર ખરી? જેને માત્ર મજા જ કરવી હોય તેના માટે ખાવા-પીવાના કે આહાર-વિહારના કશા પ્રતિબંધ કે નિયમો હોય ખરા? અને મોજમજા કરવામાં જે બેફામ થઈ જતા હોય છે, તે પોતે પણ લાંબો સમય મોજમજા કરી શકતા નથી. "ભોગે રોગ ભયમ્"ની વાત આવી જાય, પણ મારી દૃષ્ટિએ તો દીન-દુઃખી-લાચાર, અનાથો વગેરેની સેવા કરવાનું લક્ષ્ય એ સાચું લક્ષ્ય છે. સેવા કરવા જતાં પોતે દુઃખી થવું પડે તો દુઃખી થઈને પણ આ કામ કરવા જેવું ખરું. મને તેનો થોડો અનુભવ છે. દુઃખી થઈને પણ બીજાની સેવા કરવાનું જે

સુખ છે તેના જેવું બીજું કોઈ સુખ નથી. એ સુખી કરવાનું સુખ છે. સુખી થવા કરતાં બીજાને સુખી કરવાનું સુખ એ સર્વોચ્ચ સુખ છે. સ્વર્ગ અને મોક્ષ પણ તેની આગળ ફિક્કાં પડી જાય.

## દંતાલીની બહેનો

સૂઈ ગામમાં થોડીક સેવાપ્રવૃત્તિ પછી અહીં દંતાલીમાં પણ એવી જ કાંઈક પ્રવૃત્તિ કરવાની પ્રેરણા થઈ. સર્વપ્રથમ અન્નક્ષેત્ર શરૂ કર્યું. દંતાલીની બહેનોએ આવીને કંતાનનો શેડ બનાવ્યો. તેમાં જ રસોડું બનાવ્યું. દશેક ચૂલા કર્યા હશે. રોજ ચાલીસ-પચાસ કિલો લોટના રોટલા અને મગની દાળ બનાવે. મોટાં મોટાં તપેલાંને કંટેવાળો કરે. ગરીબોને જમાડે. ચારે તરફથી ટોળેટોળાં જમવા આવે. કોઈને ના નહિ. બસો ત્રણસો માણસો રોજ જમે. બહેનો મોટાં મોટાં તપેલાં ભરીને અનાજ દળાવવા ઘંટીએ લઈ જાય. અનાજ દળાવીને પાછાં લાવે. તેના રોટલા કરે. પુષ્કળ કામ કરે. માત્ર નિઃસ્વાર્થ સેવાભાવથી આ કામ ચાલે. ત્રીસેક વર્ષ ઉપરની આ વાત છે. આશ્રમમાં ત્યારે ખાસ કાંઈ સગવડ નહિ, પણ અગવડોની પણ પરવા કર્યા વિના ત્રીસેક બહેનો સેવા કર્યા કરે. જેટલાં યાદ આવે તેટલાં નામ લખું છું. મણિબહેન, લીલાબહેન, જયાબહેન વિમળાબહેન, કમળાબહેન, લક્ષ્મીબહેન, લલિતાબહેન, શાંતાબહેન, ચંચળબહેન, રાઈબા, ગંગાબહેન, કાન્તાબહેન, મણિબહેન માનત, ડાહીબહેન, વિલાસબહેન વગેરે. આ બધી બહેનોનો જેટલો આભાર માનીએ તેટલો થોડો. આમાંનાં કેટલાંક અવસાન પામ્યાં છે, કેટલાંક વિદેશ ગયાં છે, કેટલાંક વૃદ્ધ થઈ ગયાં છે તોપણ કમળાબહેન તથા કાન્તાબહેન હજી પણ આશ્રમમાં સેવા કરવા આવે છે.

તા. 8-1-04

*

# 22. ખીમજીભાઈ કચ્છી

કેટલાક માણસોમાં ઘણું ભણ્યા પછી પણ સ્વતંત્ર વિચારક- શક્તિ નથી હોતી, તો કેટલાક લોકો ઓછું ભણેલા હોય તોપણ તેમનામાં ચિંતન-મનન વિચારકશક્તિ હોય છે. ચિંતનનો સંબંધ ભણવા સાથે બહુ નથી. હા, ભણેલો માણસ ચિંતક બને તો તેનામાં રજૂઆત કરવાની ક્ષમતા વધી જાય. શ્રી ખીમજીભાઈ કચ્છી, ઓછું ભણેલા ચિંતક છે. તે ઘાંચીની ઘાણીના બળદ નથી. કચ્છમાં નખત્રાણા તાલુકામાં જન્મ. બીજા કચ્છીઓની માફક ધંધા માટે બહાર નીકળ્યા. કેટલાંક વર્ષો સુધી સ્વામિનારાયણ સંપ્રદાયમાં રહ્યા. પણ બૌદ્ધિક સમાધાન ન થયું. એટલે તેમાંથી મુક્ત થયા. કચ્છમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વધારે તેમાં ઓછા ભણતર કરતાં ઓછું વાચન વધુ જવાબદાર. જો માણસનું મુક્ત વાચન હોય તો તેની શ્રદ્ધા અને વિચારોમાં સુધારો થવાનો જ. પણ ઘણા લોકો ભણેલા હોવા છતાં પણ કશું વાંચતા નથી હોતા એટલે તે સ્થગિત થઈ જાય છે. ખીમજીભાઈને પહેલેથી જ ઘણું ઘણું વાંચવાનો શોખ. ઘણા વાચનથી તેમની બુદ્ધિ કેળવાતી ગઈ. તેઓ રેશનાલિસ્ટો તરફ આકર્ષાયા, કારણ કે આ સંસ્થા અંધશ્રદ્ધાને દૂર કરવા પ્રયોગો કરતી હતી, પણ અંધશ્રદ્ધાની સાથે સાથે તે બધા શ્રદ્ધાને પણ દૂર કરવાનું કામ કરતા હતા. ખીમજીભાઈથી આ સ્વીકાર્ય ન બન્યું. તેમની પાસે મારાં પુસ્તકો અને કેસેટો આવ્યાં. પ્રભાવિત થયા. તેઓ ધીરે ધીરે મારા સંપર્કમાં આવ્યા. તેમને લાગ્યું કે એકદમ અંધશ્રદ્ધાવાળો માર્ગ યોગ્ય નથી. તો બીજી તરફ શ્રદ્ધા વિનાનો નાસ્તિક માર્ગ પણ યોગ્ય નથી. જરૂર છે શ્રદ્ધાપૂર્વકના સુધારાવાળા માર્ગની. ઉચ્છેદક નહિ પણ સુધારક થવું જોઈએ. તેમને થયું કે આ વિચારોનો પ્રચાર થવો જોઈએ. તેમણે સુરતમાં કેન્દ્ર સ્થાપિત કર્યું, હીરાની ફૅક્ટરીઓમાં કેસેટો સંભળાવવા લાગ્યા. તેમની સાથે લાભુભાઈ લાખાણી ભળ્યા. લાભુભાઈ લાખાણી બહુ જ ઉદાર અને બે પૈસા ખર્ચી શકે તેવા. બન્નેએ સુરતમાં અને આજુબાજુમાં સારો પ્રચાર કર્યો. આજે પણ કરી રહ્યા છે. જ્યાં જ્યાં મારાં પ્રવચનો હોય ત્યાં ત્યાં પોતાના ખર્ચે પહોંચી જાય. તેમના પુત્રો પણ કામમાં જોડાઈ જાય. જ્યાં પુસ્તકમેળો કે એવું કાંઈ થતું હોય ત્યાં પણ પહોંચી જાય, અને પ્રચાર કરે. વર્ષોથી કોઈ લોભ-લાલચ કે કશી અપેક્ષા વિના આ કામ ચાલી રહ્યું છે.

હમણાં થોડા જ સમય પહેલાં ખીમજીભાઈ મારા આશ્રમમાં કારીગરોને લઈને આવ્યા. બધાં બારી-બારણાંઓને પટ્ટીઓ તથા મચ્છરજાળીઓ પોતાના ખર્ચે લગાવી ગયા. મારે સુરત જવાનું થાય અથવા રેલવેથી ક્યાંય જવાનું થાય ત્યારે ખીમજીભાઈ કિસમિસનું પેકેટ કે સેવ-ખમણી લઈને જરૂર આવે. ખોટી રૂઢિઓના પણ તે ખૂબ વિરોધી. લગ્નમાં પોતાની વિધવા વેવાણને કન્યાદાન આપવા બેસાડ્યાં. સ્મશાનભૂમિમાં અસ્થિવન ઊભું કરવાની ઝુંબેશ પણ તેમણે ઉપાડી. અર્થાત્ મૃતકનાં અસ્થિ (ફૂલ)ને કોઈ નદીમાં પધરાવવાં તેના કરતાં સ્મશાનમાં જ જમીનમાં દાટીને તેના ઉપર મરનારની સ્મૃતિમાં વૃક્ષ રોપવું, તેને ઉછેરવું અને તિથિએ જઈને દીવો-ધૂપ કરવો હિતાવહ છે. આવાં કેટલાંય સુધારાનાં કાર્યોની ઝુંબેશ તેઓ ચલાવે છે. વૈજ્ઞાનિક અભિગમ એ તેમનો પ્રિય અભિગમ છે. આના કારણે ઓછું ભણતર હોવા છતાં પણ તેઓ ઘણું અને વ્યાપક જ્ઞાન ધરાવતા થઈ શક્યા છે. આવા ખીમજીભાઈનો આભાર માનવો જ જોઈએ.

તા. 8-1-04

*

# 23. લાલજીભાઈ પટેલ

સંબંધોના ત્રણ પક્ષો છેઃ 1. વ્યવહાર, 2. બુદ્ધિ અને 3. લાગણીઓ.

સંસાર અને સંબંધો દેહ અને પ્રાણ જેવા છે; એક હોય એટલે બીજું હોય જ. સંસાર છોડવાથી સંબંધો છૂટી જતા નથી. કદાચ એક ક્ષેત્રથી છૂટે તો બીજા ક્ષેત્રમાં તો લાગી જ જાય. માણસ સંબંધો વિના રહી શકતો નથી. જે સંબંધોમાં કશી લાગણી કે આત્મીયતા ન હોય પણ સંબંધ રાખ્યા વિના છૂટકો જ ન હોય તેવા સંબંધોને વ્યાવહારિક સંબંધો કહેવાય. આવા સંબંધોમાં કાંઈ રસકસ નથી હોતો, પણ સંબંધ તો રાખવો જ પડે છે. તમારે ઘેર પ્રસંગ છે. જમણવાર છે. આમંત્રણ માટે લિસ્ટ બનાવો છો. તેમાં કેટલાંક નામો એવાં લખાય છે જેમાં તમને ઉમળકો તો નથી આવતો, પણ બોલાવવાં જ પડશે એમ સમજીને એક પ્રકારની અરુચિથી નામ લખાય છે. આ વ્યાવહારિક સંબંધ છે. આવા સંબંધો અપેક્ષાવાળા હોય છે એટલે ચઢાવ-ઊતરાવ પણ આવે છે. ઘણી વાર તૂટી પણ જાય છે.

બીજો સંબંધ બૌદ્ધિક હોય છે, બુદ્ધિપૂર્વકના લાભોનો વિચાર કરીને આ સંબંધ બંધાયો હોય છે. જ્યાં સુધી લાભ નામનું તત્ત્વ હોય છે ત્યાં સુધી આ સંબંધ ચાલતો હોય છે. એક પ્રકારથી આ સંબંધમાં સ્વાર્થતત્ત્વની પ્રધાનતા રહે છે. આ સંબંધ તૂટવાનો થાય ત્યારે બુદ્ધિપૂર્વક ઢીલો કરીને પછી સમાપ્ત કરી દેવાતો હોય છે. કારણ કે છોડવામાં પણ બુદ્ધિનો ઉપયોગ થાય છે.

ત્રીજો સંબંધ લાગણીનો હોય છે. લાગણીઓ હૃદયમાં વસતી હોય છે એટલે આવા સંબંધોને હાર્દિક અથવા દિલી કહેવાય છે. આવા સંબંધો કશી ગણતરી વિના, લાભાલાભના વિચાર વિના હૃદયથી બંધાઈ જતા હોય છે. કશી અપેક્ષા ન હોવાથી તે લાંબા ચાલે છે. આવા સંબંધોમાં એક જ અવરોધ હોય છેઃ “કાચા કાન.” જો માણસ કાચા કાનનો હોય અને કોઈની ભંભેરણીમાં આવી જાય તો સંબંધ તૂટી શકે છે. તૂટીને પણ તે છૂટી નથી શકતો. પહેલાં તે સંયોગમાં હતો, તો હવે વિયોગમાં પણ તે સંબંધ રહેવાનો તો ખરો જ. કારણ કે હૃદય સાથે જોડાયેલી વસ્તુને જલદી ઉખાડી શકાતી નથી. પણ જો માણસ કાચા કાનનો ન હોય અને પૂર્ણ બુદ્ધિશાળી હોય તો આવા હાર્દિક સંબંધો ચિરસ્થાયી અને સુખ આપનારા બની શકે છે.

મૂળ સીદસરના પણ રાજકોટમાં ધંધા માટે સ્થિર થયેલા શ્રી લાલજીભાઈ પટેલનો સંબંધ લાગણીઓનો છે. હું જ્યારે જાઉં ત્યારે તે કદી ખાલી હાથે મળવા ન આવે. કશું નહિ તો સીંગચણા તો હોય જ. તેમનાં ઢેબરાં-છાશ અને આચાર તો હોય જ. તેમને ચિંતા હોય કે બાપજી ભૂખ્યા તો નહિ રહે ને! અને ઘણી વાર આવું જ બને. બોલાવનારાએ જમવાની કશી વ્યવસ્થા ન કરી હોય, ત્યારે લાલજીભાઈનાં ઢેબરાં અમે ઘણી વાર ખાધાં છે. મને ઘણી વાર વિચાર આવે કે બોલાવનારને કેમ કશો વિચાર નહિ આવતો હોય? કદાચ તેને લાગણી જ નહિ હોય તો પછી આ લાલજીભાઈ તો દૂરના ગામમાં રહે છે, તેને કેમ વિચારો આવતા હશે? કારણ કે તેને લાગણીઓ છે. મારા બાપજી શું ખાશે? છેક દંતાલીથી ચાર-પાંચ કલાકનો પ્રવાસ કરીને આવે અને વળી પાછા જાય. જમવાનું તો જોઈએ જ ને! આવી લાગણીઓ થયા કરે.

બીજાને એવા વિચારો આવે કે સભા સારી થવી જોઈએ. પ્રવચન સારું થવું જોઈએ. આપણી વાહવાહ થઈ જાય. બસ આટલા જ વિચારો થાય. સભા સારી થાય, વાહવાહ પણ થાય. પણ જેને આટલે દૂરથી બોલાવ્યો છે તેની કાંઈ વ્યવસ્થા કરી છે? અરે, એ તો યાદ જ ન રહ્યું! કેમ યાદ ન રહ્યું? કારણ કે માણસ લાગણીહીન હતો. લાલજીભાઈએ તો મને બોલાવ્યો નહોતો, તેને કેમ યાદ રહ્યું? કારણ કે તેને લાગણીઓ હતી. મેં અનેક વાર આવા પ્રસંગો અનુભવ્યા છે. જેની ઇચ્છા હોય તે વાંચે મારું પુસ્તક ‘અગવડોમાં આરાધના’. આવા સમયે લાલજીભાઈનાં ઢેબરાં સોનાનાં થઈ જાય. લાલજીભાઈ પૈસાદાર માણસ નથી. મોટો બંગલો પણ નથી. સામાન્ય માણસ છે, પણ દિલનો દરિયાવ છે. તમારા માટે માણસે કેટલો ખર્ચ કર્યો તે મહત્ત્વનું નથી, પણ કેવી અને કેટલી ભાવનાથી કર્યો તે મહત્ત્વનું છે. સુદામાના તાંદળા અને વિદુરની ભાજી એટલે જ કદાચ અમર થઈ ગયાં હશે.

તા. 9-1-04

# 24. કિશોરભાઈ અને મૂળચંદભાઈ

ભ્રમણશીલ માણસને ઉતારો તો જોઈએ જ. ત્યાગી મનાતા પુરુષોને પણ કોઈ આશ્રમ, મંદિર, ધર્મશાળા, ઉપાશ્રય કે પછી કોઈનો આવાસ રહેવા-ઊતરવા તો જોઈએ જ. ખરેખર તો ત્યાગ જો યાંત્રિક માત્ર હોય તો તે વ્યક્તિને લાચાર અને પરાધીન બનાવી દે છે. આવા ત્યાગમાં ખુમારી નથી રહેતી. ડગલે ને પગલે કોઈ ને કોઈની ઓશિયાળ રહ્યા કરે. કારણ કે ત્યાગના કારણે જીવન જ પરાવલંબી પરોપજીવી થઈ ગયું છે. ખરો ત્યાગી સ્વાવલંબિતાની સાથે રહે છે, તેની જ ખુમારી રહે છે. ઓશિયાળા થઈને વગર ભાવનાએ કોઈના ત્યાં ઊતરવું તેના કરતાં હોટલમાં ઊતરવું સારું. પણ જેની પાસે હોટલમાં ઊતરવાના પૈસા નથી કે ધાર્મિક બંધનના કારણે શક્યતા નથી તેમને તો ઇચ્છાએ કે અનિચ્છાએ થોડીઘણી ઓશિયાળ રાખવી જ પડશે. “પરાધીન સપને હુ સુખ નાહીં” (તુલસીદાસ.)

મારે પણ જુદી જુદી જગ્યાએ જવાનું થાય ત્યારે રાતવાસો રહેવાનું થાય તો કોઈ ને કોઈ જગ્યાએ ઊતરવાનું થાય. સુરતમાં મૂળચંદભાઈ અમીનના ત્યાં અને રાજકોટમાં કિશોરભાઈ બોસમિયાના ત્યાં. બન્ને ઘરો ઉદાર અને લાગણીઓથી હૂંફાળાં. પારકા ઘેર ઊતર્યા છીએ તેવું ન લાગે. આખા ઘરનાં માણસોના ચહેરા ઉપર ભાવ જ ભાવ દેખાય. રાજકોટમાં કિશોરભાઈ છેક દૂર સુધી મને લેવા આવે. બીજી તરફ સુરતમાં મૂળચંદભાઈના પુત્ર આશિષ પણ છેક ઓક્ટ્રોયનાકા સુધી લેવા આવે, જેથી કોઈને રસ્તો પૂછવો ન પડે. બન્નેની ધર્મપત્નીઓ કુસુમબહેન અને કૈલાસબહેન સારામાં સારી વસ્તુઓ બનાવી રાખે. મારે દાળ-રોટી જ ખાવી હોય પણ કોણ માને? મેં મારી રીતની મગની દાળ શિખવાડી દીધી. હવે તો આખું ઘર તેને મગની દાળ ન કહેતાં “બાપજીની દાળ” કહે છે. મારા કરતાં પણ સરસ બનાવે છે.

અમારે ત્યાં નાનો-મોટો પ્રસંગ હોય તો કિશોરભાઈ આવે. કેટરિંગનો ધંધો હોવાથી સાથે કાંઈનું કાંઈ લેતા પણ આવે. ઘણી વાર તેમના તરફથી બધાંને જમાડે. તેમનાં ધર્મપત્ની પણ તેવાં જ ઉદાર. પતિ-પત્નીને પરસ્પરમાં એટલો બધો પ્રેમ કે કિશોરભાઈ કુસુમબહેનને મહારાણી કહીને બોલાવે. એક વાર મને કહે કે શાહજહાંએ તાજમહેલ બનાવ્યો તેની બેગમની યાદમાં, મારે પણ કુસુમમહેલ બનાવવો છે. હું વિચાર કરું કે ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી! શાહજહાંની તે નકલ થતી હશે? પણ ખરેખર ઊંચી ભાવના હોય તો ભગવાન પૂરી કરે. તેમનું વડીલોપાર્જિત ઘર જીર્ણ થઈ ગયું હતું. તેને તોડીને નવું કરવાનું થયું. ત્રીસ-પાંત્રીસ લાખ ખર્ચીને સુંદર નવું બનાવ્યું. અને દરવાજા ઉપર લખી દીધું: ‘કુસુમમહેલ’. ખડખડાટ હસતાં હસતાં મને કહે કે, “ચાલો, મારા ‘કુસુમમહેલ’નું ઉદ્‌ઘાટન કરો.” બન્નેનો દામ્પત્યપ્રેમ જોઈને આનંદ થાય. કિશોરભાઈ, શેર-શાયરી, ગઝલ-કવ્વાલી અને ડાયરાના જીવ. તેમને કવિઓ બહુ વહાલા. સમય-સમય ઉપર બધાને બોલાવે. સંગીત કલાકારોને બોલાવે અને જલસા કરાવે. મોટા ભાગે વ્યાપારીઓને કલા અને બલા બધું સરખું જ હોય પણ આ ભાઈને તો કલાકારો પ્રત્યે પણ લાગણી.

બીજી તરફ મૂળચંદભાઈનાં ધર્મપત્ની કૈલાસબહેનને ચા-પાણી-નાસ્તો અને જમાડવામાં બહુ આનંદ આવે. વાતચીતમાં પૂરાં નિખાલસ. જેવું લાગે તેવું બોલી નાખે. પણ જમાડે ખરાં. તેમનું રસોડું જમનારાઓથી ધમધમતું હોય. એક જ દીકરો આશિષ, દીકરીઓ ઘણી. બધી બાપાના ત્યાં પહોંચી જાય, રમે-જમે અને આનંદ કરે.

વૃદ્ધ પિતા શંકરભાઈ, મારા વર્ષો જૂના પરિચિત માણસ. કેટલાંય વર્ષો સુધી આશ્રમમાં મારી બાજુમાં જ રહ્યા. સાથે યાત્રા પણ કરી. પણ હવે 92 વર્ષના વૃદ્ધ થયા છે તોપણ વાટકી ભરીને ઘી ખાવા જોઈએ. તેમનું કહેવું છે કે કદી ડોક્ટરી તપાસ કરાવવી નહિ. કારણ કે કોલેસ્ટ્રોલ નીકળે તો ડોક્ટરો ઘી ખાવાની મનાઈ કરે. આ ન પોષાય, ઘી તો ખાવું જ પડે. મેં તેમના સિદ્ધાંતો ઉપરથી “શંકરમાર્ગ” નામ આપ્યું છે. ખૂબ પ્રેમથી ઘી ખાતા રહે. ડોક્ટરને બતાવવાનું નહિ, તોપણ નેવું વર્ષ તો વટાવી ચૂક્યા છે. હા, તેઓ રોજ સૂંઠ, સુદર્શન ચૂર્ણ અને આંબળાં જરૂર ખાય છે. આવા શંકરભાઈ ચાણક્યબુદ્ધિ પણ છે. ગમેતેવો કોયડો હોય પણ શંકરભાઈ ઉકેલી આપે. આખું ઘર ઉદાર. પોતાના સમાજમાં અને બહાર પણ મન મૂકીને દાન આપે.

આવા મૂળચંદભાઈ તથા તેમનો પરિવાર અને કિશોરભાઈ તથા તેમનો પરિવાર મારી ઘણી સેવા કરે છે. ઘણી વાર અન્ય લોકો પોતાને ત્યાં મારો ઉતારો રાખવા ઇચ્છા રાખે. પણ મને બદલ બદલ કરવામાં રસ નથી. જ્યાં ઘર જેવી આત્મીયતા થઈ ગઈ હોય ત્યાંથી ખસવાનું ન ગમે. આ બન્નેનો આભાર.

*

# 25. ચંદનબહેન તાપિયાવાળા

ધર્મ અને સમાજવ્યવસ્થા દ્વારા મોટા ભાગે બધે જ સત્તામાં પુરુષપ્રધાનતા પ્રસ્થાપિત થયેલી દેખાશે. જોકે એ કુદરતી છે અને યોગ્ય જ છે. તોપણ કેટલીક બાબતોમાં સ્ત્રીઓને ભારે અન્યાય કરવામાં આવ્યો છે. ખાસ કરીને વિધવા અને ત્યક્તા ફરીથી લગ્ન ન કરી શકે. પુરુષ માટે ત્યક્તા જેવો કોઈ શબ્દ નથી અર્થાત્ ત્યક્તપુરુષ એમ બોલાતું નથી. હા, વિધુર પુરુષ તો બોલાય છે. સતીપ્રથા પણ એક તરફી હતી. કોઈ પુરુષ સતો થયો જાણ્યો નથી. પ્રાચીનકાળમાં તો જે હતું તે હતું પણ હજી આજે પણ કેટલાય શાસ્ત્રીઓ આવી વિધવાના પુનર્લગ્નનો નિષેધ કરે છે. હા, પુરુષોને છૂટ આપે છે. કોઈ સ્ત્રી વિધવા થાય તેમાં તેનો શો દોષ? શું તેને વિધવા થવું સારું લાગે ખરું? પણ ધર્મ અને સમાજે બધી રીતે તેને અપમાનિત કરવામાં બાકી નથી રાખ્યું. તેના શુકન ન લેવાય, સારાં કાર્યોમાં તેને બેસાડાય નહિ, તેણે વાળ ઉતારી નાખવાના. સારાં કપડાં પહેરાય નહિ, ચાંલ્લો પણ કરી શકાય નહિ વગેરે વગેરે. કદાચ આ બધું એટલા માટે હોય કે તે સુંદર ન દેખાય. તેનું કદરૂપું શરીર કોઈના આકર્ષણનું નિશાન ન બને.

મેં મારા બાલ્યકાળમાં વિધવાઓ જોઈ છે, જોકે હવે તેવી વિધવાઓ દેખાતી નથી. બહુ જબરદસ્ત પરિવર્તન આવી ગયું છે. મને યાદ છે કે મારી 19 વર્ષની ઉંમરે મેં એક કવિતા છપાવેલી જેમાં વિધવાવિવાહ કરવાની પ્રેરણા આપેલી. મને સૌથી વધુ તો વિધવાઓએ જ ગાળો આપેલી. લગભગ બધી જ અભણ હતી, સુધારાવિરોધી લોકો પત્રિકા લઈને તેમની પાસે જતા અને બતાવીને કહેતા કે “ફલાણી મા, આ તો તમારાં લગ્ન કરવાની પત્રિકા છે.” કશું સમજ્યા વિના બોડી ડોશીઓ ઊકળી ઊઠતી અને મને ગાળો દેતી. એક ભવમાં બે ભવ કરાય નહિ તેવું મૂલ્ય દઢતાથી સ્થાપિત કરાયેલું હતું. હા, પુરુષો એક ભવમાં ગમે તેટલા ભવ કરી શકે, કશો વાંધો નહિ. આપણે ધર્મ અને સંસ્કૃતિને માનવતાની દષ્ટિએ કદી જોયાં નથી. જો પુરુષને પ્રેમ અને વાસનાની દષ્ટિએ સ્ત્રીની જરૂર પડે તો તે જ કારણસર સ્ત્રીને પણ પુરુષની જરૂર પડે જ. પણ નિયમો, પુરુષોએ બનાવ્યા એટલે સ્ત્રીઓની જરૂરિયાતો તરફ ધ્યાન જ ન આપ્યું. માત્ર પોતાની જરૂરિયાતો તરફ જ વધુ ધ્યાન આપ્યું. નાની ઉંમરમાં પતિનું પૂરેપૂરું સુખ ભોગવીને જે સ્ત્રી વિધવા થઈ હોય તેની શું દશા થાય? પ્રેમ, લાગણી, હૂંફ અને વાસનાસુખ બધું જ તેનું ખોવાઈ જાય.

મારું નિરીક્ષણ છે કે જે સ્ત્રીઓએ કદી પતિસુખ ભોગવ્યું જ નથી, તેમનું વૈધવ્ય ઓછું દુ:ખદાયી હોય છે. પણ જે સ્ત્રીએ ભરપૂર પ્રેમ અને વાસનાસુખ ભોગવ્યું હોય છે તેના દુ:ખની તો કોઈ સીમા જ નથી રહેતી. તેની સ્થિતિ તો જીવતા દોજખ જેવી થઈ જાય છે. પ્રેમ અને વાસનાનું સુખ કોઈ ડ્રગના વ્યસન જેવું હોય છે, જે એકબે વાર સ્વાદ ખાતર સ્વાદ લે તોપણ તેને વળગી પડે, પછી છોડવા માગે તોપણ ન છૂટે. પણ તે વ્યસન પૂરું કરવા ગમે તે કરવા તૈયાર થઈ જાય. પ્રેમ અને વાસનાનું પણ કાંઈક આવું જ છે.

સ્વામી વિવેકાનંદજીએ ધર્મની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે “જે ધર્મ વિધવાનાં આંસુ ન લૂછે તેની મારે જરૂર નથી.” વાત સાચી છે. બંગાળ વિધવાઓથી ઊભરાતો પ્રદેશ હતો. સતીપ્રથા બંધ તો થઈ પણ વિધવાવિવાહ શરૂ ન થયો. એક ક્રૂરતા બંધ થઈ. સારું થયું. પણ બીજી રિબામણી પ્રથા તો ચાલુ જ રહી. જ્યાં જેટલી વધુ ઉચ્ચ સંસ્કૃતિની ખાનદાની હોય છે, ત્યાં તેટલી જ સ્ત્રીઓ વધુ રિબાતી હોય છે. કારણ કે સંસ્કૃતિનો ભાર સ્ત્રીઓએ ઊંચકવાનો હોય છે. ઘણા મહાપુરુષોએ ગાળો-પથ્થરો ખાઈખાઈને વિધવાવિવાહની પ્રથા શરૂ કરાવડાવી છે. તોપણ હજી પણ વૃન્દાવનમાં હજારો બંગાળી વિધવાઓ વાટકી ચોખા માટે ઊભી ઊભી ભજન કરતી હોય છે. વિધવાનાં આંસુ માત્ર ચોખા આપવામાત્રથી અટકી જતાં નથી. તેને બીજી પણ ઘણી ઘણી જરૂર હોય જ છે, જેમ પુરુષને હોય છે તેમ. પણ તેવી માનવતાવાદી દષ્ટિ ખૂલે તો આંસુઓ દેખાય. કવિને તો “હરિનાં લોચનિયાં આંસુભીનાં” દેખાયાં હતાં પણ ધર્મ અને સમાજના આગેવાનોની આંખો ઉપરથી મોતિયો ઊતરે તો તેમને પણ વિધવાનાં આંસુઓ દેખાય.

ઘણાં વર્ષો પહેલાં હું ભરૂચમાં ગીતાભવનમાં એક મહિના માટે ગીતા ઉપર પ્રવચનો કરવા ગયો હતો. ઘણા લોકો પ્રવચન સાંભળવા આવે. તેમાં ચંદનબહેન પણ આવે. તેમની આકૃતિ અને વ્યક્તિત્વ પ્રભાવશાળી. નાના નાના દીકરાઓ અને દીકરીને મૂકીને પતિ દેવ થઈ ગયેલા. ચંદનબહેન વિધવા થયાં. ઘરની બધી જવાબદારી અને બાળકોને ઉછેરીને મોટાં કરવાં અને કામધંધે લગાડવાં. આ બધી

જવાબદારી તેમના માથે આવી પડી. જોકે તેમનાં સગાંઓ ઘણાં સારાં, તોપણ જે દુ:ખ આવી પડ્યું તેમાં તે શું કરી શકે? વિધવાઓ માટે, સારાં સગાં મદદરૂપ બને, મધ્યમ હોય તો મદદ તો ન કરે પણ કનડે નહિ પણ જો અધમ સગાં હોય તો માત્ર કનડ કનડ જ કરે, પડ્યા ઉપર પાટુ મારે. દુ:ખનો પાર ન રહે. ચંદનબહેનને સારાં સગાં મળ્યાં હતાં. બાળકોને ભણાવ્યાં, ગણાવ્યાં, મોટાં કર્યાં અને પરણાવ્યાં. ધંધે પણ લગાડ્યાં. અત્યારે તો બધાં સારી કક્ષાએ પહોંચી ગયાં છે. વહુઓ પણ સારી મળી છે અને સૌને ત્યાં બાળકો પણ થયાં છે.

પણ ચંદનબહેનનો જીવ પ્રથમથી જ સેવા અને ભક્તિપરાયણ. ગમે તેની સેવા કરે, ભક્તિ કરે, ભગવાનને દીવા કરે. બ્રાહ્મણો અને સાધુઓને કાંઈ ને કાંઈ આપીને જમાડે. અને પોતે જમીન ઉપર સામાન્ય પથારીમાં સૂઈ જાય. આવી અને આટલી સાત્ત્વિક વિધવા ભાગ્યે જ જોવા મળે. કદી ગુસ્સો તો દેખાય જ નહિ. કોઈને કડવું ન બોલે, સૌની સાથે હસતા મોઢે વાત કરે. પુત્રો અને પરિવારની રજા લઈને તે વારંવાર આશ્રમમાં આવે. આશ્રમનું રસોડું સંભાળે. આશ્રમના રસોડે કોઈ નોકર નથી. આવી સેવાભાવી બહેનો જ અવારનવાર રસોડું સંભાળે. ચંદનબહેન જ્યારે રસોડામાં હોય ત્યારે આશ્રમના વૃદ્ધો (વૃદ્ધાશ્રમના) રાજી રાજી થઈ જાય. કારણ કે રોજ નવી નવી રસોઈ બનાવે. હા, ઘીતેલ વધુ વપરાય. પણ હું છૂટ આપું કે ભલે વપરાય પણ સારી સારી વાનગીઓ બનાવો અને સૌને જમાડો. આશ્રમમાં મહેમાનો વહેલા-મોડા આવે. મને ત્રાસ થાય પણ ચંદનબહેન તો હસતાં ને હસતાં—જાણે અન્નપૂર્ણાનો અવતાર જ જોઈ લો! હું પૂછવા જાઉં કે પાંચ જણા છે—કાંઈ પડ્યું છે? તો એક જ જવાબ મળે, “જરાય ચિંતા નહિ, મોકલી આપો.” આવનારાને પ્રેમથી જમાડે. મોઢા ઉપર જરાય અણગમો ન દેખાય. હું કહું કે તમે થાકી જતાં હશો, તો કહે કે આવી સેવા ક્યાં મળવાની હતી? પાછું શરીર ભારે, તોપણ સ્ફૂર્તિ પૂરેપૂરી. એ જેટલી વાર આશ્રમમાં આવે કાંઈ ને કાંઈ લેતાં આવે. કદી ખાલી હાથે ન આવે. આખા વર્ષમાં જેટલા પ્રસંગો- તહેવારો આવે તો કાંઈ ને કાંઈ આપતાં જ રહે. ના પાડું તોપણ માને નહિ. આશ્રમની બીજી બહેનો માટે કપડાંલત્તાં લઈ આવે. તેમને કદી પણ કોઈ જાતની કશી પણ અપેક્ષા ન દેખાય. પૂર્ણ નિરપેક્ષ. ગીતાનો ઉપદેશ છે કે ફળની આશા રાખ્યા વિના કાર્ય કર. બસ, અહીં તે ઉપદેશ મૂર્તિમંત થયો દેખાય.

હું ઘણી વાર તેમને મનોમન વંદન કરું. તેમનાં માતા-પિતાને ધન્ય છે, જેમણે આવી દીકરીને જન્મ આપ્યો. તેમના પતિ લાંબું જીવી ન શક્યા. આવી ગુણિયલ નારી કોના ભાગ્યમાં હોય. તેમનાં સંતાનો ધન્ય ધન્ય છે—આવી માતાને પ્રાપ્ત કરીને. દીકરા-દીકરીઓ અને વહુઓ પણ માતાના જેવાં જ સંસ્કારી, ઉદાર, દયાળુ અને મિલનસાર. આવાં ચંદનબહેન વર્ષોથી આશ્રમમાં ખૂબ સેવા કરે છે અને અમારો ભાર હળવો કરે છે. મારો અનુભવ છે કે માત્ર નોકરોથી આશ્રમ ચાલી શકતો નથી. નોકરોને કશી લાગણી ન હોય. કેટલાક તો ચોરીઓ પણ કરે, બીજાં પણ ઘણાં અનિષ્ટો કરે. થોડો સમય અમે પ્રયોગ કરેલો પણ અનુકૂળ ન આવ્યો. એટલે સેવાભાવી માણસોથી આશ્રમ ચલાવવાનું નક્કી થયું. પરમેશ્વરની કૃપા જ સમજો કે અમને આવાં ઉત્તમ ઉત્તમ માણસો મળી રહે છે. ચંદનબહેનને પ્રણામ, વંદન, આભાર. આટલી ઉંમરે અને ભારે શરીર હોવા છતાં તેઓ રોજ મને ઘૂંટણિયે પડીને નમસ્કાર કરે છે. ના પાડું તોપણ કોણ માને!

તા. 9-1-04

*

# 26. કમળાબહેન પટેલ

કેટલાંક લોકો જન્મજાત ધાર્મિક અને ઉદાર હોય છે. તેમને કશું શિખવાડવું નથી પડતું, ભરૂચમાં પુરુષોત્તમભાઈ પટેલ પરિવાર સાથે રહે. પત્નીનું નામ કમળાબહેન અને દીકરા-દીકરીઓ. પુરુષોત્તમભાઈ નિવૃત્ત થયા, પણ જીવ સંશોધનવૃત્તિનો એટલે નવું નવું શોધ્યા કરે. પોતાને શ્વાસનું દર્દ એટલે જાતે જ દવાઓ શોધ્યા કરે. તેમાંથી તેમને આયુર્વેદમાં રસ જાગ્યો. બધા ગ્રંથો જોઈ વળ્યા. તેના આધારે નવાં નવાં ઔષધો બનાવે અને પ્રયોગ કરે. મારી સાથે સંપર્ક થયો. અમારો સંબંધ આગળ વધ્યો. મારાં પુસ્તકો તેમને બહુ ગમે. વર્ષો સુધી મારે તેમને ત્યાં અને તેમને મારે ત્યાં આવવાજવાનું થાય. મૂળમાં તો તે નજીકના ગામ દાવોલના પણ ધંધા માટે ભરૂચ જઈ વસેલા.

એક દિવસ સમાચાર મળ્યા કે પુરુષોત્તમભાઈનો જીવનદીપ બુઝાઈ ગયો છે. કમળાબહેન તો ધ્રુસકે ને ધ્રુસકે રડે. છાનાં જ ન રહે. ભલે વૃદ્ધાવસ્થા હોય પણ પતિ-પત્નીનો પ્રેમ કાંઈ થોડો વૃદ્ધ થાય છે? ખરો પ્રેમ તો વૃદ્ધાવસ્થામાં જ પ્રગટે છે, કારણ કે ત્યારે વાસના વિનાનો વિશુદ્ધ પ્રેમ રહી જતો હોય છે. દિવસો વીત્યા. મહિનાઓ વીત્યા. પતિનું ખાલીપણું બહુ સતાવે. સમય કેવી રીતે પસાર કરવો એ મોટો પ્રશ્ન. કમળાબહેન આશ્રમમાં આવતાં-જતાં હતાં જ. અમારે ત્યાં રસોડે વારાફરતી બહેનો આવે. સગવડ પ્રમાણે પંદર દિવસ, મહિનો રહે. પછી બીજાં આવે. તેમ કમળાબહેન પણ આવે. રસોઈ સરસ બનાવે. સૌને ગમે. પાછાં ઉદાર પણ એટલાં જ. કાંઈ ને કાંઈ લેતાં આવે. જેની જરૂર હોય, જે કાંઈ ખૂટતું હોય તે બધું લઈ આવે. થાક્યા વિના સેવા કર્યા કરે. મને કશી ચિંતા નહિ. આવાં કમળાબહેન વર્ષોથી આશ્રમની અને મારી સેવા કર્યા કરે છે, તેમનો આભાર જ આભાર.

તા. 9-1-04

*

# 27. પ્રવીણભાઈ પટેલ

જીવન ચાર ભાગમાં વહેંચાયેલું રહે છે. કેટલાકને પ્રથમ સુખ મળે, પણ પાછળથી દુઃખ મળે. બીજા કેટલાકને પ્રથમ દુઃખ મળે પણ પછી સુખ મળે. ત્રીજા કેટલાકને આખું જીવન સુખ જ સુખ રહે તો કેટલાકને જીવનભર દુઃખ જ દુઃખ રહે.

બાલ્યકાળમાં જ પિતાનું છત્ર ગુમાવેલા પ્રવીણભાઈને વિધવા માતા અને કાકાએ ઉછેરીને મોટા કર્યા. માતાને વૈધવ્યકાળમાં બહુ કડવા અનુભવો થયેલા. ત્યારે તો ચારે તરફ ગરીબીનું વાતાવરણ. માત્ર ખેતીની આવક ઉપર જીવન જીવવાનું. ખેતીની આવક અનિશ્ચિત જ કહેવાય. આવી સ્થિતિમાં જીવન પ્રાથમિક આવશ્યકતાઓથી પણ દૂર રહી જાય. પ્રવીણભાઈમાં શિક્ષણ પ્રત્યે તીવ્ર તાલાવેલી. તે કોલેજ સુધી ભણ્યા. પાછું તેમનામાં સાહસ પણ ઘણું. તે જેમતેમ કરીને અમેરિકા પહોંચી ગયા. ત્યારે અમેરિકામાં બહુ કડક કાયદા ન હતા. અમેરિકા પહોંચીને થોડો સમય જ્યાં-ત્યાં નોકરી કરીને પછી તેમણે નર્સરીનો ધંધો શરૂ કર્યો. હું જ્યારે જ્યારે અમેરિકા જાઉં ત્યારે તેમની નર્સરીમાં ઊતરું. મોટી જમીનમાં બધા પ્રકારના છોડ ઉત્પન્ન કરે અને વેચે.

આ ધંધો એવો કે તેમાં 25-50 માણસો કામ કરવા માટે જોઈએ. દેશમાંથી આવેલા કોઈ પણ બેકાર માણસને તરત જ અહીં કામે લગાડી દેવાય. પ્રવીણભાઈએ પોતાના પૂરા પરિવારને અને દૂરનાં સગાંઓને પણ બોલાવીને સૌને વસાવી દીધાં. સૌને પગભર કરી દીધાં. સૌ સુખી અને ખુશી. બેત્રણ વાર તેમણે મારાં પ્રવચનો ગોઠવ્યાં, સનીવેલના વિશાળ હોલમાં તેમણે મિત્રો સાથે મળીને વ્યવસ્થા કરી. તેમનાં ધર્મપત્ની મંજુલાબહેન એક કુશળ અને પતિપરાયણ ગૃહિણી, ઘર તો સંભાળે પણ ધંધામાં પણ મદદરૂપ બને. તેમના બન્ને પુત્રો અને પુત્રી વગેરે પણ તેવાં જ પ્રતિભાશાળી અને મહેનતુ. આખું ઘર જાણે કે સૌના સાથસહયોગથી ચાલતું દેખાય.

મારી રશિયાયાત્રામાં તેઓ પણ સાથે આવેલા. અમે બધાએ મળીને બહુ સત્સંગ કર્યો અને આનંદ પણ કર્યો. દેશમાં તેમના ગોળનાં ચૌદ ગામ. એટલે ચૌદ ગામનો ગોળ કહેવાય. પ્રવીણભાઈની ઇચ્છા ખરી કે ચૌદ ગામના પટેલો પોતાનાં બાળકો માટે કાંઈક કરે તો હું સારું એવું દાન આપું. ચરોતરમાં લેવા પાટીદારોના ઘણા ગોળો. તે સૌમાં કદાચ આ ચૌદ ગામનો ગોળ સૌથી ઓછી શક્તિવાળો હતો. કોઈ બહાર જ નહિ નીકળેલું. પણ પ્રવીણભાઈ પછી બીજાં કેટલાંય કુટુંબો અમેરિકામાં સ્થાયી થયેલાં અને બધાં પૈસેટકે સુખી પણ ખરાં. સૌને જગાડ્યા કે, કાંઈક કરો. દેશમાં ખોડાભાઈ તથા રામજીભાઈને જવાબદારી સોંપી કે, કામ તમે કરો, પૈસા અમે મોકલશું. એક ભવ્ય વિદ્યાસંકુલનું નિર્માણ કરવાનું નક્કી થયું. જમીન લેવાઈ ગઈ. મારી ના હોવા છતાં પણ પ્રવીણભાઈ અને બીજા બધા ભાઈઓના આગ્રહથી સંકુલનું નામ 'સ્વામી સચ્ચિદાનંદ વિદ્યાસંકુલ' રાખવામાં આવ્યું. મારી ઇચ્છા ખરી કે સંસ્થાને આર્થિક લાભ થતો હોય તો કોઈ દાતાનું નામ રાખો. પણ સૌનો એક જ સ્વર કે અમારે પૈસા નથી જોઈતા, જે નામ રાખ્યું છે તે જ રાખવું છે. મેં મનોમન પરમેશ્વરનો આભાર માન્યો કે મારા જેવા અકિંચનને તેણે મહત્તા આપી. પરમેશ્વર જેને ચાહે તેને ન્યાલ કરી શકે છે તેના મને ઘણા અનુભવો થયા છે. આ માટે શ્રી પ્રવીણભાઈ તથા ચૌદ-ગામ-પાટીદારોના બધા નેતાઓનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો કહેવાય.

તા. 9-1-04

*

# 28. કાન્તાબહેન

જીવન માત્ર આપણી ઇચ્છા પ્રમાણે જ નથી ચાલતું. ઘણી વાર આપણી ઇચ્છાથી વિપરીત પણ ચાલે છે અથવા કહો કે આપણે પણ આપણી ઇચ્છાથી વિપરીત ચાલવું પડે છે. મારે આશ્રમ બનાવવો જ નહોતો પણ બનાવવો પડ્યો. મારે તેનો વિસ્તાર કરવો જ નહોતો પણ કરવો પડ્યો. મારે દંતાલી સિવાય બીજે ક્યાંય આશ્રમ કરવો નહોતો પણ અમદાવાદ પાસે કોબામાં કરવો પડ્યો. મારે ઊંઝામાં પણ આશ્રમ કરવો નહોતો, પણ કરવો પડ્યો.

બન્યું એવું કે દુષ્કાળમાં અમે ઢોરવાડો કર્યો હતો. છથી આઠ મહિના સુધી ઢોરાં રાખ્યાં, તેમની બધી વ્યવસ્થા કરી. પણ ઢોરાં તો બનાસકાંઠામાં વિદાય થયાં પણ એ જ જમીન ઉપર આશ્રમ કરવો જોઈએ એવો આગ્રહ સ્થાનિક કાર્યકર્તાઓનો રહ્યો. મેં કહ્યું કે મારાથી બધે પહોંચી શકાય નહિ. હું એકાકી માણસ, એટલે આશ્રમ કરવો નથી. પણ બધા જ ભાઈઓ એક મનથી કહેવા લાગ્યા કે, “તમારે કશું જ કરવાનું નહિ, બધું અમે કરી લઈશું.” જમીન મેળવવા અરજી કરી તો તરત જ મંજૂર થઈ ગઈ. કલેક્ટર બહુ સારા માણસ હતા અને મારા સાહિત્ય અને વિચારોથી પરિચિત હતા. બસ પછી તો શું! બાંધકામ શરૂ થઈ ગયું. ટુંડાવના અંબાલાલ દ્વારકાદાસ પટેલ ઊંઝામાં રહે. તેમણે, શ્રી લખમીચંદે, ‘કર્મયોગી’એ અને બીજા ભાઈઓએ તનતોડ મહેનત કરીને થોડા જ સમયમાં આશ્રમ તૈયાર કરી દીધો. અમારા ત્રણે આશ્રમોમાં ઊંઝા વૃદ્ધાશ્રમનું બાંધકામ સારું, મજબૂત અને વ્યવસ્થિત થયું કહેવાય. પણ હવે પ્રશ્ન એ થયો કે રસોડું કોણ સંભાળે?

બધાની નજર ટુંડાવનાં કાન્તાબહેન ઉપર પડી. ઊંઝામાં શિક્ષિકાની નોકરી કરે. સાધુ-સંતોની સેવાનો અનુભવ. અને શ્રદ્ધા પણ ખરી. તેમણે ઊંઝા આશ્રમનું રસોડું સંભાળ્યું. નોકરી પણ કરે અને રસોડું પણ સંભાળે. સાથે બેત્રણ સહાયક બહેનો રહે. વહેલી સવારથી કામ ચાલુ થાય તે છેક રાત સુધી કામ રહે. પણ કાન્તાબહેન થાકે નહિ. આશ્રમ પાસેથી કશું પણ ન લે. ઉપરથી કાંઈ જરૂર હોય તો લઈ આવે. અનાજ ભરવું, વીણવું, ચોખ્ખું કરવું, દળવું અને બન્ને સમય રસોઈ બનાવવી. સૌને જમાડવાં અને પછી દેખરેખ પણ રાખવી. પાછાં સમયસર નિશાળે જવાનું, નિશાળ કિલોમીટરથી વધુ દૂર પણ મોટા ભાગે ચાલીને જાય. ચા-પાણી માટે જે દૂધ આવે તેમાંથી એટલું બધું ઘી બનાવે કે જ્યારે જુઓ ત્યારે ઘીના ડબ્બા ભરેલા હોય. બહારથી ભાગ્યે જ ઘી લાવવું પડે એવો અવેર કરે. આશ્રમ થયો ત્યારથી એટલે કે પંદરેક વર્ષથી એકધારી સેવા કરી રહ્યાં છે. તેમની સેવાપરાયણ વૃત્તિથી આશ્રમને કોઈ નોકર રાખવો પડતો નથી અને કામ ચાલે છે. આવાં કાન્તાબહેનનો ખૂબ ખૂબ આભાર.

તા. 9-1-04

*

## 29. પ્રવીણભાઈ

મારા વિચારોને સૌથી વધુ પચાવી શક્યું હોય તો તે સૌરાષ્ટ્ર છે. સૌરાષ્ટ્રમાં પણ રાજકોટ શહેર અપેક્ષાકૃત વધુ ઝડપથી આ વિચારોને સ્વીકારી અને પચાવી શક્યું છે. શ્રી વજુભાઈ માવાણી, શ્રી શામજીભાઈ ખૂંટ વગેરે મહાનુભાવો વહેલા સંપર્કમાં આવ્યા. પછી પ્રવીણભાઈ, લાલજીભાઈ, કિશોરભાઈ વગેરે મહાનુભાવો સંપર્કમાં આવ્યા. તેમાં શ્રી પ્રવીણભાઈએ તો પુસ્તકો-કેસેટોના પ્રચારની ધૂણી જ ધખાવી કહેવાય. અમેરિકાના શ્રી ગોવિંદ લાલાણીએ તેમને કોપીઅર મશીન લાવી આપ્યું, જેથી પ્રવીણભાઈ ઝડપથી કેસેટો કરી કરીને લોકો સુધી પહોંચતી કરી શકે. ઘણી વાર ઘરના પૈસા ખર્ચીને પણ લોકોને ભેટ આપે, જેથી તેને રસ ઉત્પન્ન થાય. મેં મારી કેસેટો ઉપર કોઈ કોપીરાઈટ રાખ્યો નથી. જેને પોતાના ઉપયોગ માટે ઉતારવી હોય તેને છૂટ છે. પ્રવીણભાઈ પચીસ વર્ષથી વિધુર છે, અને પુત્રોએ બધું સંભાળી લીધું છે એટલે તેમનો પૂરો સમય વિચારોના પ્રચારકાર્યમાં લગાવી શક્યા છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

તા. 9-1-04

*

# 30. સી. પી. પટેલ

જીવનને સૌથી વધુ આકર્ષક બનાવનારું તત્ત્વ છે ‘ઉદારતા’. ઉદારતા વિનાનો ચીકણો કે લુખ્ખો માણસ, ધનવાન હોય કે વિદ્વાન હોય, જે હોય તે, આકર્ષણ વિનાનો થઈને જીવતો હોય છે. ‘લોભિયો’ કે ‘કંજૂસ’ માણસ કદી પણ સ્વજનો મેળવી શકતો નથી. જે સાંસારિક સંબંધોથી સગાં થયાં હોય છે તે પણ આંતરિક રીતે તેનાથી દૂર થઈ જતાં હોય છે. પરમેશ્વર જ્યારે કોઈને યશસ્વી જીવન આપવા માગે છે ત્યારે તેને ‘ઉદારતા’નો ગુણ આપે છે.

ઉદારતા બે પ્રકારની હોય છેઃ (1) પ્રસંગઉદારતા તથા (2) સહજ ઉદારતા. કેટલાક લોકો રોજના કરકસરિયા હોય છે. પણ પ્રસંગ સમયે ઉદાર થઈ જતા હોય છે. આવા માણસોના પ્રસંગ દીપી ઊઠતા હોય છે. પ્રસંગો, પ્રતિષ્ઠા વધારવામાં તથા અપ્રતિષ્ઠા વધારવામાં એમ બન્ને રીતે કામ કરતા હોય છે. જીવનમાં સૌને નાના-મોટા પ્રસંગો આવતા જ હોય છે. જે લોકો ઉદારતાથી પ્રસંગ કરતા હોય છે તે યશસ્વીજીવન જીવતા હોય છે, પણ જે લોકો પ્રસંગના સમયે જ લોભિયા થઈ જતા હોય છે તેમને, અપયશની મેંશ લાગી જતી હોય છે. પ્રસંગ સિવાયના સમયમાં આવા લોકો અનુદાર જીવન જીવતા હોવાથી લોકોમાં બહુ આકર્ષક નથી થઈ શકતા.

બીજો માણસ સહજ ઉદાર હોય છે. પ્રસંગ હોય કે ન હોય, પ્રત્યેક સમયે તેની ઉદારતા ઝળક્યા જ કરતી હોય છે. નોકર-ચાકર-ભગત-ભિખારીથી માંડીને સગાં-વહાલાં-મિત્રો વગેરે સૌની સાથે તેનો હાથ હંમેશાં લંબાયેલો જ હોય છે. કેટલાક લોકો સમૂહમાં ચા-નાસ્તો કરવા હોટલમાં તો જાય છે. પણ કાઉન્ટર ઉપર જતાં સૌથી છેલ્લા નીકળે છે, જેથી પૈસા આપવા ન પડે. તો બીજી તરફ કેટલાક લોકો જાણી કરીને સૌથી પહેલાં કાઉન્ટરે પહોંચી જાય છે, જેથી બીજો કોઈ પૈસા આપી ન દે. “પૈસા તો મારે જ આપવા છે” એવું તેનું કાયમી-સહજ ગણિત હોય છે. આ સહજ ઉદાર માણસ સૌને વહાલો લાગે છે. આવી સહજ ઉદારતા પરમેશ્વરે જેને આપી હોય તેનું જીવન ધન્ય ધન્ય થઈ જાય છે.

શ્રી ચંદુભાઈ પટેલ જેને હવે આપણે સી.પી.ના ટૂંકા નામથી ઓળખીશું, તે 21 વર્ષ પહેલાં મારા પરિચયમાં આવ્યા. ત્યારે તેઓ સરકારી નોકરી કરતા હતા. મને લાગે છે કે પંચમહાલ જિલ્લામાં કોઈ તાલુકાના તે મામલતદાર હતા. અવારનવાર તેઓ મારી પાસે આવતા અને ધર્મચર્ચા-રાજ્યચર્ચા વગેરે કરતા. મેં જોયું કે આ માણસમાં લાગણીશીલ પ્રભાવશાળી, અમલદારના વ્યક્તિત્વની સાથે સેવકપણું પણ ખરું. ઉદારતા તો ખરી જ. પણ સાથે સાથે મને જે સૌથી વધુ ગમતો ગુણ તે વીરતા પણ ખરી. એક વાર એક સભામાં મારા માટે કાંઈક ખતરા જેવું લાગતાં તેઓ પોતાની રિવોલ્વર લઈને પહોંચી ગયેલા અને મારી સાથે ને સાથે રહેલા. જોકે આવું કશું જ હતું નહિ. તેમની ધારણામાત્ર હતી. પણ તોપણ ખરા સમયે પડખે ઊભો રહે તે જ સાચો સંબંધ કહેવાય. કોમી દંગલ વખતે હું કોબા આશ્રમમાં ફસાઈ ગયેલો. મારે દંતાલી જવાનું હતું, પણ બહાર નીકળી શકાય તેમ ન હતું. બન્ને પક્ષના લોકો ઉપર ભૂત ચઢી બેઠું હતું. તેમાં પણ મારે જવાનો રસ્તો તો અત્યંત સંવેદનશીલ વિસ્તારમાંથી નીકળતો હતો. આવા સમયે તેમણે યોગ્ય વ્યવસ્થા કરીને બે-ચાર ખબરદાર મિત્રો સાથે કાર લઈને છેક દંતાલી મૂકવા માટે આવેલા.

અત્યારે જ્યાં કોબામાં આશ્રમ છે, તે જમીન બહુ જ મોકાની હતી. તેના ઉપર ઘણી-ઘણી પ્રભાવશાળી સંસ્થાની નજર હતી. લેવા માટે પડાપડી થતી હતી. આશ્રમ કરવાની મારી જરાય ઇચ્છા ન હતી, પણ અમદાવાદના કેટલાક ચાહકોનો દૃઢ આગ્રહ હતો કે અહીં એક આશ્રમ થવો જ જોઈએ, જેથી આવતાં-જતાં મારા માટે રોકાવાની જગ્યા બની શકે. અંતે મેં હા પાડી. પણ બે શરતેઃ એક તો, જમીન મફત નહિ લેવાની, પૂરેપૂરા પૈસા આપવાના અને બીજી શરત એ હતી કે આશ્રમ બાંધવા માટે અમદાવાદના પૈસા નહિ લેવાના. બન્ને શરતો માન્ય રહી. સી.પી.એ મહામહેનત કરીને તે વખતના કલેક્ટરશ્રી મોદીસાહેબના સહયોગથી જમીન પ્રાપ્ત કરી લીધી. તેની બધી રકમ અમે ભરી દીધી, અને આશ્રમનું કામ શરૂ થઈ ગયું. મને લાગે છે કે જો સી.પી.એ ભારે મહેનત ન કરી હોત તો કદાચ આ જમીન મળી શકી ન હોત.

સી.પી.ની એક ખાસિયત છે કે તેમને અડધી રાતે કામ બતાવો તોપણ તે કામ કરવા તત્પર જ હોય. કોઈ બહાનું કાઢીને છૂટી પડવાની જરાય વૃત્તિ નહિ, એટલું જ નહિ, જે કામ હાથ ઉપર લે તે તન-મન-ધનથી વહેલામાં વહેલી તકે પાર પાડવાનો પ્રયત્ન કરે. કદી પણ વિલંબ ન થવા દે. આવા સી.પી.ને અમે ટ્રસ્ટમાં લીધેલા. ઘણાં વર્ષો સુધી તેઓ ટ્રસ્ટી રહ્યા, પણ પછી પોતાના અંગત જીવનના કોઈ કારણસર એક દિવસ કશું પણ કહ્યા વિના તેમણે રાજીનામું ધરી દીધું. રાજીનામું પાછું લેવા તેમને સમજાવ્યા, પણ તે ન માન્યા. 'મારે કારણે સંસ્થાને સહન કરવું પડે તે યોગ્ય નહિ.' તેવો તેમનો દૃઢ જવાબ હતો. રાજીનામું આપ્યા પછી પણ તે આજ સુધી એવો ને એવો સંબંધ રાખે છે. જાણે કશું બન્યું જ નથી. કેટલાક લોકો સંબંધ હોય ત્યારે અનુકૂળ થઈને વાણી-વ્યવહાર કરે પણ સંબંધ છૂટી જાય ત્યારે તરત જ વિરોધી બનીને નિંદક બની જાય. આવા લોકોને ખાનદાન ન કહેવાય.

સંબંધ બાંધતી વખતે ત્રણ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ: 1. માણસના પેટમાં વાત ટકે છે કે નહિ? 2. પ્રત્યક્ષમાં પ્રશંસા અને પાછળ નિંદા કરે છે કે કેમ? 3. અપેક્ષાઓ પૂરી ન થવાથી અથવા કોઈ પણ કારણસર સંબંધ છૂટે કે તૂટે તો છેક નીચી પાયરીએ પહોંચીને વિરોધી કે નિંદક તો નથી થઈ જતો ને?

જે માણસના પેટમાં વાત ન ટકે તેને કદી પણ મિત્ર બનાવવો નહિ. તે છીછરો માણસ છે અને ગમે ત્યારે મુશ્કેલી ઊભી કરશે. તેને દૂર રાખવો કે પછી તેનાથી દૂર રહેવું.

જે માણસ પ્રત્યક્ષમાં ખૂબ વધારી-વધારીને તમારાં વખાણ કરે તેનાથી સાવધાન રહેવું, કારણ કે આવા માણસો પાછળથી નિંદા કરતા હોય છે અથવા નિંદા સાંભળતા હોય છે. જે લોકો પોતે તો નિંદા નથી કરતા, પણ કોઈ કરતું હોય તો રસપૂર્વક કાન દઈને સાંભળે છે, વચ્ચે વચ્ચે હાકારો પણ ભણે છે—આવા લોકોને પણ મિત્ર ન બનાવવા. તે અધૂરા અને અવિશ્વસનીય છે. પણ જે લોકો પ્રત્યક્ષમાં બહુ વધારીને વખાણ કરતા નથી પણ તમારી પાછળ કોઈ નિંદા કરે તો તે નિંદાને સાંભળી શકતા પણ નથી. તરત જ તેનો વિરોધ કરે છે. આવા માણસો ખરેખર સાચા મિત્ર કહી શકાય. તે દુર્લભ છે.

જે લોકો સંબંધ છૂટ્યા કે તૂટ્યા પછી તરત જ વિરોધી થઈને નિંદક થઈ જાય છે તે, હલકા કુળના હલકા માણસો છે. તે પાન ચાવીને કોલસા ખાય છે. વિષ્ટાની માફક તેમનો ત્યાગ કરવો કે દૂર રહેવું. પણ જે સંબંધ તૂટ્યા પછી પણ પૂરેપૂરો નિભાવ કરે, લાગણી રાખે, સદ્‌ભાવ રાખે તે ખાનદાન માણસ કહી શકાય. આવા માણસોનો સંબંધ કદી દુઃખદાયી થતો નથી.

શ્રી સી.પી. આવા માણસ છે. તેઓ ટ્રસ્ટી હતા ત્યારે અને આજે નથી ત્યારે પણ તેમનો વ્યવહાર એકસરખો રહ્યો છે. તેમનાં ધર્મપત્ની નીરુબહેનનો તેમને હંમેશાં પૂરેપૂરો સાથ રહે છે. સી.પી.ને કારનો ઘણો શોખ છે. તે ખરીદવા-વેચવામાં તેમણે ઘણા પૈસા વેરી નાખ્યા છે. ન ગમતું હોવા છતાં પણ સૌ. નીરુબહેન પતિના પગલે પગલે ચાલીને તેમનું સમર્થન કરતાં રહે છે. હું મોટા ભાગે મારા પૈસાથી ખરીદાયેલી સેકન્ડહેન્ડ કાર વાપરું છું. સી.પી.નો વારંવાર આગ્રહ ખરો કે હું નવી કાર લાવી આપું. પણ મેં હંમેશાં તેમની ઓફરનો અસ્વીકાર કર્યો છે. જો હું હા પાડું તો તરત જ તેમની નવી કાર સોંપી દે. પણ મેં પ્રથમથી જ ધારણા બનાવી છે કે જૂની તો જૂની પણ પોતાના પૈસાની જ કાર વાપરવી. બને ત્યાં સુધી કોઈનું અહેસાન લેવું નહિ. પણ અહેસાન કરવાની એકે તક જતી કરવી નહિ.

આવા સી.પી. અને તેમના પરિવારે અમારા પ્રત્યે ઘણી સહાનુભૂતિ અને સદ્‌ભાવ રાખ્યો છે. તે બદલ ખૂબ-ખૂબ આભાર.

તા. 9-2-04

*

# 31. મયંકભાઈ પરીખ

જીવન ભાગ્યે જ આઘાત વિનાનું હોય છે. એ સુખ, દુઃખ વિનાનું હોતું નથી. જેને ઘણું સુખ હોય છે તેને આઘાત પણ ઘણો હોય છે. સુખ-દુઃખ વિનાનો કોઈ જીવંત માણસ હોતો જ નથી. સત્સંગ અથવા અધ્યાત્મનો અર્થ એટલો છે કે તમે આ બન્નેને કેટલું પચાવી શકો છો. પચાવવાનો અર્થ એ છે કે તમે વિચલિત તો થતા નથી ને? ઘણા લોકો એવો ભ્રમ ફેલાવે છે કે જ્ઞાનીને સુખ-દુઃખ હોતું જ નથી. આ તદ્દન ખોટી વાત છે. જેને પણ સંવેદના હોય તેને સુખ-દુઃખ હોય જ. હા, સંવેદના વિનાના જડ પદાર્થોને સુખ-દુઃખ ન હોય. માણસ જડ નથી, તેની પાસે ચેતના છે, સંવેદના છે. એટલે તેને સુખ-દુઃખની અનુભૂતિ થવાની જ. હું તો માત્ર આત્મા જ છું, શરીર નથી, સુખ-દુઃખ મને નથી પણ શરીરને છે, તેવો બકવાદ કરનારને ધગધગતો ડામ દઈ જુઓ—કેવી બૂમો પાડે છે! ભ્રાન્તદર્શન મનુષ્યને ભટકાવી મારે છે. સાચું દર્શન જ સાચા ઉપાયો કરાવે છે. થોડાંઘણાં દુઃખો તો માણસ માત્રને રહેતાં જ હોય છે, પણ કેટલીક વાર દુઃખોનો સમૂહ એકસાથે સમૂહમાં માણસ ઉપર તૂટી પડે છે ત્યારે તેનો આઘાત જીરવવો કઠિન થઈ જાય છે. મયંકભાઈ પરીખને આવું જ થયું.

ખંભાતમાં પરીખકુટુંબ એટલે ભદ્ર કુટુંબ. શ્રોફની પેઢી અને સંતોષથી જીવન જિવાય. પરંપરાથી પુષ્ટિમાર્ગી વૈષ્ણવધર્મનું પાલન થાય. ખંભાતના વૈષ્ણવમંદિરનો વહીવટ પણ કરે. રણછોડજીના મંદિરનો પણ વહીવટ કરે. મારે ખંભાતમાં ચાતુર્માસ્ય કરવાનો થયો અને ઘણા લોકોની સાથે શ્રી પરીખ પણ સંપર્કમાં આવ્યા. ધીરેધીરે અમારો પરિચય ગાઢ થયો. પરિચયો ક્ષણિક પણ હોય છે અને ચિરંજીવી પણ હોય છે. પરિચયો દુઃખદાયી થઈ શકે છે અને સુખદાયી પણ થઈ શકે છે. બન્ને પક્ષે કેવી અપેક્ષાઓ અને કેવો સ્વભાવ છે તે મહત્ત્વની વસ્તુ છે. મયંકભાઈને એક પુત્ર મોન્ટુ અને બે દીકરીઓ. પત્ની મીરાંબહેન સુંદર શ્લોકો અને ભજન ગાય. સમયની સાથે મોન્ટુ મોટો થયો. તેને વડોદરા ભણવા માટે મોકલ્યો. તેને રહેવા માટે મકાન પણ લીધું. માતા-પિતાને બહુ મોટી આશા આ દીકરા ઉપર, એટલે તેને કશી વાતની કચાશ ન રહી જાય તેની પૂરી કાળજી રાખી. મોન્ટુ વડોદરામાં ભણે. રજાઓમાં ખંભાત આવજા કરે. પરીખકુટુંબ આનંદમાં દિવસો વ્યતીત કરે. તેવામાં એક દિવસે સમાચાર આવ્યા કે મોન્ટુ ટ્રક નીચે આવી જવાથી મૃત્યુ પામ્યો છે. પરીખ પરિવાર ઉપર તો જાણે આભ તૂટી પડ્યું. મયંકભાઈ અને મીરાંબહેન બન્નેની સ્થિતિ તો સાવ નાજુક થઈ ગઈ. તે બન્ને ભાંગી પડ્યાં. અરેરે, ભગવાન, તેં આ શું કર્યું? બન્નેના આઘાતની કોઈ સીમા નહિ.

તે દિવસોમાં હું દોડતો પહોંચી ગયો અને મોન્ટુના શબ આગળ ધ્રુસકેને ધ્રુસકે રડી પડ્યો. મોન્ટુ બહુ સુંદર અને ડાહ્યો છોકરો હતો. મારાથી પણ નિયંત્રણ કરી શકાયું નહિ. આશ્વાસન આપીને હું પાછો દંતાલી આવ્યો. પણ મને થયું કે આ દંપતીને હજી વધુ આશ્વાસનની જરૂર છે. કેટલાય દિવસો સુધી હું રોજ સાંજે ખંભાત જાઉં અને બન્નેને આશ્વાસન આપું. બન્ને આમ તો ખૂબ સત્સંગી એટલે પોતાની જાત ઉપર નિયંત્રણ કરી શક્યાં, મોન્ટુના જવાથી મયંકભાઈને જીવન પ્રત્યેનો ઉત્સાહ તૂટી પડ્યો. "કોના માટે ધમાલ કરવાની?" ધંધા પ્રત્યે થોડી ઉદાસીનતા આવી ગઈ. માનસિક આઘાતવાળા માણસને નવરો ન રખાય. તેનું મન કોઈ ને કોઈ કામમાં પરોવાયેલું રહે તો આઘાતની અસર ઓછી રહે.

મને મારાં પુસ્તકોની રોયલ્ટી મળે. તેનો ઇન્કમટેક્ષ ભરવાનો થાય. મને કશી સૂઝબૂઝ પણ નહિ અને કશો રસ પણ નહિ. મેં આ કામ મયંકભાઈને સોંપ્યું. તેમણે હોંશે હોંશે આ કામ ઉપાડ્યું. મહિનામાં બે એક વાર દંતાલી આવે. બધા ચોપડા લખે અને નિયમિત રીતે ટેક્ષ ભરી દે. કેટલાંય વર્ષોથી આ કામ મયંકભાઈ કરી રહ્યા છે. ખંભાતથી પોતાની ગાડી ચલાવીને આવે. પેટ્રોલ પોતાનું પુરાવે. કદી પણ કશા ખર્ચની અપેક્ષા ન રાખે. એટલું જ નહિ, જેટલી વાર આવે તેટલી વાર મીઠાઈનું બોક્સ પણ લઈ આવે. કલાકો સુધી બેસીને બધાં વાઉચરો ઠીક કરે. વકીલોની સલાહ લે અને બધું ક્લીયર કરે. કેટલાક સમયથી તેમની આંખે તકલીફ થઈ છે. એક તરફનું વિઝન ચાલ્યું ગયું છે. તે તરફથી કોઈ આવતું હોય તો દેખાય નહિ. મેં દબાણ કરીને ડ્રાઇવિંગ બંધ કરાવડાવ્યું. તો કોઈને ડ્રાઇવર તરીકે લઈને આવે. કોઈ ન મળે તો પોતે બસમાં આવે. પણ કામ તો સમયસર પતાવે જ. કોઈ કોઈ વાર મીરાંબહેન પણ સાથે આવે. મીરાંબહેન સુંદર ગાય તો ખરાં પણ સાથે સાથે રસોઈ પણ સુંદર બનાવે. તેમની ભાખરી એટલે દડા ને દડા જોઈ લ્યો. મયંકભાઈ વૈષ્ણવ ખરા પણ વેવલાપણું

નહિ. ઘણી વાર મને કહે કે “તમે ન મળ્યા હોત તો અમે કેવાંય વેવલાપણાં કાઢતાં હોત.”

કશી અપેક્ષા વિના ઘરના ખર્ચે વર્ષોથી મારી ચોપડા-સેવા બજાવનાર મયંકભાઈનો ખૂબ ખૂબ આભાર.

તા. 10-1-04

*

# 32. લક્ષ્મી-નારાયણ

સંતોષથી મહાસુખ થઈ શકે છે, જો તે સાચી જગ્યાએ હોય. સાચી જગ્યા એટલા માટે કે જો તે ખોટી જગ્યાએ હોય તો સંતોષથી વિકાસ પણ અટકી શકે છે. પુરુષાર્થ અને સંતોષને પરસ્પરમાં વિરોધી બનાવવાં ન જોઈએ. સંતોષના કારણે જો પુરુષાર્થ અટકી જાય તો તે જીવનવિકાસને અટકાવી શકે છે. પણ જ્યાં હવે પુરુષાર્થ શક્ય જ નથી ત્યાં સંતોષ કરવાથી અશાંતિ ટળે છે અને શાંતિ મળે છે. અશાંતિ, અપ્રાપ્તિની પણ હોય છે. જે સૌને કે ઘણાને મળ્યું છે, તે મને પણ મળવું જોઈએ, તેવી તૃષ્ણા માનવસહજ સૌમાં રહેતી હોય છે. આવી તૃષ્ણા જ્યારે પૂરી ન થાય ત્યારે બધાની વચ્ચે તેને ઓછાપણું અધૂરાપણું લાગે, જે પીડા આપે અને અશાંતિ જગાવે. 'સૌના કરતાં મને વધારે મળ્યું છે' તેવી પ્રાપ્તિ માણસને ઘમંડી પણ બનાવી શકે છે, જો તેને પચાવતાં ન આવડે તો. જે કાંઈ ઓછું મળ્યું છે તેના બે ભાગ છેઃ પુરુષાર્થના ક્ષેત્રમાં પાછળ રહી જવાયું છે અને કુદરતી ક્ષેત્રમાં પાછળ રહી જવાયું છે. પુરુષાર્થ કરવા છતાં પણ પ્રાપ્તિ થતી નથી અને પાછળ રહી જવાય છે, તેની અશાંતિ ફરીફરીને પુરુષાર્થ કરવાથી તથા પોતાની સીમામર્યાદા સમજી લેવાથી તથા સ્વીકારી લેવાથી કદાચ દૂર થઈ શકે. પણ જે કુદરતી અપ્રાપ્તિ છે, તેમાં પુરુષાર્થ બહુ કામમાં ન આવે.

માનો કે તમને સૌંદર્ય મળ્યું નથી. માનો કે તમને સારો કંઠ મળ્યો નથી. માનો કે તમને ઊંચાઈ મળી નથી. આવી બધી અનેક અપ્રાપ્તિઓ, પુરુષાર્થના દ્વારા દૂર કરી શકાતી નથી. તેમાં સંતોષ માનીને જ શાંતિ મેળવી શકાય છે. મને એક વાર પ્રસિદ્ધ સંગીતકાર આનંદજી મળ્યા. તેમની ઊંચાઈ ઓછી. એટલે મનમાં તેમને વસવસો રહ્યા કરે. "હું ઠીંગણો છું" તેવું ભાન સતત ડંખ માર્યા કરે. તેમના પિતાશ્રીએ તેમને કહ્યું કે, "આનંદ! તું એમ માન કે હું કેટલો ભાગ્યશાળી છું કે કોઈની સાથે વાત કરતી વખતે ઊંચું જોઈને વાત કરી શકું છું. નીચું જોઈને વાત કરવી પડતી નથી." પિતાશ્રીના આ વાક્યે મારું દુઃખ દૂર કરી દીધું. જે કુદરતી અપ્રાપ્તિ છે તેમાં સંતોષ કરીને જ શાંતિ મેળવી શકાય.

આવું જ સંતાનની અપ્રાપ્તિનું પણ છે. કુદરતે કાંઈક એવી વ્યવસ્થા કરી છે કે નર-માદાના સંયોગથી સંતાન થાય, પરંપરા ચાલુ રહે. પણ કુદરતી વ્યવસ્થામાં પણ કોઈ કોઈ જગ્યાએ અપવાદ હોય છે. કોઈને સંતાન નથી પણ થતાં હોતાં. પછી તે પુરુષના કારણે હોય કે સ્ત્રીના કારણે, પણ નથી જ થતાં. લાખ ઉપાયો કરવા છતાં પણ સંતાન ન થાય તો જીવનભર દુઃખી થઈને નિસાસા નાખતાં નાખતાં જીવતાં રહેવું પડે. કેટલાંક તો આત્મહત્યા પણ કરી બેસે. પણ કોઈ કોઈ એવાં સમજુ હોય કે સંતોષ માની લે. ભક્તિમાર્ગમાં "પ્રભુની મરજી" મહાઆશ્વાસન છે. પ્રભુની આવી મરજી હશે તેવું કહીને, મન મનાવી લે. કેટલાંકને તો સંતાન ન હોવામાં પ્રભુની કૃપા જ દેખાય. મારી પાસેથી તે કાંઈ બીજું જ કામ લેવા માગે છે, એટલે તેણે સંતાન નથી આપ્યાં. આવાં લોકો સંતાન અપ્રાપ્તિમાં પણ જીવન ધન્ય બનાવી શકતાં હોય છે.

મારા આશ્રમમાં શંકરભાઈ અમીન રહે. મારા નજીકના જ રૂમમાં રહે. મારે અને તેમને જૂનો પરિચય. તેમનાં ધર્મપત્ની રામબાબહેન બહુ સ્થિરવૃત્તિથી મહાત્માના જેવું જીવન જીવેલાં અને તેવું જ અવસાન પામેલાં. શંકરભાઈ વિધુર થયા. પણ ભક્તિભાવ ખૂબ કરે. સવારે ત્રણ-ચાર કલાક પાઠ-પૂજા કર્યા કરે. મારો અનુભવ છે કે મંત્રજાપ અને પાઠપૂજાથી માણસની વૃત્તિઓ નિર્મળ બને છે. તેને શાંતિ મળે છે. એક વાર શંકરભાઈએ કહ્યું કે, "મારી દીકરી લક્ષ્મી છે અને જમાઈ નારણદાસ છે. બન્ને પ્રૌઢ ઉંમરનાં છે, કાંઈ સંતાન નથી. બન્ને ભક્તિ તરફ વળી ગયાં છે. અહીં આપણા આશ્રમમાં રસોડામાં બહુ ઉપયોગી થઈ શકે તેમ છે. તેમને અહીં લાવું?" મેં કહ્યું કે "ખુશીથી લાવો, આપણે જરૂર છે જ." આ રીતે લક્ષ્મીબહેન અને નારણદાસજીની જોડી આશ્રમમાં આવી. લક્ષ્મીબહેને રસોડું સંભાળ્યું અને નારણદાસે પરચૂરણ કામ સંભાળ્યું. લગભગ આઠેક વર્ષ સુધી બન્ને આશ્રમમાં રહ્યાં. નારણદાસ શાકભાજી લેવા જાય તો કદી ઓગણીશ રૂપિયાથી વધુ શાક ન લાવે. એક વાર મેં કારણ પૂછ્યું તો કહે કે "વીસ રૂપિયા થાય તો ટિકિટ ચોડવી પડે." આવા કરકસરવાળા નારણદાસ થોડા ઉગ્ર સ્વભાવના ખરા. જો ફાનસ ભભક્યું તો પછી ખલાસ. મનના સાવ ચોખ્ખા, પણ ઉગ્રતા જબરી. મને ઘણી વાર થાય કે લક્ષ્મીબહેને કેવી રીતે જીવન પાર કર્યું હશે? એક જ જવાબ હતો કે, અનહદ સહનશક્તિથી.

લગ્નના પ્રારંભિક તબક્કામાં લક્ષ્મીબહેનને ઘણું સહન કરવું પડ્યું હતું, પણ બધું સહન કરીને પણ તેમણે ઘર વસાવ્યું હતું. નારણદાસ ઉગ્ર તો ખરા પણ પ્રેમાળ પણ એટલા જ. લક્ષ્મીબહેન વિના રહી ન શકે. જો કોઈ વાર લક્ષ્મીબહેન બેચાર દિવસ બહાર જાય તો બીજા કોઈનું રાંધેલું ખાય નહિ. ભૂખ્યા રહે. એટલે લક્ષ્મીબહેન તરત જ દોડતાં પાછાં આવી જાય. અમારા કોઈનાથી નારણદાસના વિરુદ્ધમાં મજાકમાં પણ કશું બોલી શકાય નહિ. જરાય સહન ન કરે. "મને જે કહેવું હોય તે કહો, પણ મારા પતિને કશું કહેશો નહિ"— એવો જવાબ. અમે તેમની પતિભક્તિ જોઈને ધન્ય ધન્ય થઈએ. એક વાર મેં નારણદાસને કહ્યું કે "તમે કેટલાં પુણ્ય કર્યાં હશે ત્યારે આવી પત્ની મળી હશે!" તો, નારણદાસે તરત જ જવાબ આપ્યો કે "ના...ના... તેણે તપ કર્યાં હશે તો હું મળ્યો." બન્નેના રૂપમાં જરાય મેળ નહિ. લક્ષ્મીબહેન રૂપાળાં, પણ નારણદાસ ઠીક હવે, વળી પાછા કપડાંનું પૂરું ધ્યાન ન રાખે, લઘર-વઘર પહેરે. એક વાર અમે યાત્રાએ ગયેલાં તો ધર્મશાળાના મેનેજરે લક્ષ્મીબહેનને શેઠાણી માની લીધાં અને નારણદાસને સેવક માની લીધા! તે બોલ્યો કે "બાઈજી, આપકે નૌકર કો કહો કે યે સામાન ઉઠા લે જાય" આવી ગેરસમજ થઈ જાય, પણ લક્ષ્મીબહેનને કદી પણ પતિ પ્રત્યે કશો અસંતોષ ન દેખાય.

સજોડાં હોય અને પ્રેમ હોય તે તો બની શકે પણ રૂપગુણ, વિદ્યા વગેરે બધામાં 36નો આંકડો હોય છતાં અપાર પ્રેમ હોય ત્યારે માથું નમાવવાની ઇચ્છા થઈ જાય. શંકરભાઈએ લક્ષ્મીબહેનનાં બે નામ પાડેલાં. એક તો ફોજદાર અને બે ગાંડાલાલ. ફોજદાર એટલા માટે કે બધાંને દબડાવતાં રહે. શંકરભાઈને પણ જરૂર પડે ત્યારે દબડાવે. ગાંડાલાલ એટલા માટે કે ઘણી વાર પરિણામનું ભાન રાખ્યા વિના કામ કરી બેસે. આવાં લક્ષ્મીબહેન તથા નારણદાસે આઠ વર્ષ સુધી મારા આશ્રમમાં રસોડું સંભાળ્યું અને ખૂબ સેવા કરી. હવે તો બન્ને વૃદ્ધાવસ્થા ભોગવી રહ્યાં છે. પણ હજી પણ બન્નેનો પ્રેમ અને મેળ ઈર્ષ્યા કરાવે તેવો દેખાય. જ્યાં જાય ત્યાં બન્ને સાથે ને સાથે હોય. હૃષીકેશ, હરદ્વાર વગેરે તીર્થોમાં ખૂબ ફરે. આવાં લક્ષ્મીબહેન, નારણદાસ અને શંકરભાઈનો ખૂબ ખૂબ આભાર.

તા. 11-1-04

*

# 33. કાળિદાસ 'મહાકવિ'

બધા લોકો નિવૃત્તિનું સુખ ભોગવી શકતા નથી, કેટલાક લોકો તો "જીવે ત્યાં સુધી સીવે" જેવું જીવન જીવતા હોય છે. કેટલાક લોકો નિવૃત્ત તો થાય, પણ નિવૃત્તિનો સદુપયોગ ન કરી શકે. નકામા બેસી રહેવાનો અર્થ નિવૃત્તિ ન કહેવાય. પ્રવૃત્તિ એટલે પેટ અને સ્વજનો માટે કાર્ય કરવું તે. નિવૃત્તિ એટલે "સમાજ અને માનવતા માટે નિષ્કામ ભાવે કામ કરવું તે." બહુ થોડા લોકો આવી સમાજહિતકારી નિવૃત્તિ ભોગવી શકતા હોય છે. શ્રી કાળિદાસ પટેલ જેમને હું 'મહાકવિ'ના હુલામણા નામે બોલાવું છું. (જોકે તેમણે એક દોહરો પણ રચ્યો નથી) તે ખાદી ગ્રામોદ્યોગ સંસ્થામાંથી વયના કારણે નિવૃત્ત થયા. હવે કરવું શું? કર્મઠ જીવ. કામ વિના ગમે નહિ. તેવામાં અમારો આશ્રમ કોબા પાસે શરૂ થયો. શ્રી રવીન્દ્રભાઈ અને શ્રી રમણભાઈના સંપર્કમાં 'મહાકવિ' આવ્યા અને તેઓ તેમને આશ્રમમાં લઈ આવ્યા. તેમણે કાર્યાલય સંભાળવાની સેવા ઉઠાવી.

અમદાવાદથી સવારે સ્કૂટર ઉપર ઘરનું પેટ્રોલ બાળીને આવે. આખો દિવસ કામ કરે. હિસાબ-કિતાબ રાખે. બૅન્કનું કામ કરે, આવ્યા-ગયાની સાથે વાતચીત કરે. અને છેક સાંજે પાછા ઘરે જાય. વર્ષોથી તેમની આવી પ્રક્રિયા રહી છે. છેલ્લા કેટલાક સમયથી તેમને કંપવા થયો છે. હાથ ધ્રૂજ્યા કરે છે. ઓપરેશન કરાવવું જરૂરી થઈ ગયું. ઓપરેશન કરાવ્યું પણ ખરું. અમે નક્કી કર્યું, ઓપરેશનનો બધો ખર્ચ સંસ્થા આપે. તેમની આર્થિક સ્થિતિ બહુ સારી ન ગણાય. પેન્શન મળતું નથી, કેસ ચાલે છે. કદાચ જિતાય, કદાચ ન પણ જિતાય. બન્ને દીકરાઓ નાનો-મોટો ધંધો કરે છે પણ તે કાંઈ શ્રીમંત ન કહેવાય. વર્ષોથી વગરવેતને 'મહાકવિ' આશ્રમની સેવા કરે છે એટલે ઓપરેશનખર્ચ સંસ્થા ઉપાડે તે યોગ્ય જ કહેવાય પણ અનેક વાર પ્રયત્ન કરવા છતાં 'મહાકવિ'એ ઓપરેશનના પૈસા ન લીધા તે ન જ લીધા. આ ખરો ત્યાગ કહેવાય. એક રીતે ઓપરેશનના પૈસા લેવા તે તેમનો હક્ક કહેવાય, કાંઈ દાનપુણ્ય ન કહેવાય. તોપણ તેમણે અસ્વીકાર કર્યો. હવે કંપવાના કારણે સ્કૂટર બંધ કરી દેવું પડ્યું છે. બસમાં પોતાના ખર્ચે આવ-જા કરે છે. શ્રી ભાઈલાલભાઈ અમીન પણ સાથે જ કાર્યાલયમાં કામ કરે છે. તેમનાં ધર્મપત્ની પાનીબહેનના દેવ થયા પછી તે વિધુર થયા હતા અને પછી તેમણે દીકરાઓના બંગલામાં રહેવા કરતાં આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું છે.

'મહાકવિ' જીવનભર ગાંધીવાદી કાર્યકર્તા રહ્યા છે, એટલે સેવાના રંગે રંગાયેલા છે. આવા 'મહાકવિ'નો જેટલો આભાર માનીએ તેટલો થોડો કહેવાય.

તા. 11-1-04

*